પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૯-૦૩-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ



ચૈત્રી નવરાત્રીનો આરંભ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૮૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# કતારમાં વિશ્વના સૌથી મોટા ગેસ પ્લાન્ટ પર ઈરાન ત્રાટક્યું

## અમેરિકા ઈઝરાયેલના હુમલા સામે હવે ઈરાન મરણયું: કતારના એલએનજીના પુરા પ્લાંટમાં વિસ્ફોટ- આગજની : રાસ લફાન ઔદ્યોગીક શહેર નિશાન બન્યું

**નવી દિલ્હી, તા. ૧૯**

અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હુમલાનો સામનો કરી રહેલા અને એક પછી એક ટોચના નેતૃત્વને ગુમાવી રહેલા ઈરાને હવે આ યુદ્ધને સૌથી ખતરનાક તબકકામાં લઈ જતા પાડોશી કતારના દુનિયાના સૌથી મોટા એલએનજી પ્લોટ પર એક બાદ એક શક્તિશાળી ગેસ પ્લાંટ ઉપરાંત સાઉદી સહિતના ઓઈલ મથકો પર ભારે હુમલો કરતા આરબ રાષ્ટ્રો ખળભળી ઉઠયા છે અને હવે તેઓ પણ ઈરાન સામેના જંગમાં જોડાય તો આ યુદ્ધ મહાભયંકર કક્ષાએ પહોંચે તેવી ધારણા છે.

તો બીજી તરફ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ એલ.એન.જી. પ્લાંટ સહિત ગલ્ફના દેશોના મહત્વના મથકો પર ઈરાનના વધી રહેલા ભીષણ હુમલા સામે ચેતવણી આપી છે કે અમોએ ઈરાન પર ૭૮૦૦ હુમલા કરીને તેને લગભગ ખત્મ કર્યુ છે પણ હવે બાકી બચેલા ઈરાનનો પણ ખુરદો બોલાવી દેશે.

ઈરાને આ એલએનજી પ્લાંટ પર હુમલો કરતા હવે વિશ્વમાં એલએનજી સહિતના ગેસનું સંકટ વધે તેવો ભય છે. અગાઉ ઈઝરાયેલે એક હુમલામાં ઈરાનના સાઉથ પાસે ગેસ ફિલ્ડને નિશાન બનાવી હુમલો કરતા ઈરાને અગાઉ આપેલી ચેતવણી મુજબ તેણે ગલ્ફના દેશોના ક્રુડ ઓઈલ ગેસ મથકોને નિશાન બનાવી ને આક્રમણનો નવો દૌર શરુ કર્યો છે.

ગઈકાલે રાત્રીના કતારમાં સૌથી મહત્વના ગણાતા રસ લાફાન ઈન્ડસ્ટ્રીયલ સીટી પર



ભારે મિસાઈલ હુમલો કર્યો હતો. આ દુનિયાનું સૌથી મોટું કુદરતી ગેસ (એલએનજી) નિકાસ પ્લાંટ આવેલા છે અને દુનિયાના એલપીજીનો ૨૦% હીસ્સો આ ક્ષેત્ર પુરો પાડે છે.

કતારના અધિકારીઓના જણાવ્યા મુજબ રાત્રીના એક બાદ એક ચાર મિસાઈલ આ પ્લાંટ પર દાગવામાં આવ્યા હતા તે ઈન્ટરસેપ્ટ કરીને હવામાંજ તોડી પડયા પણ પોતાનું મિસાઈલ સૌથી ખતરનાક એલએનજી ડેપો પર ખાબકતા જ પ્રચંડ ધડાકાઓની હારમાળા, આગજની શરૂ થઈ હતી અને એક બાદ એક એલએનજી ટર્મીનલ તેમાં હોમાતા જતા સમગ્ર પ્લાંટને ભારે નુકશાન પહોંચ્યુ છે. જો કે તમામ કર્મચારીઓને સલામત કરાયા છે પણ પ્લાંટ ઠપ્પ થઈ ગયો છે અને તમામ કામકાજ રોકી દેવાયુ છે.

કતારમાં પણ ગેસ ડીલીવરીમાં આફતી સ્થિતિ જાહેર થઈ છે. આ હુમલા બાદ વિશ્વના ક્રુડતેલ ગેસ- શેરબજારોમાં જબરો હાહાકાર મચી ગયો છે. આ હુમલાના કારણે એશિયાથી યુરોપ સુધી મોટી એલએનજી કટોકટી ઉભી થઈ શકે છે અને આ હુમલાના કારણે મધ્યપુર્વમાં ભડકાની સ્થિતિ વધુ ઉગ્ર બની છે.

અબુધાબીનો હબશાન ગેસ પ્લાંટ પણ એક મિસાઈલના કાટમાળ પડતા બંધ કરવાની ફરજ પડી છે તો કતારના પ્લાંટની આગ હજુ ભડકી રહી છે. અબુધાબી નેશનલ ઓઈલ કંપનીના હબશાન પ્લાંટ સૌથી મોટો ઓનશોર ગેસ પ્રોસેસીંગ પ્લાંટ છે. જેમાં ૬૦ અબજ ગેસ રોજ ઉત્પાદીત થાય છે અને પુરુ સાઉથ કોરિયા તેના પર નિર્ભર છે.

# કતારમાં ઈરાનના હુમલાથી ગેસ સપ્લાઈની ચેઈન ઠપ્પ

## યુદ્ધના કારણે ભારત પર વધુ માઠી અસર પડવાના સંકેત

**નવી દિલ્હી,** ઈરાન યુદ્ધના કારણે એલ.એન.જી. સંકટનો સામનો કરી રહેલા ભારત માટે હવે કતારના વિશાળ ગેસ સ્ટોરેજ મથક પર હુમલો અને તે બંધ થવાની ચિંતા વધી છે. કારણ કે તેનાથી હવે દુનિયાભરની સપ્લાય ચેઈન વધુ ખોરવાશે.ભારત અગાઉથી જ તેની આવશ્યકતાના ૪૦% એલએનજી આ ક્ષેત્રમાંથી મેળવે છે જે અગાઉથી જ ખોરવાયુ છે તે વચ્ચે રાસ લફાન પ્લાંટની સપ્લાય રોકાશે જેની હોર્મુજ જળમાર્ગથી ભારતને સપ્લાય થવાની જે શકયતા હતી તે પણ બંધ થઈ જશે.આ હુમલાથી અને તે પુર્વેની સ્થિતિની એલએનજીના બેચમાર્ક ભાવમાં ૩૦થી૪૦% નો ઉછાળો આવી ગયા છે. ભારતમાં સીએનજી અને એલપીજી અને એલપીજી માટે આ ગેસ મહત્વનો છે અને દુનિયાભરમાં હાલ આ ગેસની સપ્લાય ચેન તૂટી ગઈ છે.ઈરાને હવે ગલ્ફના દેશોમાં જે રીતે ઓઈલ-ગેસ મથકો પર હુમલા કરી રહ્યું છે તેથી ઉભી થયેલી કટોકટી વચ્ચે આરબ રાષ્ટ્રોની એક તાકીદની બેઠક રીયાધમાં શરૂ થઈ છે અને આ રાષ્ટ્રો હવે ઈરાન પર સીધુ આક્રમણ કરે તેવા સંકેત છે.કતારે ઈરાનના તમામ દૂતાવાસ અધિકારી કર્મચારીઓને અનિચ્છનીય જાહેર કરી ૨૪ કલાકમાં કતાર છોડવા આદેશ આપ્યો છે. કતારે જાહેર કર્યુ કે ઈરાને તમામ હદ વટાવી દીધી છે અને ઈરાન સામે હવે પગલા લેવાશે તો સાઉદી વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સઉદે પણ ચેતવણી આપતા કહ્યું કે ઈરાન પરનો ભરોસો તુટી ગયો છે.જો તહેરાન એમ સમજતુ હોય કે ગલ્ફના દેશો વળતો હુમલો કરી શકતા નથી તો તે ભુલ છે. બીજી તરફ આરબ રાષ્ટ્રોની બેઠકમાં સાઉદી અરેબીયાએ હવે ઈરાન સામે લશ્કરી પગલાની શકયતા નકારી નથી. વિદેશ મંત્રીએ જણાવ્યું કે અમો આક્રમણ કરી પાડોશી દેશને દબાણમાં લાવીશું.

# સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ પર હવે હુમલા કરાશે નહીં : ટ્રમ્પ

### હુમલા અંગે ટ્રમ્પે ઈઝરાયેલને દોષિત ગણાવ્યું

નવી દિલ્હી, તા. ૧૯

વોશિંગ્ટનઃ કતારના સૌથી મોટા ગેસ મથક પર ઈરાનના હુમલો કરવા માટે ઈરાન પાસે કારણ હતું. આ દેશના વિશાળ સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ પર હુમલો થતા આ બદલો લેવાયો છે પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના આ સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ પર અમેરિકાએ હુમલો કર્યો નથી તેવું જાહેર કરી આ માટે ઈઝરાયેલને દોષીત ગણાવી ઈઝરાયેલને આ પ્રકારના હુમલાથી દુર રહેવા ચેતવણી આપી છે.ટ્રમ્પે જણાવ્યું કે, ઈઝરાયેલે અમારી જાણ બહાર આ હુમલો કર્યો છે. ટ્રમ્પે કહ્યું કે હું હીસા-વિનાશના આ સ્તરને માન્ય રાખતો નથી. કારણ કે તેનાથી ઈરાન પર લાંબાગાળાની અસર થશે. ટ્રમ્પે ચેતવણી આપી કે હવે ઈરાને જો આ પ્રકારે ક્રુડ ઓઈલ, ગેસ મથકો પર હુમલો કરશે તો પછી અમો ઈરાનને તબાહ કરવામાં સંકોચ રાખીશું નહી.

# અયોધ્યા રામ મંદિરમાં શ્રી રામ યંત્ર સ્થાપિત કરતા રાષ્ટ્રપતિ મુર્મુ

### રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ રામલલ્લાના દર્શન કર્યા અને તમિલનાડુથી લાવવામાં આવેલા શ્રી રામ યંત્રની પૂજા કરી



અયોધ્યા, તા. ૧૯

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવરાત્રીના પહેલા દિવસે અયોધ્યાના રામ મંદિર પહોંચ્યા હતા. તેમણે રામલલ્લાના દર્શન કર્યા હતા અને પછી બીજા માળે રામ દરબારમાં શ્રી રામ યંત્ર સ્થાપિત કર્યું હતું. તે પહેલાં, તેમણે રામ મંદિર સંકુલની મુલાકાત લીધી હતી.

અયોધ્યામાં રાજયપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહર્ષિ વાલ્મીકિ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રાષ્ટ્રપતિ નું સ્વાગત કર્યું. બંને નાયબ મુખ્યમંત્રીઓ, કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક પણ હાજર હતા. ત્યાંથી, રાષ્ટ્રપતિ સીધા રામ મંદિર જશે, જ્યાં તેઓ ભગવાન રામના દર્શન કરશે.

રાષ્ટ્રપતિ શ્રીરામ યંત્રાની સ્થાપનાના પૂજન કાર્યક્રમમાં પણ ભાગ લીધો. અયોધ્યામાં લગભગ ૫ કલાક રોકાયા બાદ તેઓ બપોરે ૩ વાગ્યે મથુરા જવા માટે રવાના થશે. મથુરામાં રાષ્ટ્રપતિ ઈસ્કોન અને પ્રેમ મંદિરમાં દર્શન કરશે. શુક્રવારે એટલે કે ૨૦ માર્ચે તેઓ પ્રેમાનંદ મહારાજને મળશે.

રામલલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠા પછી રાષ્ટ્રપતિનો આ બીજો અયોધ્યા પ્રવાસ છે. આ પહેલા તેઓ ૧ મે ૨૦૨૪ના રોજ અયોધ્યા આવ્યા હતા, ત્યારે તેમણે હનુમાનગઢી અને રામ મંદિરમાં દર્શન-પૂજન કર્યું હતું.

રામ યંત્રને કાંચીપુરમ (તમિલનાડુ) સ્થિત મઠમાં તૈયાર કરવામાં આવ્યું. ત્યારબાદ તેને કાંચીપુરમથી તિરુપતિ (આંધ્ર પ્રદેશ) લાવવામાં આવ્યું. પછી રથયાત્રા દ્વારા ૧૦ દિવસ પહેલા તેને અયોધ્યા પહોંચાડવામાં આવ્યું. રામ યંત્રનું વજન ૧૫૦ કિલો છે. તેના પર સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો છે.

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સચિવ ચંપત રાયે જણાવ્યું હતું કે આજે પરિસરમાં મોબાઈલ ફોન લઈ જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સુરક્ષા ગાર્ડ વિના

અનુસંધાન પાના ૭ પર

# યુદ્ધ વધુ ઘાતક બનતા બજારમાં ગભરાટ : સેન્સેક્સ ૨૦૦૦ અંક તૂટયો

### શરૂઆતથી જ બજારમાં આક્રમક વેચવાલી નિકળતા તમામ ક્ષેત્રોના શેરોમાં ગાબડા

નવી દિલ્હી, તા. ૧૯

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચેનું યુધ્ધ વધુ વિનાશક બનવા સાથે તેલ-ગેસના ભંડારા પર ભીષણ હુમલા થતાં નાણાં બજારોમાં મોટી ઉથલપાથલ સર્જાઇ હતી. ભારતીય શેરબજારમાં ૨૦૦૦ પોઈન્ટનો કડાકો સર્જાયો હતો. ક્રુડ તેલ ૧૧૨ ડોલર પર પહોંચ્યું હતું જ્યારે રૂપિયો ૯૨.૬૩ના નવા તળીયે ધસી આવ્યો હતો.

શેરબજારમાં આજે શરૂઆત જ ગેપડાઉન રહી હતી. ઈરાન યુધ્ધ વધુ ભીષણ અને પ્રચંડ બની ગયું હોવાના અને વિશ્વના સૌથી મોટા ગેસ પ્લાન્ટ પર હુમલો થયાના રીપોર્ટને પગલે ગભરાટનો માહોલ સર્જાયો હતો.વેચવાલીનો પ્રચંડ મારો



નીકળતા માર્કેટ ધડાધડ નીચે ઉતરવા લાગ્યું હતું. આવતા દિવસોમાં યુધ્ધ વધુ ખતરનાક બનવાના અને અણુ યુધ્ધ તરફ આગળ વધવાની આશંકાના કારણે ગભરાટ વકર્યો હતો. વિદેશી નાણાં સંસ્થાઓએ શેરો ફુકવાનું ચાલુ રાખ્યાના રિપોર્ટનો પણ ખચકાટ રહ્યો હતો.જાણીતા શેરબ્રોકરોએ એમ જણાવ્યું હતું કે માર્કેટમાં છેલ્લા ત્રણ દિવસમાં તેજી જોવા મળી હતી તે આજે એક જ દિવસમાં ધોવાઇ ગઇ હતી. ઈરાન યુધ્ધનો ખતરનાક વળાંક આવ્યો હોવા ઉપરાંત અમેરિકાના વોશિંગ્ટનમાં પણ શંકાસ્પદ ડ્રોન દેખાવા સાથે સંરક્ષણ સહિતના મંત્રીઓને સુરક્ષીત સ્થાનોએ ખસેડી દેવામાં આવ્યાના

અનુસંધાન પાના ૭ પર

# ઈરાનમાં પોલીસની હત્યાના આરોપમાં 3ને ફાંસીની સજા

**નવી દિલ્હી, તા. ૧૯**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે ૨૦મો દિવસ છે. ઈરાનમાં ૩ લોકોને ફાંસી આપી દેવામાં આવી છે. આ લોકો પર જાન્યુઆરીમાં થયેલા સરકાર વિરોધી પ્રદર્શનો દરમિયાન પોલીસકર્મીઓની હત્યા કરવાનો આરોપ હતો.

રિપોર્ટ અનુસાર, આ લોકોને બે પોલીસ અધિકારીઓની હત્યાના દોષી ઠેરવવામાં આવ્યા હતા, ત્યારબાદ અદાલતે તેમને મૃત્યુદંડની સજા સંભળાવી હતી.

બીજી તરફ, કતારે મોટું પગલું ભરતા ઈરાનના કેટલાક મિલિટરી અને સિક્યુરિટી અધિકારીઓને "અનિચ્છનીય વ્યક્તિ" (Persona Non Grata) જાહેર કર્યા છે અને તેમને ૨૪ કલાકની અંદર દેશ છોડવાનો આદેશ આપ્યો છે.

આ નિર્ણય કતારના સૌથી મોટા ગેસ પ્લાન્ટ 'રાસ લફાન' પર ઈરાનના મિસાઈલ હુમલા

અનુસંધાન પાના ૭ પર




# આજનું ભારત એક મહત્વકાંક્ષી ભારત છે : મંત્રી અશ્વીની વૈષ્ણવ

## મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટમાં બાંધકામ ખર્ચ માટે વૈશ્વિક માપદંડ પ્રાપ્ત થયા

સુરત, તા.૧૯

રેલ્વે મંત્રાલયની ગ્રાન્ટ માંગણીઓ (૨૦૨૬-૨૭) પર સંસદીય ચર્ચાનો જવાબ આપતા, માનનીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આજનું ભારત એક મહત્વાકાંક્ષી ભારત છે - એક સમૃદ્ધ રાષ્ટ્ર જ્યાં દરેક નાગરિક તેના રેલ્વેના વિકાસની ઈચ્છા રાખે છે. મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટ અંગે અપડેટ્સ શેર કરતા, તેમણે નોંધ્યું કે બાંધકામ કાર્ય ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. પહેલીવાર, પ્રોજેક્ટના પ્રારંભિક તબક્કાથી જ બાંધકામ ખર્ચ અંગેના વૈશ્વિક માપદંડ સફળતાપૂર્વક પ્રાપ્ત થઈ રહ્યા છે. ગુજરાત રાજ્યમાં રેલવે પ્રોજેક્ટ્સ અંગે, તેમણે ગૃહને માહિતી આપી કે નવી દેશલપુર-હાજીપીર-લુણા અને વાયોર-લખપત લાઇન પર કામ હાલમાં પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટનું વ્યૂહાત્મક મહત્વ એ હકીકતમાં રહેલું છે કે તે કચ્છના રણ પ્રદેશને મહત્વપૂર્ણ જોડાણ પૂરું પાડશે. આજ સુધીમાં, ૩૦૦ કિલોમીટરથી વધુ વાયડક્ટ્સનું બાંધકામ અને ૪૩૫ કિલોમીટરના પાયાનું કામ પૂર્ણ થયું છે. ૪૨૬ કિલોમીટરના થાંભલાઓનું કામ પૂર્ણ થયું છે, સાથે જ ૩૩૮ કિલોમીટર ગર્ડર લોન્ચિંગ, ૧૬૮ કિલોમીટર ટ્રેક ઈન્સ્ટોલેશન અને ૧૪૬ કિલોમીટર ઓવરહેડ ઈક્વિપમેન્ટ ઈન્સ્ટોલેશન પૂર્ણ થયું છે. વાપી, બીલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો - જે મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટનો ભાગ છે - માટે બાંધકામ કાર્ય ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. તાપી, કીમ, નર્મદા, વિશ્વામિત્રી અને મહી સહિત ૧૭ નદીઓ પર પુલ બનાવવાનું કામ હાલમાં ચાલી રહ્યું છે. વધુમાં, ભારતની પ્રથમ અંડરસી રેલ ટનલ પર કામ ચાલુ છે, જેમાં નોંધપાત્ર પ્રગતિ થઈ ચૂકી છે. તેમણે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ૨૦૨૭ થી તબક્કાવાર શરૂ કરવાનું લક્ષ્ય છે, જેમાં ટ્રેનો ૩૫૦ કિમી/કલાકની ઝડપે દોડશે તેવી અપેક્ષા છે. આનાથી મુંબઈ અને અમદાવાદ વચ્ચેનો મુસાફરીનો સમય બે કલાકથી ઓછો થશે. મંત્રીએ એ પણ માહિતી આપી હતી કે સાત વધારાના હાઈ-સ્પીડ રેલ કોરિડોરની જાહેરાત કરવામાં આવી છે, જે આખરે ભારતના હાઈ-સ્પીડ નેટવર્કને આશરે ૪,૦૦૦ કિલોમીટર સુધી વિસ્તૃત કરશે.



# ખેરગામ ખાતે આદિજાતિ ૧૬૦ પશુપાલકોને રબરમેટનું વિતરણ

સુરત, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા પશુપાલકોને પગભર પર કરવા અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.સોમવારે ખેરગામ પશુ દવાખાના ખાતે નવસારી જિલ્લા પંચાયતના નાયબ પશુપાલન નિયામક ડો.એમ.સી.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ખેરગામ તાલુકાના પશુપાલકોને રબરમેટ નું વિતરણું કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા તાલુકા પશુ ચિકિત્સા અધિકારી ડો.જીતેન્દ્ર એમ.બાલવાની ખેરગામ તાલુકા પંચાયત ના પ્રમુખ રાજુભાઈ પટેલ,ખેરગામ તાલુકા ભાજપ પ્રમુખ લિતેશભાઈ ગાવિત, ભાજપ મહામંત્રી વિજયભાઈ રાઠોડ,ખેરગામ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ જીગ્નેશભાઈ પટેલ,ભાજપ અગ્રણી અનિલભાઈ પટેલ સહિતની ઉપસ્થિતિમાં ૧૬૦ જેટલા આદિજાતિ પશુપાલકોને રૂ.૩,૩૬,૦૦૦ના કિંમતના રબરમેટ નું વિતરણ કરવામાં આવતા પશુપાલકોના મોઢા ઉપર સ્મિત જોવા મળ્યું હતું.સાથે તેમણે ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો

# અદિતિ લેબ્સ દ્વારા ગુજરાતની સૌથી પહેલી એઆઇ લેબનો આરંભ થયો

## ૧૨ મહિનાના કોર્ષમાં વૈશ્વિક કક્ષાની તાલીમ આપવામાં આવશે




સુરત, તા.૧૯

એઆઈ પાવર ડિજિટલ એન્જિનિયરિંગ ક્ષેત્રની જાણીતી ટેક કન્સલ્ટિંગ કંપનીએ વડોદરામાં અદિતિ એઆઈ લેબનો આરંભ કર્યો હતો. અદિતિ લેબનો એઆઈ એપ્રેન્ટીસશીપ પ્રોગ્રામનો ૧૨ મહિનાનો કોર્સ આશાસ્પદ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ્સને ઉદ્યોગો માટે જરૂરી એવા એઆઈ પ્રોફેશનલ માં પરિવર્તિત કરવા ઘડાયો છે. આ પ્રોગ્રામમાં ભાગ લેનાર એ આઈ(AI)ના વાસ્તવિક વિશ્વની એઆઈ સિસ્ટમ્સ તૈયાર કરવાની પ્રત્યક્ષ તાલીમ મેળવશે અને તે ટેલિકોમ, ફિન્ટેક અને મેન્યુફેક્ચરિંગ જેવા સેક્ટરના પ્રોજેક્ટમાં કામ કરશે. ડેટા એન્જિનિયરિંગ અને મોડેલ ડેવલપમેન્ટથી લઈને ઓપરેશન સાથે સંકળાયેલા મોડેલ્સને કેવી રીતે વિકસાવી શકાય તેમની કુશળતા પણ વિકસાવશે.

અદિતિ કન્સલ્ટિંગના ભારત દેશના વડા રમણા વડાવલ્લીએ જણાવ્યું હતું કે: "વિશ્વભરના સાહસો કૃત્રિમ બુદ્ધિમત્તાના યુગમાં ટેકનોલોજી સિસ્ટમ્સ કેવી રીતે ડિઝાઇન, નિર્માણ અને સંચાલિત થાય છે તેની પુનઃકલ્પના કરી રહ્યા છે. જ્યારે AI ઉદ્યોગોને બદલી રહ્યું છે, ત્યારે તેની સાચી અસર આખરે આ સિસ્ટમોને જીવંત બનાવનારા એન્જિનિયરો પર આધારિત છે.



# વેડરોડ ગુરુકુળમાં ગુડી પડવા નિમિત્તે લીમડાના રસનું વિતરણ

## સ્વામી નારાયણ મંદિરમાં ભગવાનને લીમડાના રસનો અભિષેક કરાયો

સુરત, તા.૧૯

ગુડી પડવાના પવિત્ર દિવસે ગુરુકુળમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને લીમડાના રસથી અભિષેક કરાયો. વિદ્યાર્થીઓએ તથા હરિભક્તોએ કડવા લીમડાના રસનું પાન કર્યું હતું. વેડરોડ શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ સુરત ખાતે પ્રભુ સ્વામીએ હરિભકતો તથા વિદ્યાર્થીઓને કહ્યું હતું કે રોગી પીવે તો નિરોગી થાય અને નિરોગી પીવે તો રોગી ન થાય એવો ગુણ કડવા લીમડાના રસમાં છે . લીમડો સ્વાદે કડવો પણ ગુણમાં મીઠો હોવાથી એના અનેક ગુણો આયુર્વેદમાં ગવાયેલા છે. લીમડાના વૃક્ષને ધરતી પરનું કલ્પવૃક્ષ માનવામાં આવે છે.; ચૈત્ર મહિનાના પ્રારંભે ઋષિમુનિઓએ કડવા લીમડાનો રસ કે તેના કુણાં પાદડા અથવા લીમડે આવેલ મોરમાં મરી તથા પ્રમાણસર થોડુ સિંધવ મીઠું નાંખી પીવાનું કહ્યું છે.; આ રસ ૩૦ દિવસ સુધી રોજ પીવામાં આવે તો આખા ઉનાળાનો સંતાપ સતાવતો નથી. તેમજ કોઈપણ ગરમીની વ્યાધિઓ થતી નથી. રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. મચ્છરો મારવા તેનો ધુમાડો કરવામાં આવે છે. ઘરમાં ઓરી અછબડા થાય તો લીમડાની ડાળી ઘરના બારણે બાંધવામાં આવે છે. ચામડીના રોગોમાં લીમડાના પાન પાણીમાં ઉકાળીને પાણીથી નવડાવામાં આવે છે. તેના બીજનું તેલ ક્રુમી નાશક છે. જે ચામડીના રોગોમાં વપરાય છે. આમ લીમડો રોગ પ્રતિકારક અને ઔષધિય ગુણો ધરાવે છે.; લીમડાનો રસ કેવી રીતે તૈયાર કરાયો ? તેમ પૂછતાં શ્રી પ્રભુસ્વામીએ કહ્યું હતું કે પ્રથમ લીમડાના પાંદડાઓને સાધારણ ગરમ પાણીએ ધોવા. જેથી તેના પર પડેલી રજ કે જીવાંત દૂર થઈ જાય. ધોઈને પછીથી તેનો ગ્રાઈન્ડરથી રસ

અનુસંધાન પાના ૭ પર

# સુરત પટની હોલમાં શાંતિ સમિતિની મીટીંગ યોજાઇ

## વિવિધ સમાજના અગ્રણીઓ દ્વારા શાંતિ જાળવવા અપીલ




સુરત, તા.૧૯

સુરત પટની હોલ ખાતે જોઈન્ટ પોલીસ કમિશનર શ્રી મીનાસાહેબ ના અધ્યક્ષ સ્થાને શાંતી સમિતિ મિટિંગ બાદ સુરત પોલીસ ધ્વારા ઈફતાર પાર્ટી યોજાઈ. DCP શ્રી રાઘવજી જૈનસાહેબ છઝ શ્રી અહીરેસાહેબસાહેબ લાલગેટ PI શ્રી ચૌધરીસાહેબ મહિધરપુરા PI શ્રી ભ્રહ્મભટસાહેબ ચોક PI શ્રી ચૌધરીસાહેબ કતારગામ PI શ્રી PSI શ્રી ઓ હિન્દુ મુસ્લિમ અગ્રણીઓ અને શાંતી સમિતિ સભ્ય શ્રીઓની હાજરી વચ્ચે ઈફ્તાર પાર્ટીમાં શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર શ્રી મીના સાહેબ પ્રણામી મંદિરના સંત શ્રી પદમ શ્રી યઝદી કરનજીયા મુસ્લિમ અગ્રણી માજી કોર્પોરેટર શ્રી અસદ કલ્યાણી શ્રી મોહસીન મિર્ઝા માજી કોર્પોરેટર શ્રી રાકેશ માળી શ્રીમતી હેમલતાબેન રાવતકાએ સંબોધન કરી એકતા નો સંદેશો આપ્યો હતો.

સુરત પોલીસ ધ્વારા શાહપોર પટનીહોલ ખાતે યોજાયેલ ઈફ્તાર પાર્ટીમાં સામાજિક ધાર્મિક રાજકીય અગ્રણી સર્વે શ્રી ઓ શ્રી રિતેશ સોલંકી, કિરીટ વાઘેલા ઈમરાન મેમણ સોકત (શરૂ )મિર્ઝા, મુસ્તાક કાનુગો હબીબ વોહરા કાદર સેલોટ ઈરફાન ચમાડ્યા મેમણ સમાજ પ્રમુખ આસીફ બિસ્મિલ્લા અલીબાવા સય્યદ તુફેલ પટેલ, સલીમ પઠાણ ગૌવરક્ષાસમિતિ ના મુખ્યા ધર્મેશ ઘામી, સમદ મુનશી, ખાનમાસ્ટર ઈકબાલ મોલ્લીમ, એડવોકેટ મનોજ પટેલ એડવોકેટ શૈલેષ રાજપૂત, સાહીલ લાકડાવાળા, મારુફ પટેલ વસીમ શેખ નાઝીમ શેખ, નિકુંજ પાનેરયા સાલેમ ચાંદીવાળા સહીતના

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બરની આર્ટ કમિટી દ્વારા અમદાવાદમાં ચાર દિવસીય આર્ટ એક્ઝિબિશન યોજાશે

## એક્ઝિબિશનમાં ૧૯ કલાકારો પોતાની કલાકૃતિઓ પ્રદર્શિત કરશે

સુરત, તા.૧૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટી દ્વારા કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે અમદાવાદમાં ચાર દિવસીય આર્ટ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ આર્ટ એક્ઝિબિશન તા. ૧૯થી ૨૨ માર્ચ, ૨૦૨૬ સુધી બપોરે ૧૨:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક દરમ્યાન અમદાવાદ સ્થિત નવરંગપુરા વિસ્તારમાં ગુજરાત વિદ્યાપીઠની પાછળ આવેલી સત્ય આર્ટ ગેલેરી, નવજીવન ટ્રસ્ટ ખાતે યોજાશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં જાણીતા આર્ટ ક્યુરેટર શ્રી અનુજ અંબાલાલ અને શ્રી વિવેક દેસાઈ તેમજ સુરતના જાણીતા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર શ્રી સૌરભ દેસાઈ જે આ એક્ઝિબિશનમાં મેન્ટર તરીકેની ભૂમિકા ભજવશે તેઓ પણ કાર્યક્રમમાં હાજરી આપશે. તેમણે કહ્યું હતું કે, ચેમ્બર દ્વારા સુરતના કલા પ્રેમીઓ, કલાકારો તેમજ અમદાવાદના નાગરિકોને આ આર્ટ એક્ઝિબિશનની મુલાકાત લઈને કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ જણાવ્યું હતું કે, સુરતના કલાકારો સમગ્ર ગુજરાતમાં પણ પોતાની કલાનું પ્રદર્શન કરી શકે તે હેતુથી અમદાવાદ ખાતે આર્ટ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્ઝિબિશન કલા અને સંસ્કૃતિના પ્રચાર પ્રસાર માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ સાબિત થશે, જ્યાં કલા રસિકોને વિવિધ કલાકૃતિઓને નિહાળવાનો અવસર મળશે.આ આર્ટ એક્ઝિબિશનમાં કુલ ૧૯ પ્રતિભાશાળી કલાકારો

અનુસંધાન પાના ૭ પર

# સ્વસ્થ બાળપણ માટે ઊંઘ અને આહારની યોગ્ય આદતો અત્યંત જરૂરીઃ નિષ્ણાતો

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'નર્ચરિંગ હેલ્ધી ચાઇલ્ડહૂડઃ ધ રોલ ઓફ સ્લીપ એન્ડ ઇટીંગ હેબિટ્સ' વિષે અવેરનેસ સેશન યોજાયું




સુરત, તા.૧૯

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'નર્ચરિંગ હેલ્ધી ચાઈલ્ડહૂડઃ ધ રોલ ઓફ સ્લીપ એન્ડ ઈટીંગ હેબિટ્સ' વિષે અવેરનેસ સેશન યોજાયું હતું. આ સેશનનો મુખ્ય ઉદ્દેશ માતા–પિતા તથા વાલીઓમાં બાળકોના સ્વસ્થ વિકાસ માટે ઊંઘ અને યોગ્ય આહારના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના આધુનિક અને વ્યસ્ત જીવનમાં બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે યોગ્ય ઊંઘ અને સંતુલિત આહાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચેમ્બર દ્વારા સમાજમાં આરોગ્ય અને શિક્ષણ સંબંધિત જાગૃતિ વધારવા માટે સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

પીડિયાટ્રિક ન્યુરોલોજિસ્ટ ડો. રિતેશ શાહે બાળકોમાં ઊંઘ અને આરોગ્ય વિષે જણાવ્યું હતું કે, બાળકોના મગજના વિકાસ માટે પૂરતી અને ગુણવત્તાસભર ઊંઘ અત્યંત જરૂરી છે. ઊંઘ દરમિયાન બાળકોના મગજમાં વિવિધ મહત્વપૂર્ણ પ્રક્રિયાઓ થાય છે, જે તેમની યાદશક્તિ, શીખવાની ક્ષમતા અને એકાગ્રતા વધારવામાં મદદરૂપ બને છે. તેમણે જણાવ્યું હતું કે, આજકાલ બાળકોમાં મોબાઈલ, ટેલિવિઝન તથા અન્ય ગેજેટસના વધતા ઉપયોગને કારણે ઊંઘના સમયપત્રકમાં અવ્યવસ્થા સર્જાઈ રહી છે. માતા–પિતાએ બાળકો માટે નિયમિત સૂવાની અને ઊઠવાની આદત વિકસાવવી જોઈએ તેમજ ગેજેટસનો ઉપયોગ મર્યાદિત રાખવો જોઈએ, જેથી બાળકોને પૂરતી અને આરામદાયક ઊંઘ મળી રહે. પીડિયાટ્રિક ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટ ડો. કોશા ગજેરાએ બાળકોમાં આરોગ્યપ્રદ

અનુસંધાન પાના ૭ પર

# ચોથા વર્ગના કર્મચારીના પુત્રની સિધ્ધિ બિરદાવતા મ્યુનિ.કમિશનર

## એમ. નાગરાજને વિવેક સોલંકીને અભિનંદન પાઠવ્યાં

સુરત, તા.૧૯

સુરત મહાનગરપાલિકાના ચોથા વર્ગમાં ફરજ બજાવતા કર્મચારી શ્રી સોલંકી જયાબેન રાકેશભાઇના સુપુત્ર સોલંકી વિવેકકુમાર રાકેશભાઇ જેઓ SAG ધ્વારા સંચાલીત DLSS યોજનામાં મોટાફોફળીયા મુકામે જીમ્નાસ્ટીકસ ખેલાડી તરીકે વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રવેશ મેળવ્યો હતો.હાલ તેઓ ધોરણ ૯ માં અભ્યાસ કરે છે. તાજેતરમાં યોજાયેલી રાજયકક્ષા ખેલ મહાકુંભ, રાજપીપળા જી.-નર્મદા મુકામે યોજાયેલ હતી. જેમાં તેઓ અન્ડર ૧૭ વય જુથમાં આર્ટીસ્ટીકસ જીમ્નાસ્ટીકસની વોલ્ટીગ ટેબલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. ચાલુ વર્ષ SGFI નેશનલ સ્પર્ધા કલકતા મુકામે યોજાયેલ હતી. તેમાં પણ તેમણે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગુજરાત રાજય એસોસિયેશનની ચાલુ વર્ષની રાજયકક્ષાની સ્પર્ધામાં જુનિયર આર્ટીસ્ટીક વિભાગમાં વોલ્ટીગ ટેબલ ઉપર સીલ્વર મેડલ અને નેશનલ બાર્સ ઉપર બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ચાલુ વર્ષ રાજયકક્ષાની સ્પર્ધામાં ૩ મેડલ મેળવી DLSS શાળા શ્રી સી.એ. પટેલ લર્નિગ ઈન્સ, મોટા ફોફળીયાનું નામ રોશન કર્યું છે. તેમની આ સિઘ્ધી બદલ માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. નાગરાજન ,IAS એ તેમને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

# સુરત શહેર અને જિલ્લાની ૭૫ ગેસ એજન્સીઓ પર નિરીક્ષકોની નિમણૂંક

## સુરત શહેર અને જિલ્લાની એજન્સીઓ પર સરકારી નિરીક્ષકો તૈનાત

સુરત, તા.૧૯

ઈરાન અને ઈઝરાઈલ વચ્ચે પ્રવર્તી રહેલી યુદ્ધની સ્થિતિનો ગેરલાભ ઉઠાવીસુરત શહેર અને જિલ્લામાં રાંધણ ગેસની કૃત્રિમ અછત ઉભી કરી કાળાબજારી કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી છે. આ બાબતને ગંભીરતાથી લઈનાગરિકોને હાલાકી ન પડે તે હેતુથી જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા સુરત શહેર-જિલ્લાની કુલ ૭૫ ગેસ એજન્સીઓ પર સરકારી નિરીક્ષકો તૈનાત કરવામાં આવ્યા છે. ગેસ વિતરણ વ્યવસ્થા પર સીધી દેખરેખ રાખવા માટે નાયબ મામલતદાર, તલાટી અનેક્લાર્કકક્ષાના અધિકારીઓને 'ઓબ્ઝર્વર' તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. નિયુક્ત અધિકારીઓ ગેસ એજન્સીની દૈનિક કામગીરી પર બાજ નજર રાખશે. એજન્સીનો દૈનિક સ્ટોક, નવા બુકિંગ અને તેની સામે થતી ડિલિવરીની વિગતો, ગ્રાહકોને સમયસર અને યોગ્ય રીતે ગેસ સિલિન્ડર મળી રહે તેની તકેદારી રાખશે. સામાન્ય નાગરિકોને રાંધણ ગેસ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે તંત્ર કટિબદ્ધ છે. જો કોઈ એજન્સી ગેરરીતિ કરતા ઝડપાશેતો તેની સામે જિલ્લાવહીવટીતંત્રકાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.




# સમસ્ત લાડ શ્રીમાળી પ્રીમિયર લીગમાં રાંદેરની ટીમ ચેમ્પીયન

ભરૂચ, તા.૧૯

ભરુચ મુકામે તા-૧૪-૧૫ માર્ચ શનિ-રવિ ના રોજ ભરુચ મુકામે સમસ્ત લાડુઆ શ્રીમાળી પ્રીમીયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન શ્રી ભરુચ-વેજલપુર વાડ શ્રીમાળી જૈન સંઘ દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં ભરુચ - સુરત - રાંદેર - વડોદરા - આમોદ - મુંબઈ વગેરે જૈન સંઘની ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં શ્રી રાંદેર જૈન લાડુઆ શ્રીમાળી જૈન ટીમ ફાઈનલ વિજેતા બની હતી. યુટ્યુબ લાઈવ તથા ડી. જે. સાથે ભરુચ જૈન સંઘે સમાજની એકતા માટે ખુબજ સુંદર આયોજન કરેલ હતુ.

# અંકલેશ્વર ખાતેના લઘુ ઉદ્યોગો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પાપે 'વેન્ટિલેટર' પર

## સીઈપીટી પ્રોજેક્ટને મંજૂરી આપવામાં ગુનાહિત વિલંબ કરાતો હોવાનો આરોપ



અંકલેશ્વર, તા.૧૯

જીપીસીબીની પરવાનગી આપવામાં વિલંબ હવે ઉદ્યોગપતિઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. ઉદ્યોગોને ખરેખર મંજૂરીની જરૂર હોય છે ત્યારે તંત્ર 'પીઠ બતાવી' રહ્યું છે.

CETP જેવી મહત્વની પર્યાવરણીય સુવિધા માટેની ફાઈલો સરકારી કચેરીઓમાં ધૂળ ખાઈ રહી છે રાજ્યમાં એક તરફ 'વાઈબ્રન્ટ ગુજરાત'ના બણગાં ફૂંકવામાં આવે છે, તો બીજી તરફ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. અંકલેશ્વરના હજારો લઘુ ઉદ્યોગોના હિતમાં જ્યારે 'કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ' (CETP) જેવી મહત્વની સુવિધાઓ આકાર લઈ રહી છે, ત્યારે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા પરવાનગી આપવામાં કરવામાં આવતો લાંબા સમયનો વિલંબ હવે ઉદ્યોગપતિઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે.

અંકલેશ્વરના ઉદ્યોગ જગતમાંથી ઉઠેલા આક્ષેપો મુજબ, સરકારી એજન્સીઓ જેની જવાબદારી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની છે, તે જ અત્યારે ઉદ્યોગોની પીઠમાં ખંજર ભોંકી રહી હોય તેવું લાગી રહ્યું છે. સરકાર 'આત્મનિર્ભર ભારત'ની વાત કરે છે, પરંતુ જ્યારે ઉદ્યોગોને ખરેખર મંજૂરીની જરૂર હોય છે ત્યારે તંત્ર 'પીઠ બતાવી' રહ્યું છે.

મંજૂરીમાં અસહ્ય વિલંબ: CETP જેવી મહત્વની પર્યાવરણીય સુવિધા માટેની ફાઈલો સરકારી કચેરીઓમાં ધૂળ ખાઈ રહી છે. વાઈબ્રન્ટ ગુજરાતની છબી જોખમમાં: જો રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ઉદ્યોગપતિઓએ આંદોલન કરવાની નોબત આવે, તો વિશ્વ સ્તરે ગુજરાતની છબી ખરડાવાની પૂરેપૂરી શક્યતા છે. કહેવું અને કરવું એમાં મોટો તફાવતઃ સરકાર 'સારું દેખાવા' માટે જાહેરાતો તો મોટી કરે છે, પરંતુ 'સારું બનવા' માટે જે નીતિ વિષયક ઝડપ હોવી જોઈએ તેનો અભાવ સ્પષ્ટ દેખાય છે. સ્થાનિક ઉદ્યોગપતિઓના જણાવ્યા અનુસાર, જો સરકાર પોતે

અનુસંધાન પાના ૭ પર




# એસેન્ટ સ્કૂલમાં વાર્ષિક ઇનામ વિતરણ સમારોહ યોજાયો

## શાળાના મેગેઝિનનું વિમોચન કરવામાં આવ્યું


અંકલેશ્વર, તા.૧૯

શ્રી આદિનાથ સ્વામી એજ્યુકેશનલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત એસેન્ટ સ્કૂલમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો જેમાં મુખ્ય મહેમાન નરેન્દ્ર પટોડીયા મોટીવેશનલ સ્પીકર વિનેશચંદ્ર કાગળવાળા, શ્રી આદિનાથ સ્વામી એજ્યુકેશનલ વેલ્ફેર ટ્રસ્ટ પ્રમુખ બિના કાગળવાળા ટ્રસ્ટી, ડો નીરજ ગુપ્તા મમતા હોસ્પિટલ, ઋષિ દવે શહેનાઝ શેખ, અરવિંદ પંચાલ, મિલેન્દ્ર કેશરોલા, મીનાક્ષી ભારદ્વાજ,જયમીન પાધી,વિશાલ જોષી, સી.કે ભટ્ટ, ભૂષણ પટેલ, પરિમલ ચૌહાણ, દિનેશભાઈ ખાંટ,

અનુસંધાન પાના ૭ પર

# અદાણી પોર્ટસના કોલંબો ટર્મિનલે કાર્યારંભના પહેલા જ વર્ષે દસ લાખ કન્ટેનર હેન્ડલ કર્યા






અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિ.(APSEZ) સંચાલિત શ્રીલંકાના કોલંબો બંદરે તેના કાર્યારંભના પ્રથમ વર્ષમાં દસ લાખ કન્ટેનર હેન્ડલ કરવા સાથે તેના વિસ્તરતા વૈશ્વિક પદચિહ્નને રેખાંકિત કરી છે. આમ હિંદ મહાસાગર ક્ષેત્ર (IOR)ના વૈશ્વિક વેપાર પ્રવાહમાં વધતા મહત્વ અને બ્લ્યુ ઈકોનોમીમાં તેની ઉભરતી ભૂમિકા બંનેને ઉજાગર કરી છે.

શ્રીલંકામાં કોલંબો વેસ્ટ ઇન્ટરનેશનલ ટર્મિનલ (CWIT)ના નિર્માણની એપ્રિલ ૨૦૨૫માં શરુઆત કર્યાના પ્રથમ વર્ષમાં એક મિલિયન TEUs (વીસ-ફૂટ સમકક્ષ એકમો)ના આંકને વટાવ્યો છે. કોલંબો બંદર પર નોંધાયેલ આ સિદ્ધિ સૌથી ઝડપી રેમ્પ-અપ સાથે ટર્મિનલના ઉદ્ઘાટન વર્ષમાં આટલા વિરાટ મુકામે પહોંચવા માટે વૈશ્વિક સુવિધાઓના પસંદગીના જૂથમાં તેનું સ્થાન મજબૂત કરે છે.

ભારતના લગભગ ૪૫ ટકા કન્ટેનર કાર્ગોનું સંચાલન કરતા કોલંબો વેસ્ટ ઇન્ટરનેશનલ ટર્મિનલ એ અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિ.વચ્ચેની ભાગીદારી છે, તાજેતરના વર્ષોમાં શ્રીલંકાના સૌથી ગણમાન્ય જૂથોમાંના એક જોન કીલ્સ હોલ્ડિંગ્સ ન્ઝ અને શ્રીલંકા પોર્ટ્સ ઓથોરિટી લગભગ $૮૦૦ મિલિયનના રોકાણ સાથે શ્રીલંકામાં સૌથી મહત્વપૂર્ણ બંદરિય માળખું ઉપલબ્ધ કરાવે છે.

કોલંબો દ્વારા એશિયા, મધ્ય પૂર્વ અને યુરોપમાં કાર્ગોના પ્રવાહને સાંકળતા મુખ્ય ટ્રાન્સશિપમેન્ટ હબ તરીકે તેની ભૂમિકાને મજબૂત બનાવવાની પૃષ્ઠભૂમિમાં આ સીમાચિહ્નરૂપ કદમ છે. દુનિયાના મુખ્ય પૂર્વ-પશ્ચિમ શિપિંગ રૂટની નજીક આવેલું હોવાથી લાંબા સમયથી તે મુખ્ય લાઇનના જહાજો અને ફીડર નેટવર્ક્સ માટે પસંદગીનો મુકામ બની રહ્યું છે.

સામાન્ય રીતે કન્ટેનર ટર્મિનલ્સની કામગીરી સ્થિર અને થ્રુપુટ બનાવવામાં ઘણા વર્ષો લાગે છે. કોલંબો વેસ્ટ ઇન્ટરનેશનલ ટર્મિનલના શિપિંગ લાઇનો સાથે પ્રારંભિક મજબૂત સંકલન, કાર્યક્ષમ બર્થ ઉત્પાદકતા અને સ્થાપિત ટ્રાન્સશિપમેન્ટ ઇકોસિસ્ટમમાં સંચાલનના ફાયદાને દર્શાવે છે. ઘણા મોટા પાયે કાર્ય કરતા મહા બંદરો છે, પરંતુ તેમના વિસ્તરણમાં તબક્કાવાર ઐતિહાસિક રીતે વધારો થયો છે. તદ્દુપરાંત યુરોપ અને પૂર્વ એશિયામાં નવા સ્વચાલિત ટર્મિનલ્સને પણ તુલનાત્મક સ્તરે ઉપયોગમાં લેવામાં વધુ સમય લાગ્યો છે.

નવી શ્રેણીના અલ્ટ્રા-લાર્જ કન્ટેનર જહાજોને હેન્ડલ કરવા માટે કોલંબો બંદર ખાતે નિર્માણ કરવામાં આવેલું કોલંબો વેસ્ટ ઇન્ટરનેશનલ ટર્મિનલ પ્રથમ સંપૂર્ણ સ્વચાલિત ઊંડા પાણીનું ટર્મિનલ છે. તેની ૧,૪૦૦ મીટરની ખાડી અને લગભગ ૨૦ મીટરની પાણીની ઊંડાઈ તેને એશિયા-યુરોપ વેપાર માર્ગ પર કાર્યરત સૌથી મોટા કેટલાક જહાજોને બર્થ કરવાની મોકળાશ આપે છે.

લગભગ ૩.૨ મિલિયન TEUs ની વાર્ષિક ક્ષમતા સાથે કોલંબોની હેન્ડલિંગ ક્ષમતાને નોંધપાત્ર રીતે વિસ્તારતા આ ટર્મિનલમાં ડિજિટલી સંકલિત પધ્ધતિઓ, અદ્યતન ક્રેન્સ અને ઇલેક્ટ્રિફાઇડ યાર્ડ સાધનો અહીં ટર્નઅરાઉન્ડ સમય ઘટાડવા અને કામગીરીની કાર્યક્ષમતા સુધારવાના હેતુથી વ્યાપક વૈશ્વિક વલણો સાથે સુસંગત રહીને ડિઝાઇન કરવામાં આવ્યા છે. બંદરો ઉપર પર્યાવરણીય પ્રભાવનું સંચાલન કરવા સાથે ઉત્પાદકતા વધારવા માટે ઓટોમેશન અને ઊર્જા-કાર્યક્ષમ સિસ્ટમમાં રોકાણને પ્રાધાન્ય અપાયું છે.વૈશ્વિક જહાજ માળખામાં ટર્મિનલની પ્રારંભિક સફળતા કોલંબોના મહત્વને મજબૂત બનાવે છે. ટર્મિનલના વોલ્યુમનો નોંધપાત્ર ટ્રાન્સશિપમેન્ટ કાર્ગોના હિસ્સાનો મોટાભાગનો ભાગ ભારત સાથે જોડાયેલ હોવાથી કાર્યક્ષમતા અને કનેક્ટિવિટીને ટકાઉ વિકાસ માટે મહત્વપૂર્ણ બનાવે છે.ભારતમાં ૧૫ અને વિદેશમાં ચાર બંદરોનો પોર્ટફોલિયો ધરાવતા અદાણી પોર્ટ્સ અને સેઝ માટે આ પ્રકલ્પ તેના આંતરરાષ્ટ્રીય ફલકને વિસ્તૃત કરવામાં એક નોંધપાત્ર પગલું છે, જે ભારતના ખાનગી ક્ષેત્રના સૌથી મોટા દરિયાઇ માળખામાં તેના સ્થાન અને સ્થિતિને મજબૂત બનાવે છે. વધુમાં જોન કીલ્સ હોલ્ડિંગ્સ પીએલસી અને શ્રીલંકા પોર્ટ્સ ઓથોરિટી સાથેની ભાગીદારી કામકાજની વૈશ્વિક કુશળતાને સ્થાનિક સંસ્થાકીય ગોઠવણી સાથે સાંકળે છે.

# નેઈલ-પોલિશ પણ સ્વાથ્ય માટે નુકસાનકારક બની શકે છે

બધા જ જાણે કે નખની સુંદરતા આપણા સ્વાસ્થ્યનું પ્રતીક છે. તેમ છતાં મોટા ભાગના લોકો પોતાના નખ પ્રત્યે જ સૌથી વધુ બેદરકાર હોય છે. એમાંય સ્ત્રીઓની સૌથી ખરાબ આદત એ હોય છે કે તેઓ નખની સમસ્યા છુપાવવા એના પર નેઈલ-પૉલીશના થરના થર લગાડી દે છે, પરંતુ નખની ઘણીબધી સમસ્યા આ નેઈલપૉલીશને કારણે જ તો ઊભી થતી નથીનેઆ બાબતનો ક્યારેય વિચાર કર્યો છે તો આવો આજે એક્સપર્ટ પાસેથી જરા સમજવાનો પ્રયત્ન કરી જોઈએ કે જે નેઈલ-પૉલીશ મહિલાઓ આટલી ચીવટપૂર્વક વાપરતી જોના મળે છે એ જ તેના સ્વાસ્થ્યને કેવા-કેવા પ્રકારનું નુકસાન પહોંચાડે છે. ખરેખર નુકસાન પહોંચાડે આ સવાલનો જવાબ આપતાં મુલુંડના કન્સલ્ટિંગ ડર્મેટોલૉજિસ્ટ ડૉ.માધુરી અગરવાલ કહે છે,'દરેક નેઈલ-પૉલીશ સ્વાભાવિક રીતે ઘણાં બધાં કેમિકલ્સના સંયોજનમાંથી બનેલી હોય છે. આમાં ફૉર્મલ્ડીહાઈડ, થેલેટસ તથા ટોલ્યુઈન જેવાં કેમિકલ્સ તો સ્વાસ્થ માટે ખૂબ જ હાનિકારક હોય છે. જ્યૉ એક બાજુ આ કેમિકલ્સ નખને રુક્ષ બનાવી એને નબળા પાડે છેત્યાં જ બીજી બાજુ આ કેમિકલ્સ ત્વચામાં પણ સરળતાથી ઍબ્સૉર્બ થઈ જતા હોવાથી એમાં ફંગલ અને બૅક્ટેરિયલ ઈન્ફેક્શન ઉપરાંત વાઈરલ વૉર્ટ ઈન્ફેક્શન (મસા)ની સમસ્યા ઊભી કરે છે. એ સિવાય નખ પરથી ઊખડીને આ કેમિકલ્સ આંખ, નાક, કાન કે ખાતી વખતે ગળામાં ઊતરી જાય તો જાતજાતના ઍલર્જિક રીઍક્શનનું કારણ પણ બની શકે છે. એથી નેઈલ-પૉલીશની પસંદગી ધ્યાનપૂર્વક કરવી અત્યંત આવશ્યક છે.પસંદગી વખતે શું ધ્યાન રાખવું માર્કેટમાં નેઈલ-પૉલિશ ખરીદવા જાઓ ત્યારે એમાં ઉપરોક્ત કેમિકલ્સ ન હોય એનું ખાસ ધ્યાન રાખવું. અલબત્ત, હજી પણ આપણે ત્યાં મોટા ભાગની કંપનીઓ પોતાની નેઈલ-પૉલિશની બાટલીઓ પર એમાં વાપરવામાં આવેલા કેમિકલ્સની વિગતવાર માહિતી આપતી નથી. એમ છતાં નામાંકિત કંપનીઓ પોતાની પ્રોડક્ટમાં આવાં હાનિકારક ક એવો ભરોસો રાખી શકાય ખરો. આ વિશ્વાસ જાળવી રાખવા પાછળનું કારણ સમજાવતાં ડૉ. માધુરી કહે છે,'તમામ નામાંકિત કંપનીઓએ પોતાની પ્રોડક્ટ અમેરિકાના ફૂડ ઍન્ડ ડ્રગ ઍડમિનિસ્ટ્રેશન પાસેથી અપ્રૂવ કરાવવી પડે છે.



# બંગશ્રી સન્માન ૨૦૨૫

કોલકાતાઃ 'બોંગ સિનેમેટિક'ના ઉપક્રમે આયોજિત 'બંગશ્રી સન્માન ૨૦૨૫' કાર્યક્રમ કોલકાતાના મોહિત મૈત્ર મંચ ખાતે ભવ્ય રીતે યોજાયો. સમાજના નવોદિતથી લઈને સ્થાપિત કલાકારોને સન્માનિત કરવાનો ઉદ્દેશ રાખીને યોજાયેલા આ કાર્યક્રમનું આ વર્ષે ત્રીજું વર્ષ હતું.પ્રદીપ પ્રજ્વલન દ્વારા કાર્યક્રમનું ઉદ્ઘાટન પ્રોફેસર ડૉ. પાર્થ કર્મકાર (પ્રમુખ, ઉચ્ચ માધ્યમિક શિક્ષા સંસદ), સમાજસેવી મનોતોષ બેરા, માનવ અધિકાર કાર્યકર સિન્જન સરકાર, લેખિકા અને વાચિક કલાકાર સુમિતા પોયરા, કોલકાતા હાઈકોર્ટના મધ્યસ્થી મોલ્લા જસીમુદ્દીન તેમજ અભિનેતા-લેખક અજોય ભટ્ટાચાર્ય સહિત અન્ય ગણમાન્ય વ્યક્તિઓએ કર્યું।કાર્યક્રમ દરમિયાન 'બેંગાલી બાયોસ્કોપ પ્રોડક્શન હાઉસ'ના એક મ્યુઝિક વીડિયો એલ્બમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. તેમાં અભિનય કર્યો છે પોવાકી ભટ્ટાચાર્ય અને રક્તિમ મુકર્જીએ, તેમજ દિગ્દર્શન વિશ્વરૂપ સિન્હાએ કર્યું છે. સાથે સાથે 'ચિતલ પેટી' નામના એક પ્રોજેક્ટનું પોસ્ટર પણ જાહેર કરવામાં આવ્યું. તેની વાર્તા મધુમિતા દેવની છે અને દિગ્દર્શન વિશ્વરૂપ સિન્હાનું છે. તેમાં અભિનય કર્યો છે અજોય ભટ્ટાચાર્ય, રિજુ રાય અને સનત મુકુટીઓઆ દિવસે કુલ ૨૧ પ્રતિષ્ઠિત વ્યક્તિઓને 'બંગશ્રી સન્માન'થી સન્માનિત કરવામાં આવ્યા. તેમાં પ્રદીપ મિશ્ર, બર્ણાલી ચક્રવર્તી, ડૉ. અમૃતા ભટ્ટાચાર્ય, સંપા દાસ, સોમા દાસ, ઝોન્ટુ રાય, શિવાની કુન્ડુ સહા, સંગીતા બસુ રાય, વિશાલ ખન્ના, આહેલી મુકર્જી, સુતપા બંધ્યોપાધ્યાય, પાયલ મુકર્જી, શુભ્રા ચેટર્જી, બર્ણાલી ચૌધુરી, પ્રીતમ રાય વગેરેનો સમાવેશ થાય છોઆયોજક સંસ્થાના કર્ણધાર વિશ્વરૂપ સિન્હાએ જણાવ્યું કે કુમુદ સાહિત્ય મેલા સમિતિ તરફથી કોલકાતા હાઈકોર્ટના વકીલ સિદ્ધાર્થ ગોસ્વામીને સ્વર્ગસ્થ ન્યાયાધીશ મહંમદ નુરુલ હોદા મોલ્લાના નામે 'રત્ન સન્માન' આપવામાં આવ્યું।કાર્યક્રમમાં 'બોંગ સિનેમેટિક' તરફથી બુલુ ગોસ્વામી (એડમિનિસ્ટ્રેટર), પ્રિયાંકા ભટ્ટાચાર્ય (અભિનેત્રી), દેવજીત ભટ્ટાચાર્ય (એડમિનિસ્ટ્રેશન) સહિત સંસ્થાના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા।

# પવિત્ર ચૈત્રી નવરાત્રીનો શ્રી શુભારંભ તારીખ ૧૯ માર્ચ (ગુરુવાર)થી...!

**(પ્રાચીન અંબાજીના લોકલાડીલા યુવા મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળા)**

અત્રે ભાગળ સ્થિત જૂના અંબાજી રોડ ખાતે ભાવિક ભક્તજનોના હાર્દ સમા તથા આસ્થાનાં પ્રતિક ગણાતા પૌરાણિક શ્રી અંબાજી માતા મંદિરનાં ગાદીપતિ અને સીધી લીટીનાં વારસદાર ટ્રસ્ટી તથા લોક લાડિલા યુવા મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળા (૭૯૯૦૮૧૦૧૨૪) તથા સહયોગી ટ્રસ્ટીઓએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે,


પવિત્ર ચૈત્રી નવરાત્રી એ હિંદુ ધર્મનો એક મહત્વપૂર્ણ તહેવાર છે, જે ચૈત્ર મહિનામાં ચૈત્ર સુદ એકમથી ચૈત્ર સુદ નવમી સુધી આવે છે. આ તહેવાર દરમિયાન, દેવી દુર્ગાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે ત્યારે માઈ ભક્તો ઉપવાસ અને દેવી દુર્ગાની પ્રાર્થના કરે છે અને દેવી શક્તિના જૂના જાણીતા મંદિરોમાં ભક્તો વહેલી સવારથી મોડી રાત્રીએ હજારોની સંખ્યામાં સતત નવ દિવસ સુધી માઁ ના શરણે અને ચરણે આશીર્વાદ પ્રાપ્તિ માટે ઉમટી પડતા હોય છે! આગામી પવિત્ર ચૈત્રી નવરાત્રીનો શ્રી શુભારંભ તારીખ ૧૯ માર્ચ (ગુરુવાર) ચૈત્ર સુદ એકમથી થશે, જેમાં પવિત્ર ચૈત્ર નવરાત્રી દરમ્યાન જણાવેલ તારીખે પૂજાતા માતાજીના સ્વરૂપો ઊપર દેવી બિરાજમાન થશે!

૧. ૧૯/૦૩/૨૦૨૬(ગુરુવાર)- માઁ શૈલપુત્રીઃ માઁ શૈલપુત્રી નવરાત્રીના પ્રથમ દિવસે પૂજાય છે. તેઓ પર્વત રાજ હિમાલયની પુત્રી છે અને નંદી પર સવાર થાય છે. તેમના એક હાથમાં ત્રિશૂળ અને બીજામાં કમળ છે.

૨. ૨૦/૦૩/૨૦૨૬(શુક્રવાર)- માઁ બ્રહ્મચારિણીઃ બીજા દિવસે માઁ બ્રહ્મચારિણીની પૂજા થાય છે. તેઓ તપસ્વી અને બ્રહ્મચારી છે. તેમના હાથમાં જપમાળા અને કમંડળ છે. તેઓ તપ અને જ્ઞાનનું પ્રતિક છે.

૩. ૨૧/૦૩/૨૦૨૬(શનિવાર)- માઁ ચંદ્રઘંટાઃ ત્રીજા દિવસે માઁ ચંદ્રઘંટાનું સ્વરૂપ પૂજાય છે. તેમના માથા પર ચંદ્રનો ઘંટ છે. તેઓ શાંતિ અને સૌંદર્યનું પ્રતિનિધિત્વ કરે છે.

૪. ૨૨/૦૩/૨૦૨૬(રવિવાર)- માઁ કુષ્માંડાઃ



ચોથા દિવસે માઁ કુષ્માંડાની પૂજા થાય છે. તેઓ સૃષ્ટિની ઉત્પત્તિના કારણ માનવામાં આવે છે. તેમના હાસ્યથી બ્રહ્માંડ પ્રકાશિત થાય છે.

૫. ૨૩/૦૩/૨૦૨૬(સોમવાર)- માઁ સ્કંદમાતાઃ પાંચમા દિવસે માઁ સ્કંદમાતાની પૂજા થાય છે. તેઓ ભગવાન સ્કંદ (કાર્તિકેય)ની માતા છે. તેમના ચાર હાથ છે અને તેઓ કમળ પર બિરાજમાન છે.

૬. ૨૪/૦૩/૨૦૨૬(ભોમવાર)- માઁ કાત્યાયનીઃછઠ્ઠા દિવસે માઁ કાત્યાયનીની પૂજા થાય છે. તેઓ મહિષાસુર મર્દિની છે અને બહાદુરીનું પ્રતિક છે.

૭. ૨૫/૦૩/૨૦૨૬(બુધવાર)- માઁ કાલરાત્રિઃ સાતમા દિવસે માઁ કાલરાત્રિની પૂજા થાય છે. તેઓ અંધકાર અને નકારાત્મક શક્તિઓનો નાશ કરે છે.૮. ૨૬/૦૩/૨૦૨૬(ગુરુવાર)- માઁ મહાગૌરીઃ આઠમા દિવસે માઁ મહાગૌરીની પૂજા થાય છે. તેઓ શ્વેત વસ્ત્ર ધારણ કરે છે અને શાંતિનું પ્રતિનિધિત્વ કરે છે.૯. ૨૭/૦૩/૨૦૨૬(શુક્રવાર)- માઁ સિદ્ધિદાત્રીઃ નવમા દિવસે માઁ સિદ્ધિદાત્રીની પૂજા થાય છે. તેઓ સિદ્ધિઓ આપનાર છે અને ભક્તોને અંતિમ સિદ્ધિ પ્રદાન કરે છે,એમ એક અહેવાલમાં મહર્ષિ અંબાજીવાળા મહારાજ ટ્રસ્ટીગણ વગેરેએ પવિત્ર ચૈત્રી નવરાત્રીની હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરી જણાવ્યું છે કે, જગતજનની દયાળુ માઁ સૌની મનોકામના પરિપૂર્ણ કરે તેવી પ્રાર્થનાસહ જયઅંબે!

# પાતળા દેખાવાનો ક્રેઝ

સેક્સી શબ્દ જાતીય ભેદભાવ દર્શાવે છે. નારીવાદીઓ તેનો વિરોધ કરે છે, પણ મોટાભાગની નારીને સેક્સી દેખાવાનો ક્રેઝ છે. વોટ્સ અમ અને ફેસબુક પર નવા વર્ષના રિઝોલ્યુશન દેખીતી રીતે ગમે તે હોય, પણ આંતરમનમાં દરેક મહિલાને વધુ સુંદર દેખાવું છે. કેટલાકને પાતળા થવું છે. તો કેટલાકને વજન વધારવું છે. કોઈને ગોરા થવું છે. તો કોઈને કેટરીના કૈફ જેવું શરીર જોઈએ છે. પોતાના દેખાવ માટે આટલો ક્રેઝ કેમ હોયછે. સ્ત્રીઓને ?

આજે વિશ્વભરમાં દરેક ક્ષેત્રે સ્ત્રીઓ આગળ વધી રહી હોવા છતાં દેખાવ અંગે તેમને સતત લઘુતાગ્રંથિ અનુભવાય છે. દરેક સ્ત્રી મેગેઝિનમાં છપાતા ફોટામાં દેખાતી ગ્લેમરસ મોડલ જેવો દેખાવાની ઈચ્છા ધરાવતી હોય છે મોટે ભાગે સેક્સી દેખાવું કે સારા દેખાવાની વ્યાખ્યામાં વજન ઉતારવાની વાત જ હોય છે. દરેક સ્ત્રી પોતાનું વજન વધારે હોવા સામે વાંધો હોય છે. ખરીદી કરતી વખતે પણ સ્ત્રીઓ સૌથી પહેલાં વિચારે છે. કે આ ડ્રેસમં હુ વધારે જાડી તો નહી દેખાઉને ? ચંપલની ખરીદી કરે ત્યારે અરીસામાં પગ જોતા પહેલા વાળની લટ સરખી કર્યા બાદ આગળ પાછળથી પહેલા પોતાના આખા શરીરને જોશે. શોપિંગ મોલના ચારે તરફ લગાવેલા આયનામા પોતાને જોઈને પહેલાં જીવ બાળશે. ગમે તેટલા ઊંચા પદ -પોઝિશન પર તે સ્ત્રી કામ કરતી હશે, પણ તેને પોતાના દેખાવ અંગે કશોક વસવસો હશે જ. એટલે જ તો આટલા બધા કોસ્મેટિક્સ અને કરચલીઓ દુર કરવાના ક્રીમ વેચાય છે. સ્ત્રીઓ પોતાનાદેખાવ માટે જેટલી સભાન હોય છે તેટલી જ તો અસલામતી અનુભવતી હોય છે. ૧૬ વર્ષથી લઈને ૬૦ વર્ષની દરેક સ્ત્રીને પોતાના દેખાવ અંગે અસંતોષ હોય જ છે એવું સાબિત થયું છે. ગમે તેટલી બુધ્ધિશાળી કે હોશિયાલ સ્ત્રી હશે તેનેય ડિઝાઈનર ડ્રેસમાં પોતે સારી દેખાવ માટે સતત શંકાશીલ અને અસલામતી અનુભવતી હોવાને કારણે જ સ્ત્રી જોઈએ તેટલી પ્રગતિ કરી નથી શકતી એવું સંશોધનકારોનું માનવું છે. જાહેરાતોમાં અને ફિલ્મોમાં દેખાતી હિરોઈનો પણ પોતાના દેખાવને બદલવાનો સતત પ્રયત્ન કરતી હોય છે.

હાલમાં જ અનુષ્કા શર્માએ હોઠ અને નાકની સર્જરી કરાવી, તો માધુરીથી લઈને સોનમ કપૂર સુધીની દરેક હિરોઈન પોતાના દેખાવ માટે નાની મોટી સર્જરી કરાવી છે. અથવા સતત પરિશ્રણ કરી વજન ઉતારે છે. અબજો રૂપિયાની કોસ્મેટિક્સ ઈન્ડસ્ટ્રી સ્ત્રીઓન કારમે ચાલેછે. અને આપણી વિચારધારા ઉપર પણ તેમનું આક્રમણ હોય છે. બીજાના અભિપ્રાય પર જીવવા ટેવાયેલા આપણે બીજાઓ શું વિચારશે કે હું બીજા સામે કેવી દેખાઈશ ? તેને માટે ચિંતા કરતાં હોઈએ છીએ. આપણે બજારમાં મળતી દરેક પ્રોડક્ટમાં ફિટ થવાનો પ્રયત્ન કરીએ છીએ. કારણ કે એ પ્રોડક્ટને લીધે જ આપણે આકર્ષક દેખાઈશું એવી માન્યતા હોય છે. દિવસે દિવસે આ ક્રેઝ-ગાંડપણ વધી રહ્યું હોય તેવું જાહેરાતો જોતા લાગે છે. આપણી વિચારશક્તિ બીજાના અભિપ્રાય પર નિર્ભર કેમ હોઈ શકે? દુન્યવી બીબાંમાં જાતને ઢાળવાનું બંધ કરી આપણા બીબામાં દુનિયાને ઢાળવાનો પ્રયત્ન કરવાની જરૂર છે. જરા વિચારો, તમે આ વર્ષની શરૂઆતમાં વજન ઉતારવાનું નક્કી કરતી અનેક નારીને સાંભળી છે ને ? પૈસા હોય તો કેટલીક સ્ત્રીઓ કોસ્મેટિક્સ સર્જરી કરાવશે. તેની કલ્પના કરવી સહેલી છે. સામે કેટલા પુરુષોને સાંભળીએ છીએ કે તેઓ કમરનો ઘેરાવો આ વર્ષે ઘટાડવા માગે છે. નવા વર્ષના રિઝોલ્યુશન-દિવાળી બાદ હોય કે જાન્યુઆરીમાં, સ્ત્રીઓનું પ્રથમ ધ્યાન દેખાવ સુધારવામાં જ હોયછે. કપડાંની ખરીદી પણ તે એટલે જ વધારે કરે છે. લેટેસ્ટ કટ અને લેટેસ્ટ ઘડામણના દાગીના, બીજા શુ પહેરે છે. અને આપણી સામે શું નથી તે વિચારીને ચિંતિત થતી, તાણ અનુભવતી સ્ત્રીઓ આપણી આસપાસ આસાનીથી મળી જશે. કેટલા લેખકોએ નવા પુસ્તક લખ્યાં અને કેટલા વાંચ્યાં ? બીજા કરતાં પુસ્તકોની ખરીદી વધારે કરી કે નહીં ? તે બાબતે આપણે ક્યારેય કેમ ચર્ચા કે ચિંતા નથી. કરતાં, બાહ્ય સૌદર્યની સડાસાડસી કરતાં આંતરિક સમૃધ્ધિ માટે પ્રયત્ન કરવાનો વિચાર આ વર્ષે અમલમાં મુકવાનો કરી શકાય. જો આજની નારી સૌદર્યપ્રસાધનો, ઘરેણા કે કપડાં પાછળ વપરાતા રૂપિયાનું રોકાણ શિક્ષણ માટે કરે, તો બાહ્ય દેખાવ કે અન્યના ગમાઅણગમા પર એ નિર્ભર નહી રહે.


**સુરત મહાનગરપાલિકા**
**વેસ્ટઝોન(રાંદેર)**
**-:: જાહેર નોટિસ ::-**

સુરત મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન(રાંદેર)નાં સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ નીચેની યાદીમાં જણાવેલ મિલ્કતદારો સને ૨૦૨૫-૨૬ના વર્ષનાં મિલ્કતવેરાનાં બીલો મોકલવામાં આવેલ છે. ત્યારબાદ બીલ ભરપાઈ કર્યાની મુદત પુરી થયા બાદ નાણાંની વસુલાત અંગે ટાંચ/જપ્તિ વોરંટ સ્થળ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તેમ છતાં આ યાદીમાં જણાવેલ મિલ્કતોનાં વેરા ભરપાઈ થયેલ ન હોય, તેના માલિક/કબ્જેદારોને આ અંતિમ તક આપવામાં આવે છે. ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ-૪૬૬(૧-બી)માં જણાવેલ જોગવાઈઓને આધિન આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ જાહેર હરાજીથી વેચી શકાય તેમ છે. જેથી હુ નોટિસ પ્રસિધ્ધ થયા બાદ દિન-૭(સાત)ની સમયમર્યાદામાં વેરાની રકમ ભરપાઈ કરવામાં નહી આવશે તો તેવી મિલ્કતોનાં માલિક/કબ્જેદારના ખર્ચે અને જોખમે તેવી મિલ્કતોની જાહેર હરાજી કરી મિલ્કત વેરાની બાકી રકમ વસુલ કરવામાં આવશે અને જાહેર હરાજીથી વેચાણ રાખનાર વ્યકિત/ઈસમનું નામ મ્યુનિસિપલ રેકર્ડ ઉપર માલિક/પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે દાખલ કરવામાં આવશે. જેની કસૂરદારોએ બિનચૂક નોંધ લેવી.

| ક્રમ નં. | ટેનામેન્ટ નંબર / નામ | મિલકતનું સ્થળ | બાકી મિલ્કત વેરાની રકમ રૂા. (તા.૦૩/૦૩/૨૦૨૬ સુધીનું) | ઉપયોગનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧. | ૧૭બી-૫૨-૪૪૭૧-૦-૦૦૧ આરફીસ રેસીડન્સી નાકીબ હાજી આરીફ નુરાણી, અબીર હાજી આરીફ નુરાણી કબ્જેદાર : ખાઈનુરબાઈ હાજી આરીફ નુરાણી | ફ્લેટ નં.૧૦૧ થી ૧૦૫, આરફીસ રેસીડન્સી, બદ્રિનારાયણ મંદિર રોડ, અડાજણ, સુરત. | ૪,૩૬,૦૪૪ | ગેસ્ટ હાઉસ |
| ૨. | ૧૭બી-૫૨-૪૪૯૧-૦-૦૦૧ આરફીસ રેસીડન્સી નાકીબ હાજી આરીફ નુરાણી, અબીર હાજી આરીફ નુરાણી | ફ્લેટ નં.૩૦૧ થી ૩૦૫, આરફીસ રેસીડન્સી, બદ્રિનારાયણ મંદિર રોડ, અડાજણ, સુરત. | ૪,૩૯,૪૪૦ | ગેસ્ટ હાઉસ |
| ૩. | ૧૭બી-૫૪-૪૪૧૧-૦-૦૦૧ હરજીવનભાઈ વલ્લભભાઈ | સર્વે નં.૬૧૭ પ્લોટ નં.૨ પૈકી, પાણીની ટાંકીની પાછળ, અડાજણ રોડ, સુરત. | ૧,૪૦,૪૬૪ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૪. | ૧૭બી-૫૪-૫૩૬૫-૦-૦૦૧ રાજેશ મંગીલાલ જૈન ભાડુઆત : એકટીવ આઈફ ઈઝયોથેરાપી સેન્ટર | દુકાન એલ/૧, મહાન ટેરેસ, ભુલકાભવન પાછળ, આનંદ મહલ રોડ, સુરત | ૧,૩૧,૫૯૫ | દુકાન |
| ૫. | ૧૭બી-૫૪-૭૯૩૧-૦-૦૦૧ સચ્ચીદાનંદ કોર્પોરેશનના ભાગીદાર | એએસ ૧૩, સર્મથ પાર્ક, ભુલકા ભવન પાસે, અડાજણ, સુરત. | ૧,૮૩,૧૦૧ | દુકાન |
| ૬. | ૧૭બી-૫૪-૭૯૪૫-૦-૦૦૧ અસ્ફાક હાજી યુનુસ નુરાણી | એએમ.૧,૨,૩,૪,૧૪,૧૫,૧૬,૧૭ સર્મથ પાર્ક, ભુલકા ભવન પાસે, અડાજણ, સુરત. | ૩,૪૮,૬૧૯ | રેસ્ટોરન્ટ |
| ૭. | ૧૭બી-૫૪-૭૯૭૫-૦-૦૦૧ સચ્ચીદાનંદ કોર્પોરેશનના ભાગીદાર | એએમ.૧૩, સર્મથ પાર્ક, ભુલકા ભવન પાસે, અડાજણ, સુરત. | ૧,૫૯,૪૯૦ | ગોડાઉન |
| ૮. | ૧૭બી-૫૪-૮૦૦૧-૦-૦૦૧ સચ્ચીદાનંદ કોર્પોરેશનના ભાગીદાર | દુકાન નં. CH 1, સમર્થ પાર્ક, ભુલકાભવન પાસે, અડાજણ રોડ, સુરત. | ૧,૭૩,૮૭૩ | દુકાન |
| ૯. | ૧૭બી-૫૪-૮૦૦૫-૦-૦૦૧ સચ્ચીદાનંદ કોર્પોરેશનના ભાગીદાર | દુકાન નં. CL 2, સમર્થ પાર્ક, ભુલકાભવન પાસે, અડાજણ રોડ, સુરત. | ૨,૯૮,૯૩૭ | દુકાન |
| ૧૦. | ૧૭બી-૫૪-૯૦૦૫-૦-૦૦૧ સચ્ચીદાનંદ કોર્પોરેશન,કબ્જેદાર : રાજેશ જૈન | દુકાન નં. બીએલ/૨, સમર્થ પાર્ક અડાજણ, સુરત. | ૨,૮૯,૧૪૮ | ઓફિસ |
| ૧૧. | ૧૭બી-૫૪-૯૨૯૧-૦-૦૦૧ સચ્ચીદાનંદ કોર્પોરેશન કબ્જેદાર : પીપા લીનરસ ભાડુઆતઃ ચેકમેટ સર્વિસ પ્રા.લી. | ઓફિસ નં. બીએમ ૭, ફ્લેટ નં.બી-૧૦૪, શીલા ટાવર, સમર્થ પાર્ક, અડાજણ રોડ, સુરત. | ૬,૩૯,૬૭૩ | ઓફિસ |
| ૧૨. | ૧૭બી-૫૫-૦૫૩૧-૦-૦૦૧ જગતભાઈ કાંજીભાઈ, નિરજભાઈ કાનજીભાઈ, જતીન ચતુરભાઈ | સર્વે નં.૬૫૨, પ્લોટ નં.૧ ટી.પી.૩૧, એફ.પી.૫૪, પ્રોટોન પ્લસની પાસે, અડાજણ, સુરત | ૨,૩૧,૭૦૭ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૧૩. | ૧૭બી-૫૫-૫૭૩૧-૦-૦૦૧ વેર્સ્ટન વ્યુ.કો.ઓ.હા.સોસા.લી. કબ્જેદારઃ પ્રેસીડન્ટ શ્રી, | દુકાન નં.એમ-૧૬, વેર્સ્ટન વ્યુ એપાર્ટમેન્ટ, ભુલકાભવન સ્કુલ સામે, અડાજણ રોડ, સુરત. | ૧,૯૦,૬૭૩ | દુકાન |
| ૧૪. | ૧૭બી-૫૬-૦૮૨૧-૦-૦૦૧ અભિક્રમ એપાર્ટમેન્ટ હરીશભાઈ પરભુભાઈ પટેલ | દુકાન નં.૩૦૮, અભિક્રમ એપાર્ટમેન્ટ, ભુલકાભવન સ્કુલની પાસે, અડાજણ, સુરત | ૧,૨૧,૯૨૩ | દુકાન |
| ૧૫. | ૧૭બી-૫૭-૧૩૯૫-૦-૦૦૧ ભાવેશભાઈ એ.ભુવા, કમલેશભાઈ જે. હરીપરા, વિગેરે | સર્વે નં.૬૬૪ પૈકી ૧, ટી.પી.૧૦, પ્લોટ ૧, એફ.પી.૨૫, ફાયર સ્ટેશન પાસે, અડાજણ, સુરત. | ૧,૮૬,૩૭૨ | રેસીડન્સ એન્ડ ઓપન પ્લોટ |
| ૧૬. | ૧૭બી-૫૯-૦૧૧૧-૦-૦૦૧ પરેશભાઈ રમણભાઈ, લતાબેન રમણભાઈ, સુભદ્રાબેન રમણભાઈ | સર્વે નં.૬૯૪ પૈકી, અડાજણ, સુરત | ૩,૦૯,૩૧૨ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૧૭. | ૧૭બી-૮૧-૩૮૨૧-૦-૦૦૧ હરીહર ભુપતભાઈ જરીવાલા | સર્વે નં.૮૦/૧૦૮ પૈકી પ્લોટ નં.૫૬/એ, સાંઈ લીલા રો-હાઉસ, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત | ૧,૦૯,૭૪૭ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૧૮. | ૧૭બી-૮૩-૬૮૦૩-૦-૦૦૧ એમ/એસ ભકિત એન્ટરપ્રાઈસ એક ભાગીદારી પેઢી ભાગીદાર રાકેશકુમાર બાબુભાઈ ધુધાવાલા | દુકાન નં.એસ-૨૦૨, વી-૩ કોર્નર, ૯ સ્કેવર શોપિંગ સેન્ટરની સામે, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત. | ૫,૫૦,૮૧૫ | જીમ |
| ૧૯. | ૧૭બી-૮૩-૭૮૪૩-૦-૦૦૧ ભકિત ઈન્ફ્રા પાર્ટનરશીપ ફર્મ | દુકાન નં.એ/૮૧૨, વિવાન્ટા આઈકોન, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત | ૧,૫૩,૫૯૩ | ઓફિસ |
| ૨૦. | ૧૭બી-૮૩-૭૮૭૭-૦-૦૦૧ ભકિત ઈન્ફ્રા પાર્ટનરશીપ ફર્મ | દુકાન નં.બી/૪૦૧, વિવાન્ટા આઈકોન, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત | ૫,૫૦,૫૪૨ | કલ્બ |
| ૨૧. | ૧૭બી-૮૩-૮૦૪૭-૦-૦૦૧ ભકિત ઈન્ફ્રા પાર્ટનરશીપ ફર્મ | દુકાન નં.એ/૧૧૬, વિવાન્ટા આઈકોન, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત | ૧,૩૩,૩૬૭ | ઓફિસ |
| ૨૨. | ૧૭બી-૮૩-૮૦૪૯-૦-૦૦૧ ભકિત ઈન્ફ્રા પાર્ટનરશીપ ફર્મ | દુકાન નં.એ/૨૦૧, વિવાન્ટા આઈકોન, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત | ૧,૩૩,૩૬૭ | ઓફિસ |
| ૨૩. | ૧૭બી-૮૫-૭૧૫૧-૦-૦૦૧ પરેશભાઈ ભુપતભાઈ પંચાણી | રે.સ.નં.૬૬, ટી.પી.૩૧, એફ.પી.૧૨૭ પૈકી પ્લોટ નં.૨, વુડ સ્કવેર પાસે, | ૨,૧૨,૧૮૩ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૨૪. | ૧૭બી-૮૫-૭૧૫૧-૦-૦૦૨ પરેશભાઈ ભુપતભાઈ પંચાણી | રે.સ.નં.૬૬, ટી.પી.૩૧, એફ.પી.૧૨૭ પૈકી પ્લોટ નં.૨, વુડ સ્કવેર પાસે, | ૫,૦૧,૮૩૧ | ઓફિસ |
| ૨૫. | ૧૭બી-૮૫-૮૨૦૫-૦-૦૦૧ પ્રકાશભાઈ છોટાલાલ ઠક્કરના કર્તા પ્રકાશભાઈ છોટાલાલ ઠક્કર , ઉષાબેન પ્રકાશભાઈ ઠક્કર | દુકાન નં.એફ/૩, વાસુપૂજય રેસીડન્સી, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. | ૮,૦૧,૯૬૮ | દુકાન |
| ૨૬. | ૧૭બી-૮૭-૬૫૧૩-૦-૦૦૧ અનામીકા ડેવલોપર્સ એક પાર્ટનરશીપ ફર્મ પાર્ટનર મનિષ એસ.શાહ, બાબુલાલ પી.શાહ, ઉર્મિલાબને બી.જૈન, અશોક બી.પોખારણા, એમ/એસ વેર્સ્ટન અંબિકા પ્રોપાઈટર પા.લી. ડીરેકટર મદનલાલ એફ.જૈન | દુકાન નં.૨૨૧, વેર્સ્ટન એરેના, ગ્રીન સીટી રોડ, અડાજણ, સુરત. | ૧,૩૪,૦૬૪ | દુકાન |
| ૨૭. | ૧૭બી-૮૭-૯૫૧૭-૦-૦૦૧ પટેલ ડેવલોપર્સ એક. પાર્ટનરશીપ ફર્મ પાર્ટનર પુરવેશ એમ.પટેલ, કીરીટ સી.પટેલ, જયેશ કે.પટેલ, તેજસ એસ.પટેલ, મિતુલ એ.કનેરીયા, પિંકેશ એસ.પટેલ, ભરત વી.પટેલ, રવી ડી.પટેલ, ઉમેશ સી.પટેલ | ૧૨/એ, ઈઓન સ્કેવર, સેલ પેટ્રોલ પંપની પાછળ, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત | ૧,,૦૯,૪૬૧ | ગોડાઉન |
| ૨૮. | ૧૭બી-૮૭-૯૫૪૩-૦-૦૦૧ પટેલ ડેવલોપર્સ એક. પાર્ટનરશીપ ફર્મ પાર્ટનર પુરવેશ એમ.પટેલ, કીરીટ સી.પટેલ, જયેશ કે.પટેલ, તેજસ એસ.પટેલ, મિતુલ એ.કનેરીયા, પિંકેશ એસ.પટેલ, ભરત વી.પટેલ, રવી ડી.પટેલ, ઉમેશ સી.પટેલ | દુકાન નં.જી/૧૨એ, ઈઓન સ્કેવર, સેલ પેટ્રોલ પંપની પાછળ, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત | ૧,૦૧,૨૮૯ | દુકાન |
| ૨૯. | ૧૭બી-૮૭-૯૫૫૭-૦-૦૦૧ પટેલ ડેવલોપર્સ એક. પાર્ટનરશીપ ફર્મ પાર્ટનર પુરવેશ એમ.પટેલ, કીરીટ સી.પટેલ, જયેશ કે.પટેલ, તેજસ એસ.પટેલ, મિતુલ એ.કનેરીયા, પિંકેશ એસ.પટેલ, ભરત વી.પટેલ, રવી ડી.પટેલ, ઉમેશ સી.પટેલ | દુકાન નં.૧૦૩, ઈઓન સ્કેવર, સેલ પેટ્રોલ પંપની પાછળ, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત | ૧,૨૨,૨૦૩ | દુકાન |
| ૩૦. | ૧૭બી-૮૭-૯૭૨૧-૦-૦૦૧ છોટુભાઈ, ધનસુખભાઈ મકનભાઈ, અંભાબેન ભગવાનભાઈ, વિગેરે | સર્વે નં.૧૭, ટી.પી.૩૧, એફ.પી.૬૬ સબ પ્લોટ નં.૨, પ્લોટ નં.૧ શાંતિકુંજ બંગ્લોસ, અરિહંત પાર્કની સામે, અડાજણ, સુરત. | ૧,૨૪,૮૯૨ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૧. | ૩૮એ-૦૫-૩૯૪૧-૦-૦૦૧ ગંગાનગર સોસાયટી, લેન્ડ કરશનભાઈ રાઘાભાઈ કબ્જેદાર : ભાનુબેન મોહનલાલ પટેલ | સર્વે નં.૩૧ પૈકી પ્લોટ નં.૩, ગંગાનગર સોસાયટી, જહાંગીરાબાદ, સુરત | ૧,૦૧,૮૩૬ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૨. | ૩૮ઈ-૦૩-૯૬૫૫-૦-૦૦૧ શાંતિબેન તે બાલુભાઈ ઉર્ફે વલ્લાભાઈની વિધવા, વિગેરે | સર્વે નં.૧૯૫, બ્લોક નં.૧૫૪, ટી.પી.૪૨, એફ.પી.૩૧ પૈકી પ્લોટ નં.એ/૬, રિધ્ધી સિધ્ધી રો-હાઉસ, જહાંગીરાબાદ, સુરત. | ૧,૩૨,૬૯૬ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૩. | ૩૯ડી-૦૧-૮૫૦૧-૦-૦૦૧ દિપીલકુમાર ભોગીલાલ | ઓપન પ્લોટ એ/૧, ડી.બી.રેસીડન્સી, વરીયાવ રોડ, જહાંગીરપુરા, સુરત | ૧,૭૩,૨૮૧ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૪. | ૩૯ડી-૦૧-૮૫૦૩-૦-૦૦૧ દિપીલકુમાર ભોગીલાલ | ઓપન પ્લોટ એ/૨, ડી.બી.રેસીડન્સી, વરીયાવ રોડ, જહાંગીરપુરા, સુરત | ૧,૭૩,૨૮૦ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૫. | ૩૯ડી-૦૧-૮૫૦૫-૦-૦૦૧ દિપીલકુમાર ભોગીલાલ | ઓપન પ્લોટ બી/૧, ડી.બી.રેસીડન્સી, વરીયાવ રોડ, જહાંગીરપુરા, સુરત | ૧,૦૦,૪૯૮ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૬. | ૩૯ડી-૦૧-૮૫૦૭-૦-૦૦૧ દિપીલકુમાર ભોગીલાલ | ઓપન પ્લોટ બી/૨, ડી.બી.રેસીડન્સી, વરીયાવ રોડ, જહાંગીરપુરા, સુરત | ૧,૦૦,૪૯૮ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૭. | ૩૯ડી-૦૧-૮૫૦૯-૦-૦૦૧ દિપીલકુમાર ભોગીલાલ | ઓપન પ્લોટ સી/૧, ડી.બી.રેસીડન્સી, વરીયાવ રોડ, જહાંગીરપુરા, સુરત | ૧,૭૪,૯૭૫ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૮. | ૩૯ડી-૦૧-૮૫૧૧-૦-૦૦૧ દિપીલકુમાર ભોગીલાલ | ઓપન પ્લોટ સી/૨, ડી.બી.રેસીડન્સી, વરીયાવ રોડ, જહાંગીરપુરા, સુરત | ૧,૭૪,૧૮૩ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |
| ૩૯. | ૩૯ઈ-૦૧-૨૮૩૧-૦-૦૦૧ ગ્રીનલેન્ડ ઈન્ફ્રાકોન પ્રા.લી. ડીરેકટર - ભરતભાઈ આર.શાહ | રે.સ.નં.૧૧૧ પૈકી બ્લોક નં.૧૫૧/બી, એફ.પી.૬૦, મહાવીર સંસ્કારધામની પાછળ, જહાંગીરપુરા, સુરત. | ૨,૮૬,૧૪૨ | ઓપન પ્લોટ (રેસીડન્સ) |

ઉપર જણાવેલ મિલ્કતના બાકીદારોની વિગત તથા વધુ માહિતી ડો.બાળાસાહેબ દેવરસ રોડ, તાડવાડી, ન્યુ રાંદેર રોડ, સુરત મુકામે આવેલ વેસ્ટઝોન(રાંદેર)ના વહીવટીભવનમાં આકારણી અને વસુલાત વિભાગની કચેરીમાંથી સેકશન ઓફિસર પાસેથી મળી શકશે.

નોંધઃ-

(૧) આ જાહેર નોટીસની પ્રસિધ્ધિ દરમ્યાન ઉપરોકત મિકલ્યો પૈકી જે મિલ્કતનો મ્યુ.ટેક્ષ ભરપાઈ કરવામાં આવ્યો હોય તો જે તે મિલ્કતદારે આ જાહેર નોટસ ને રદબાતલ સમજવી.

(૨) વેસ્ટ (રાંદેર) ઝોનમાં સમાવિષ્ટ તમામ વોર્ડના બીલો ઈસ્યુ થઈ ગયેલ હોવાથી જે કરદાતાની મિલ્કતોનો મ્યુ.વેરો, પાણી વેરો તથા પ્રોફેશન ટેક્ષ બાકી હોય તે તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

**વિષેશ નોંધ (મિલ્કતવેરાના વ્યાજમાં રાહત પ્રોત્સાહક યોજના) :** - સામાન્ય સભાના ઠરાવ નં.૨૧/૨૦૨૬ મુજબ સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારના તમામ મિલ્કતદારોને તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધીમાં મિલ્કતવેરો યુઝર ચાર્જ તમેજ શિક્ષણવેરો સહિત પૂરેપૂરો ભરપાઈ કરવામાં આવશે એટલે કે સુરત મહાનગરપાલિકા આકારણી દફતરે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ સુધીનો પાછલો તેમજ ચાલુ તેમજ તમામ વેરો પૂરેપૂરો ભરપાઈ કરવામાં આવશે તો.....

(અ) રહેણાંક મિલ્કત માટે તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનેલ્ટીમાં ૧૦૦% રાહત.

(બ) બિનરહેણાંક મિલ્કત માટે તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીની વ્યાજપાત્ર રકમ પરના વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનેલ્ટીમાં ૫૦% રાહત.

મિલ્કતનાં વેરાની વિગત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in ઉપર લોગ ઓન થઈ જાણી અને ભરી શકાય છે.

**નં.પી.આર.ઓ./૭૫૩/૨૦૨૫-૨૬**
**તા. ૧૮/૦૩/૨૦૨૬**

**એડી.સીટી ઈજનેર (સીવીલ)**
**વેસ્ટઝોન (રાંદેર)**
**સુરત મહાનગરપાલિકા**

## તંત્રી લેખ...-

ગુરૂવાર, તા. ૧૯ માર્ચ ૨૦૨૬

# શાંતિના કોઇ અણસાર નથી; યુદ્ધની સ્થિતિ ગંભીર

ઈરાન પરના આક્રમણના ૧૮મા દિવસે ઈઝરાયલે ઈરાનની સર્વોચ્ચ સુરક્ષા પરિષદના વડા અલી લારીજાનીને મોતને ઘાટ ઉતારી દેતાં યુદ્ધની સ્થિતિ વધુ વણસે એવી ભીતિ સેવાઈ રહી છે. અમેરિકા-ઈઝરાયલ લક્ષ્યો પર સચોટ પ્રહાર કરી રહ્યા છે. આયાતોલ્લા ખોમેનીને ખતમ કર્યા પછી તેમનું સ્થાન લેનાર સુપ્રીમ લીડર મોજતબા ખોમેનીને પણ ગંભીર ઈજા પહોંચ્યાની વાત છે. ઈઝરાયલના આ દાવાને સમર્થન નથી મળ્યું તેમ તેહરાન તરફથી નનૈયોએ નથી થયો. એ અનિશ્ચિતતા વચ્ચે અલી લારીજાની ઉપરાંત બસીઝ કમાન્ડર સુલેમાનીના ખાતમાથી ઈરાનને મોટો ફટકો પડયો છે. રાજદ્વારી સૂત્રો માને છે કે, ઉપરાઉપરી ફટકામાં ઈરાનની નેતૃત્વ હરોળ પડી ભાંગી છે. આ સ્થિતિમાંય તે શરણાગતિ કરે એવા કોઈ અણસાર નથી. તેથી ઊલટું અખાતી દેશો પર મિસાઈલ હુમલા વધારી નાખ્યા છે. અમેરિકા પણ યુદ્ધ ખતમ કરવા મરણિયું બન્યું છે. ઘર મોરચે વધતી મોંઘવારી અને ઈંધણના મોંઘા દામને લીધે ટ્રમ્પ ઘેરાઈ ચૂક્યા છે. હોર્મુઝમાં ઈરાને બરોબરનો મોરચો માંડયો છે. મરણિયા બનેલા ઈરાન માટે હોર્મુઝનો કબજો અસ્તિત્વની લડાઈ છે. ટ્રમ્પે હોર્મુઝ ક્ષેત્રમાં ઈરાની ઠેકાણાઓને બંકર-બસ્ટર બોમ્બથી નિશાન બનાવ્યાં છે. વળતી કાર્યવાહીમાં ઈરાને એકસોથી વધુ મિસાઈલ દાગ્યાં. વિશ્વ મંચ પર ટ્રમ્પ એકલા પડી ગયા છે. ઈઝરાયલ અને તેના રાષ્ટ્રપ્રમુખ નેતન્યાહુ ટ્રમ્પની આરતી ઉતારે છે. એક વર્ગ એવું માને છે કે, ઈરાન સાથે જંગ છેડવાની કોઈ જરૂર નહોતી. યુદ્ધ ઉન્માદ ટ્રમ્પની બીમારી છે. લાગે છે કે, તેઓ દુનિયાને અમેરિકાની તાકાત અને મિજાજથી ડરાવવા માગે છે, પણ પરિસ્થિતિ હવે બદલાઈ ગઈ છે. વિશ્વ વ્યવસ્થામાં મોટો ચેન્જ આવ્યો છે. અમેરિકા કે બીજા કોઈ એકલ-દોકલ દેશને દાદ મળે એવી સંભાવના રતીભરે નથી રહી. નાટો દેશોએ હોર્મુઝમાં યુદ્ધ જહાજ મોકલવાનો ટ્રમ્પનો અનુરોધ ઠુકરાવી દીધો છે. ધૂંધવાઈ ગયેલા ડોનાલ્ડે કહી દીધું મને કોઈની જરૂર નથી. એકંદરે પરિસ્થિતિ વિસ્ફોટક છે અને દુનિયાને ચિંતામાં મૂકી દીધી છે. ભારત જેવા વિશાળ દેશ માટે તેલ-ગેસની અછતની ભીતિ સતાવી રહી છે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી સહી સલામત નીકળીને બીજું ભારતીય એલપીજી જહાજ કંડલા પહોંચ્યું અને ત્રીજું કચ્છ તરફ આવી રહ્યું છે. સરકારે તેલ સંકટ ઓસરી ગયાનો દાવો કર્યો છે. હકીકત એ છે કે, મોતની ટનલ બની ગયેલી હોર્મુઝ ખાડીમાં હજુએ ૨૨ જહાજ ફસાયેલાં છે. યુદ્ધ શરૂ થયું એ વખતે ૨૮ ભારતીય ત્રિરંગાવાળાં જહાજ ત્યાં હતાં. આ બધા જહાજ એલપીજીનાં છે, એ ભારત પહોંચે નહીં ત્યાં સુધી અછતનો ડર રહેવાનો જ. ઈરાનને દુનિયાની પડી નથી. એ મરણિયું બન્યું છે. ભારત તેનું મિત્ર હોવા છતાં હોર્મુઝ પસાર કરનાર બધાં જહાજ તેને શત્રુનાં જ લાગવાના. આવનારા દિવસો હજુ મુશ્કેલીભર્યા રહેશે. ભારતની મુત્સદીગીરીની કસોટી થવાની.

# રાજ્યસભા ચૂંટણી પરિણામ : આત્મમંથન કરે વિપક્ષો

સંસદમાં મોદી સરકાર સામે વિરોધનો પ્રસ્તાવ રજૂ કરવામાં વિપક્ષી એકતા બતાવનાર નેતાઓ રાજ્યસભાની ચૂંટણીમાં એકતા સાબિત કરી શક્યા નથી. બિહાર, ઓડિશા અને હરિયાણા મળીને કુલ અગિયાર બેઠકો માટે વિધાનસભ્યોએ વોટ આપવાના હતા તેમાં વિપક્ષી વિધાનસભ્યો વોટ આપવા આવ્યા જ નહીં અને કેટલાક સભ્યોએ આવીને ભાજપના ઉમેદવારોને વોટ આપ્યા. પરિણામે ભાજપને સાત બેઠકો મળી છે. હરિયાણાની બે બેઠકોમાં મતદાન થયા પછી વિવાદ થયો અને મતગણતરી મોડી રાત સુધી મોકૂફ રાખવી પડી. આગામી એપ્રિલ મહિનામાં રાજ્યસભાની કુલ ૩૭ બેઠકો ખાલી પડી રહી છે તેમાંથી ૨૬ બેઠકોના ઉમેદવારો વિનાવિરોધે ચૂંટાઈ ગયા છે. બાકીની અગિયાર બેઠકોની ચૂંટણી થઈ તેમાં વિપક્ષી એકતાનો દાવો પોકળ સાબિત થયો છે! હવે બિહારમાં રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ અને ઓડિશાના પૂર્વ મુખ્યપ્રધાન નવીન પટનાયક ભાજપ સામે ફરિયાદ કરે અને આક્ષેપો કરે છે, પણ પોતાના સભ્યોને તેઓ સાચવી શક્યા નહીં તે હકીકત છે. બિહારમાં તો મહાગઠબંધનના નામે ચૂંટાયેલા સભ્યોમાંથી કોંગ્રેસના ત્રણ સભ્યો મત આપવા આવ્યા જ નહીં. આરજેડીના સભ્ય ફૈઝલ રહેમાન પણ 'ગેરહાજર' રહ્યા. સૌના મોબાઈલ ફોન બંધ - સંપર્ક ક્ષેત્રથી બહાર રહ્યા પરિણામે મહાગઠબંધનની નામોશી થઈ. બિહારની પાંચ બેઠકોમાંથી એક બેઠક જીતવાની આશા મહાગઠબંધનને હતી.. કારણ કે, ઓવૈસીના પાંચ અને બહુજન સમાજના એક સભ્યનો વોટ મળવાની ખાતરી હતી, પણ મતદાનમાં કોંગ્રેસના ત્રણ અને આરજેડીના એક સભ્ય ગાયબ હતા! ઓડિશામાં પણ કોંગ્રેસના ત્રણ અને બીજેડી (બીજુ જનતા દળ)ના આઠ સભ્યોએ ભાજપના ઉમેદવારને જીતાડી દીધા. બીજેડીના સસ્પેન્ડ થયેલા બે સભ્યોએ પણ ભાજપના દિલીપ રાયને મત આપ્યા. આમ - બિહારમાં તેજસ્વી લાલુ યાદવ અને ઓડિશામાં નવીન પટનાયકનાં નાક કપાયાં છે! નવીન પટનાયકે તો કોંગ્રેસ સાથે ભાગીદારી કરીને સમર્થન મેળવ્યું હતું! કોંગ્રેસની નેતાગીરીની પ્રતિષ્ઠા અને લોકપ્રિયતાનું ધોવાણ થયું છે. રાજ્યસભા ચૂંટણીએ ફરી એકવાર એ સાબિત કરી આપ્યું છે કે, રાજનીતિ માત્ર આંકડાની રમત નથી, સંગઠન, શિસ્ત અને નેતૃત્વની પણ પરીક્ષા છે. જે કંઈ બન્યું એમાં વિરોધ પક્ષની આંતરિક નબળાઈ પ્રસ્થાપિત થઈ છે. કોંગ્રેસ અને તેના નેતાઓ માટે તો મોટી લપડાક છે. ઈન્દિરા ગાંધી અને પી.વી. નરસિંહરાવના વખતનો યુગ કોંગ્રેસ માટે હવે સપનું જ રહી ગયો છે. પક્ષપ્રમુખ ખડગે અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સંગઠનાત્મક કમજોરી સ્વીકારીને જાગવાની જરૂર છે. એક-દોઢ મહિના દરમ્યાન પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી યોજાશે. એ પહેલાં કોંગ્રેસ અને બીજા વિપક્ષોને રાજ્યસભા ચૂંટણીથી નિરાશા થઈ હશે એ સ્વાભાવિક છે.

### કિંજલ ગાયિકા તરીકે રબારી સમાજના કાર્યક્રમો પર આશ્રિત છે એ તો એક કારણ છે

# કિંજલ રબારી પછી કંકુ ચૌધરી

### રબારી સમાજે પોતાની દીકરીને ઘૂંટણિયે પાડી તો આપણે કેમ પાછળ રહી જઈએ એમ માનીને ચૌધરી આગેવાનો વર્તી રહ્યા છે.

ગુજરાતમાં હમણાં જબરદસ્ત સર્કસ ચાલી રહ્યું છે ને જ્ઞાતિની આબરૂના નામે બંધારણના લિરેલિરા ઉડાવાઈ રહ્યા છે. થોડા સમય પહેલાં જાણીતી ગાયિકા કિંજલ રબારીનાં પ્રેમલગ્ને બબાલ ઉભી કરેલી ને રબારી જ્ઞાતિએ જબરદસ્ત દબાણ ઊભું કરીને કિંજલને નાકલીટી તણાવીને અશોક ચૌધરી નામના આંજણા પટેલ સમાજના છોકરા સાથે કરેલાં લગ્ન ફોક કરવાની ફરજ પાડી હતી. કિંજલને જાત જાતની ધમકીઓ મળી પછી એ પોતાના મા-બાપને ઘેર પાછી ફરી છે અને પોતાનાથી ભૂલ થઈ હોવાનું સ્વીકારીને સમાજની માફી માગી લીધી છે.હવે ચૌધરી સમાજ મેદાનમાં આવ્યો છે અને કંકુબેન ચૌધરી નામની યુવતીએ રબારી યુવક સાથે લગ્ન કર્યાં તેની સામે વાંધો લઈને કંકુબેન ચૌધરીને પાછાં લાવવા માટે રબારી સમાજને અલ્ટિમેટમ આપ્યું છે. બનાસકાંઠા જિલ્લાના ભાભરના રુણી ગામની કંકુ ચૌધરીએ દોઢ-બે વર્ષ પહેલાં ઉણ ગામના મહાદેવ રબારી નામના યુવક સાથે લગ્ન કર્યા હતા અને આ લગ્નથી એક દીકરો પણ થયો છે.કિંજલનો વિવાદ ચગ્યો ત્યારે અચાનક જ કંકુબેનનો કિસ્સો પણ સોશ્યલ મીડિયામાં વાઈરલ થઈ ગયેલો. ચૌધરી સમાજના કેટલાક આગેવાનોઓ આ વાત પકડી લીધી ને રવિવારે ભાભરના રુણી ગામે મહાસંમેલન યોજીને ઠરાવ કરી નાંખ્યો કે, આગામી પાંચ દિવસમાં સમાજના આગેવાનો ચૌધરી દીકરીને પાછી તેનાં મા-બાપ પાસે લઈ આવશે. આ ઠરાવ પ્રમાણે, ચૌધરી સમાજના આગેવાનો પાંચ દિવસ દરમિયાન રબારી સમાજના આગેવાનો સાથે વાત કરીને દીકરીને પરત લાવવા મથશે પણ પાંચ દિવસમાં કંઈ નહી થાય તો પાછું સંમેલન યોજીને આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે.પાંચ દિવસમાં શું થશે એ કોઈને ખબર નથી પણ આઘાતજનક વાત એ છે કે, સમાજના આગેવાનોએ પોતે જેના વિશે નિર્ણય લીધો એ કંકુબેન ચૌધરીની મરજી શું છે એ જાણવાની તમા જ નથી રાખી. કંકુબેને સોશ્યલ મીડિયા પર વીડિયો મૂકીને પોતે પતિ સાથે રહેવા માગે છે એવું સાફ શબ્દોમાં કહ્યું છે અને સમાજના આગેવાનોને પોતાના પરિવારમાં કોઈ વિખવાદ ન થાય તેવી આજીજી કરી છે પણ કોઈ તેમનું સાંભળવા તૈયાર નથી.કંકુબેન ચૌધરીએ વીડિયોમાં રબારી અને ચૌધરી સમાજના આગેવાનોને હાથ જોડીને વિનંતી કરતાં સાફ શબ્દોમાં કહ્યું છે કે, પોતે ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ પોતાની મરજીથી ઘરેથી નિકળ્યાં હતાં અને મહાદેવ રબારી સાથે હિન્દુ રીત-રિવાજ મુજબ લગ્ન કર્યાં હતાં. આ લગ્નથી એક વર્ષનો દીકરો પણ છે અને મારા દીકરાને કોઈનાથી પણ દૂર કરીને મા કે બાપ વગરનો ન બનાવવામાં આવે. આગેવાનો એવો નિર્ણય લે કે મારો પરિવાર ન વિખેરાય. કંકુબેનની આજીજી છતાં તેમને પાછાં લાવવાનો નિર્ણય લેવાયો એ સંવેદનહિનતાનો નાદાર નમૂનો છે. એક સ્ત્રી પોતાનું ઘર ના ભાંગે ને પોતાનો દીકરો એકલો ના પડી જાય એ માટે વિનંતી કરે છે છતાં સમાજને તેની પરવા નથી એ કેવું?આ સંવેદનહિનતા પાછળ ટોળાશાહીનો મદ છે. રબારી સમાજે પોતાની દીકરીને ઘૂંટણિયે પાડી તો આપણે કેમ પાછળ રહી જઈએ એમ માનીને ચૌધરી આગેવાનો વર્તી રહ્યા છે. એક ૨૧ વર્ષની છોકરીને નમાવીને રબારી આગેવાનો પોતાની મર્દાનગીના કેફમાં ફૂલાઈ રહ્યા છે ને ચૌધરી આગેવાનોને પણ એ જ કેફ જોઈએ છે. કિંજલ આગેવાનો સામે ઝીક ના ઝીલી શકી તેમાં તેનો વાંક નથી. કિંજલ ગાયિકા તરીકે રબારી સમાજના કાર્યક્રમો પર આશ્રિત છે એ તો એક કારણ છે જ પણ ૨૧ વર્ષની છોકરી એકલી કોની કોની સામે લડી શકે?ગુજરાતમાં જ્ઞાતિઓના સન્માનના નામે થઈ રહેલા ભવાડા ખતરનાક છે ને ગુજરાતમાં ખાપ પંચાયત કરતાં પણ ખતરનાક અને ઝેરીલું કલ્ચર વિકસી રહ્યું હોવાનો ગંભીર સંકેત આપી રહ્યા છે. હરિયાણા, ઉત્તર પ્રદેષ. રાજસ્થાન વગેરે ઉત્તર ભારતનાં રાજ્યોમાં ખાપ પંચાચતોને સગોત્ર લગ્નો સામે વાંધો હતો ને આ વાંધાના કારણે લગ્ન કરનારાં યુવક કે યુવતીની ને કેટલાક કિસ્સામાં તો બંનેની હત્યાઓ કરી દેવાની આઘાતજનક ઘટનાઓ બનતી હતી ને આજેય બનતી હશે. એક જ ગોત્રનાં હોય એવાં યુવક-યુવતી ભાઈ-બહેન કહેવાય તેથી તેમની વચ્ચે લગ્ન ના થઈ શકે એવી સમાજના આગેવાનોની દલીલ હતી.ખાપ આગેવાનોની આ દલીલ તાર્કિક નથી કેમ કે હિંદુ સમાજમાં એવાં લગ્નોનો બાધ નથી. ૧૯૫૫ના હિંદુ મેરેજ એક્ટમાં પિતરાઈ ભાઈ-બહેનોનાં લગ્ન માન્ય નથી પણ તેમાં પણ પ્રાદેશિક પરંપરાઓને આધારે પિતરાઈઓ વચ્ચે થતાં લગ્ન ગેરકાયદે નથી ગણાવાયાં. દક્ષિણ ભારતમાં તો ઘણી જ્ઞાતિઓમાં મામા-ફોઈનાં પિતરાઈ ભાઈ-બહેનોનાં લગ્ન સામાન્ય છે. આંધ્ર પ્રદેશમાં રેડ્ડી અને વેલ્લાલર જ્ઞાતિમાં તો આવાં લગ્ન બહુ સામાન્ય છે. દક્ષિણ ભારતના બ્રાહ્મણોમાં પણ પિતરાઈ ભાઈ-બહેનો વચ્ચે લગ્નો થાય છે. જાણીને આઘાત લાગશે પણ દક્ષિણ ભારતમાં ઘણી જ્ઞાતિઓમાં તો મામાનાં ભાણેજ સાથે, ફોઈનાં ભત્રીજા સાથે કે કાકાનાં ભત્રીજી સાથે લગ્ન પણ થાય છે. પોતાના જ ભાઈ કે બહેનના સંતાન સાથે સ્ત્રી અને પુરૂષ બંને લગ્ન કરી શકે છે.હવે જેમની વચ્ચે સીધા લોહીના સંબંધ છે એ પરણી શકતાં હોય ને તેમને કોઈ છોછ ના નડતો હોય તો એક ગોત્રનાં યુવક-યુવતીને ભાઈ-બહેન ગણીને લગ્ન કરતાં રોકવાની વાત કઈ રીતે ચાલે? પણ આપણા દેશમાં એવું ચાલે છે. સગોત્ર લગ્ન કરનારાંની હત્યાઓ પણ થાય છે ને તેમનાં લગ્ન ફોક પણ કરાવાય છે. ગુજરાતમાં જ્ઞાતિના આગેવાનો એક કદમ આગળ વધ્યા છે ને પોતાની જ્ઞાતિની બહાર થતાં લગ્નોને ફોક કરાવી રહ્યા છે. રબારી અને ચૌધરી જ્ઞાતિના આગેવાનોએ તેની શરૂઆત કરી છે ને તેમને રોકનારુ કોઈ નથી તેથી બીજી જ્ઞાતિના આગેવાનોની હિંમત પણ વધશે. ધીરે ધીરે બીજી જ્ઞાતિના આગેવાનો પણ આ જ ધંધો માંડીને બેસી જશે ને બંધારણે આપેલા પોતાની મરજીથી લગ્નના અધિકારના ધજાગરા ઉડી જશે.આ ઘટનાક્રમ ખતરનાક છે કેમ કે તેના બહાને જ્ઞાતિના આગેવાનોનો અહમ સંતોષવાનો ખેલ ખેલાઈ રહ્યો છે. ખાપ પંચાયતોના આગેવાનો ફરમાન કરે પછી ઘણાં પ્રેમી યુગલો તેમની નાફરમાની કરી દેતાં. એવા કિસ્સામાં હત્યાની ઘટનાઓ બનતી. ગુજરાતમાં હજુ શરૂઆત છે તેથી એવી કોઈ અનિચ્છનિય ઘટના બની નથી ને આપણે પ્રાર્થના કરીએ કે એવું કશું ના બને પણ અહમના ખેલમાં ક્યારે શું થાય તેની ગેરંટી હોતી નથી. ગુજરાતમાં આંતરજ્ઞાતિય લગ્નોના વિવાદમાં હત્યાઓની ઘટનાઓ બનેલી જ છે.આ સ્થિતી પેદા થાય એ પહેલાં ગુજરાત સરકાર જાગે અને જ્ઞાતિની આબરૂના નામે થતા ભવાડાઓને રોકે એ જરૂરી છે. ગુજરાત સરકારે આ બધું કડક હાથે દબાવીને બંધારણે આપેલા નાગરીકોના અધિકારોનું રક્ષણ કરવાની ફરજ બજાવવી જોઈએ. લગ્ન એ વ્યક્તિગત બાબત છે ને તેને સમાજનો એકાધિકાર બનાવવા માગતા નમૂનાઓને ઠંડા પાડીને યુવાઓના અધિકારોનું રક્ષણ નહી કરાય તો ગુજરાતમાં પણ હાલત ખરાબ થશે એ સમજવું જોઈએ.

### સેલ્ફ કેર : મહિલાઓ પોતાનુ ધ્યાન રાખે તે પણ ખુબ જરૂરી છે...

# બાળકો થયા ગયા છે તો શુ થઇ ગયુ

- બાળકો થયા બાદ જીવનસાથી સાથેના સંબંધો પર નકારાત્મક અસર થાય છે જેથી જીવનસાથીને પુરતો સમય આપવામાં આવે તે પણ જરૂરી

દેશ અને દુનિયામાં કોઇ પણ દંપત્તિની લાઇફ એ વખતે બદલાઇ જાય છે જયારે તેમના ઘરમાં બાળકો થઇ જાય છે. તેમની પ્રાથમિકતા પણ સમયની સાથે સાથે બદલાઇ જાય છે. વિચારવાની શક્તિ પણ બદલાઇ જાય છે. પરંતુ જાણકાર લોકો કહે છે કે બાળકો થયા બાદ પણ લાઇફની પુરતી મજા બાળકોની સાથે રહીને પણ માણી શકાય છે. માત્ર લગ્ન અને બાળકોના જન્મ સુધી મહિલાઓએ પોતાનુ ધ્યાન રાખવુ જોઇએ આ તર્કને નકારી કાઢીને પોતાના માટે પણ મહિલાઓ થોડોક સમય કાઢે તે જરૂરી છે. લગ્ન બાદ મહિલાઓના ફ્રેન્ડ સર્કલ લગભગ ખતમ થઇ જાય છે. ફ્રેન્ડના સંપર્કો તુટી જાય છે. બાળકો અને ઘર પરિવારની જવાબદારી અદા કરતા કરતા તે પોતાની ખુશીનુ ધ્યાન રાખવાનુ પણ ભુલી જાય છે. પરંતુ મહિલાઓ આવુ ન કરે તેમ નિષ્ણાંતો સલાહ આપે છે. યાદ રાખવા જેવી બાબત છે કરે જો તમે ખુશ રહેશો તો જ અન્ય પરિવારના સભ્યોને ખુશ રાખી શકશો. આના માટે મહિલાઓને પોતાના માટે સમય ચોક્કસપણે કાઢવો જોઇએ. પોતાને પેમ્પર કરવામાં આવે તે જરૂરી છે. સપ્તાહ અથવા તો મહિનાઓમાં એક બે વખત ફ્રેન્ડ સાથે વાતચીત અને તેમને મળવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. મિત્રોને મળતા રહેવાથી પણ ખુશ રહી શકાય છે. આના કારણે જુની યાદો તાજી થઇ જાય છે.

ખુશ રહેવા માટે મિત્રો સાથે કોઇ હોબી ક્લાસમા ંપણ જઇ શકો છો. સામાન્ય રીતે મહિલાઓએ લગ્ન પહેલા પોતાના લુક અને ફિટનેસને લઇને સાવધાન રહે છે. પરંતુ બાળકો થઇ ગયા બાદ આને લઇને વધારે સાવધાન રહેતી નથી. બાળકો થઇ ગયા બાદ તે કેવી દેખાઇ રહી છે તેને લઇને તે ગંભીર રહેતી નથી. તેને કોઇ જુવે કે ન જુવે તેને કોઇ અસર થતી નથી. પરંતુ આ પ્રકારની ભાવના યોગ્ય નથી. પોતાને સ્વસ્થ અને ફિટનેસ પ્રત્યે સાવધાન રહેવામાં આવે તે જરૂરી છે. આ બાબત જરૂરી છે કે પોતાને ખુશ રાખવા માટે પોતાના આરોગ્ય પર ખાસ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. મહિલાઓ લગ્ન બાદ પણ ખુશ રહી શકે છે. સાથે સાથે પોતાના જુના મિત્રોના સંપર્કમાં રહીને આગળ વધી શકે છે. સેલ્ફ કેરની બાબત મહિવાઓ માટે ખુબ જરૂરી બની છે. આધુનિક સમયમાં તો મહિલાઓ વધારે સાવધાન રહે તે જરૂરી છે. હવે ટેકનોલોજીના યુગમાં તો મહિલાઓ મોબાઇલ અને અન્ય ડિવાઇસની મદદથી પણ પોતાને ખુશ રાખી શકે છે. બાળકોનો જન્મ થયા બાદ જે ચીજો પર નકારાત્મક અસર થાય છે તે છે જીવનસાથી સાથે સંબંધો. મહિલાઓ બાળકોની સાથે એટલી વ્યસ્ત થઇ જાય છે કે તેને પોતાના અને જીવનસાથી વચ્ચે જે અંતર છે તેની ખબર રહેતી નથી. સંબંધોની ગરમીને હમેંશા જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. આના માટે જીવનસાથી સાથે ડિનર ડેટ, કેન્ડલ લાઇટ ડિનર અને ફિલ્મો નિહાળવા અને કોઇ જગ્યાએ ફરવા માટેની યોજના બનાવી શકાય છે. ઘરે પણ કેટલાક સમયને સાથે માણી શકાય છે. ભલે મહિનામાં એક વખત બહાર જવામાં આવે પરંતુ આના કારણે સંબંધોમાં ગરમી રહે છે. પતિ અને પત્નિ એકબીજાની પસંદગીની બાબતનુ ધ્યાન રાખે તે જરૂરી છે.

અનમોલ સમયને એક સાથે ગાળવામાં આવે તે જરૂરી છે. ફ્રેન્ડ સર્કલને લઇને લઇને ઉદાસીનતા રાખવામા ન આવે તે જરૂરી છે.સાયકોલોજિસ્ટ તબીબો પણ માને છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઇફમાં સામાજિક સંબંધની સીધી અસર થઇ રહી છે. પતિ અને પત્નિના સંબંધો પર બાળકો થયા બાદ નકારાત્મક અસર થવા માટેના કેટલાક કારણો રહેલા હોય છે. જે પૈકી એક કારણ તો એકબીજાને સમય ન આપવા સાથે સંબંધિત હોય છે. કેટલીક મહિલાઓ તો કહે છે કે લગ્નના પાંચ વર્ષ બાદ જ્યારે તે પોતાની ફ્રેન્ડોને મળી ત્યારે તેને કોઇ ઓખળી શકી ન હતી. કારણ કે તે લગ્ન બાદ ખુબ બદલાઇ જાય છે. મોટા ભાગની મહિલાઓ એવી દલીલ આપે છે કે બાળકના જન્મ બાદ તે તેના પર ધ્યાનમા વધારે સમય આપે છે. જ્યારે પતિ પોતાના કામ પર વધારે ધ્યાન આપે છે. આવી સ્થિતીમાં એકબીજા પર ધ્યાન આપી શકાતુ નથી.

મહિલાઓ સામાન્ય રીતે લગ્ન થયા બાદ અને ખાસ કરીને બાળકો થયા બાદ પોતાની ખાસ પસંદગીની ચીજોને છોડી દે છે. જેથી તેની સીધી અસર થાય છે. આવી સ્થિતીમાં જાણકાર લોકો મોટા ભાગના દંપત્તિને એકબીજા માટે સમય આપવા માટેની સલાહ આપે છે. આના લીધે બાળકોની હાજરીમાં ખુશ રહી શકાય છે.

### હેર ટ્રાન્સપ્લાન્ટેશન માટે લોકો જંગી નાણાં ખર્ચ કરી નાંખે છે ....

# ખરતા વાળને લઇને લોકો પરેશાન

### વાળ ખરવા માટે કેટલાક કારણો રહેલા છે : બે ટેકનિકથી હેર ટ્રાન્સપ્લાન્ટ કરવામા ંઆવે છે : વાળ ખરવાની સમસ્યા જટિલ

વાળ ખરી પડવાની પ્રક્રિયાથી દુનિયાના મોટા ભાગના પુરૂષો પરેશાન થયેલા છે. જંગી રકમ પણ વાળ ન ખરી પડે અથવા તો વાળ ખરી પડ્યા બાદ વાળ માટે કરે છે.પુરૂષોમાં વાળ ખરી પડવાની બાબત વધારે જોવા મળે છે. સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે. પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે. આ પ્રક્રિયા દરમિયાન એક વ્યક્તિનુ તો મોત પણ થઇ ગયુ હતુ. હેર ટ્રાન્સપ્લાન્ટ અને તેની સાથે જોડાયેલી સાવધાન પર અમે આજે વાત કરી રહ્યા છીએ. વાળના સ્વાસ્થ માટે વિટામિન, બાયોટિન અને મિનરલ યુક્ત ભોજન ઉપયોગી સાબિત થાય છે. બાદામ, મગફળી પણ ઉપયોગી સાબિત થાય છે. વધારે પડતા ટેન્શન, સતત કેંમિકલયુક્ત પેદાશોના ઉપયોગ અને વારંવાર શેમ્પુ અને અન્ય પેદાશોના બદલવાના કારણે આ તકલીફ થાય છે. હાર્મોનલ ફેરફાર પણ અસર કરે છે. સમય કરતા પહેલા અથવા તો ચોક્કસ વય બાદ હાર્મોનમાં ફેરફાર થાય છે. મહિલાઓમાં તાઇરોઇડ હાર્મોન, લોહીની કમી અને પીસીઓડીની સમસ્યાથી વાળ ખરી પડે છે. પુરૂષોમં જોવા મળનાર ટેસ્ટોસ્ટેરોન હાર્મોન ડિહાઇડ્રોસ્ટોસ્ટેરોનમાં ફેરવાઇ જાય છે ત્યારે માથાના આગળના વાળ ખરી પડે છે. બે ટેકનિક મારફતે હેર ટ્રાન્સપ્લાન્ટની વિધી કરવામાં આવી છે. ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશનની એક પ્રક્રિયા છે. જેમાં માથાના પાછળના હિસ્સાથી બે સેન્ટીમીટર પહોળા કદમાં ચામડી કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ તેંમાંથી વાળને અલગ કરીને માથાના આગળના હિસ્સા પર મેડિકેટેડ સોઇ મારફતે વાળ ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. એ ગાળા દરમિયાન જે જગ્યાએ ચામડી લેવામાં આવે છે ત્યાં ટાંકા લગાવી દેવામા ંઆવે છે. ત્યારબાદ નિશાન દેખાતા નથી. અન્ય એક ટેકનિક ફોલિક્યુલર યુનિટ એક્સટ્રેક્શન છે. જેના ભાગરૂપે એક ખાસ પ્રકારની મશીનથી માથાના પાછળના હિસ્સાથી એક એક વાળ કાઢીને માથાના આગળના હિસ્સામાં ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૭થી ૧૦ દિવસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી. આ ગાળા દરમિયાન બે ત્રણ દિવસ માટે પ્રભાવી જગ્યાએ પટ્ટી કરવામાં આવે છે. સાથે સાથે હેલમેટ અને ટોપી ન પહેરવા માટે કહેવામાં આવે છે. દર્દીને ચાર પાંચ દિવસ સુધી એન્ટીબાયોટિક અને પેઇન કિલર આપવામાં આવે છે. જેથી પીડા થતી નથી. આનાથી ઈન્ફેક્શનની શક્યતા ઘટી જાય છે. સમયમાં ભાગદોડ ભરેલી લાઈફસ્ટાઈલ, સ્ટ્રેસ, હાર્મોનને લઈને અસમતુલા અને અયોગ્ય સારસંભાળના પરિણામ સ્વરૂપે ઘણીબધી સમસ્યાઓની સાથે સાથે માથાના વાળ ખરવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. માથામાં વાળ ખરી પડવાની સમસ્યા એટલી જટિલ બની છે કે હેરફોલને રોકવા માટે જે કંપનીઓ મેદાનમાં છે અને આની સારવાર માટેનો દાવો કરે છે તે કંપનીઓ અભૂતપૂર્વ નાણાં કમાઈ રહી છે. હેરફોલને રોકવા માટે શું કરવામાં આવે તેના માટે કઈ દવા લેવામાં

આવે, તેના માટે કયા લોશનનો ઉપયોગ કરવામાં આવે તેને લઈને તમામને પ્રશ્ન સતાવી રહે છે. આવા સમયમાં આની સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ અને નિષ્ણાંત લોકોનું કહેવું છે કે હેરફોલને રોકવાની બાબત કોઈ સરળ પ્રક્રિયા નથી.

પરંતુ જો સાવધાનીપૂર્વક ડાયટ સાથે આગળ વધવામાં આવે અને પૂરતા પ્રમાણમાં પોષક તત્વોનો ઉપયોગ કરવામાં આવે તો આવી સ્થિતિમાં વાળ ખરી પડવાની સમસ્યાને રોકી શકાય છે. એવા પોષકતત્વો ભોજનમાં લેવા જોઈએ જેમાં વધુ પ્રમાણમાં વિશેષપ્રકારના તત્વો રહેલા હોય. ઓમેગા-૩ ફેટીએસિડ, ઝિંક, પ્રોટીન, બાયોર્ટિન, આયરન અને વિટામિન-ડી જેવી ચીજવસ્તુઓ ભોજનમાં વધુ પ્રમાણમાં લેવામાં આવે તો હેલ્થીહેર મેળવવામાં મદદરૂપ બની શકે છે. ડર્મેટોલોજિસ્ટ અને એન્ટીએજીન્સ સ્પેશિયાલિસ્ટ તબીબોનું કહેવું છે કે મલ્ટિવિટામિન અથવા તો સપ્લિમેન્ટ જેમાં ઝિંક, વિટામિન, ફોલેક, આયરન, કેલ્શિયમ વધારે પ્રમાણમાં રહે તેનાથી મદદ મળે છે. સ્વસ્થ હેરને જાળવી રાખવામાં બાયોર્ટીન સપ્લિમેન્ટ ખૂબજ ઉપયોગી છે. જો કે વિટામિન એનું વધુ પ્રમાણ વાળ ખરવાની સમસ્યાને આમંત્રણ આપે છે.



# નોરા ફતેહીનો નિર્માતાઓ પર સંમતિ વગર AI-જનરેટેડ ઈમેજ ઉપયોગ કરવાનો આરોપ

એક્ટ્રેસ અને ડાન્સર નોરા ફતેહીએ આવનારી ફિલ્મ 'કે.ડી.: ધ ડેવિલ'ના ગીત 'સરકે ચૂનર'ને લઈને સર્જાયેલા વિવાદ પર પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે, કારણ કે ગીતની હિન્દી વર્ઝનને તેનાં દ્વી અર્થી શબ્દો માટે ટીકા થઈ છે.

ગીતનું હિન્દી વર્ઝન, જેમાં નોરા ફતેહી સાથે સંજય દત્ત પણ જોવા મળે છે, ગીત રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર વિરોધનો સામનો કરવો પડ્યો. આક્રોશ પછી આ ગીત યુટ્યુબ પરથી હટાવી દેવામાં આવ્યું, જોકે તે પહેલા જ વાયરલ થઈ ચૂક્યું હતું. પ્રેમ દ્વારા દિગ્દર્શિત અને ધ્રુવ સર્જા અભિનિત આ ફિલ્મ ૩૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ અનેક ભાષાઓમાં રિલીઝ થવાની છે.

ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા ચાર મિનિટના વિડિયોમાં, નોરા ફતેહીએ જણાવ્યું કે તેને હિન્દી વર્ઝન અથવા તેના શબ્દો વિશે કોઈ જાણકારી નહોતી. તેણે આ ગીત ત્રણ વર્ષ પહેલા કન્નડમાં શૂટ કર્યું હતું અને મોટા પ્રોજેક્ટ સાથે જોડાયેલું હોવાને કારણે તથા સંજય દત્ત સાથે કામ કરવાની તક હોવાથી તેનો ભાગ બનવા સંમત થઈ હતી, તેનાં કહેવા મુજબ, તે સમયે તેને જે વર્ઝન વિશે માહિતી આપવામાં આવી હતી તેમાં કોઈ સમસ્યા નહોતી, કારણ કે તેણે સેટ પર આપવામાં આવેલાં ભાષાંતર અને સમજણ પર વિશ્વાસ કર્યો હતો. નોરા ફતેહીએ જણાવ્યું કે હિન્દી વર્ઝન બનાવવામાં આવ્યું તે અંગે તેને જાણ કરવામાં આવી નહોતી અને તેની ઈમેજનો ઉપયોગ કરતાં પહેલાં તેની પાસેથી કોઈ મંજૂરી લેવામાં આવી નહોતી. તેણે લિરિકલ વિડિયોમાં અનઅપ્રુવ્ડ વિઝ્યુઅલ્સના ઉપયોગ અંગે પણ ચિંતા વ્યક્ત કરી અને દાવો કર્યો કે તેની અને સંજય દત્તની AI-જનરેટેડ ઈમેજનો ઉપયોગ સંમતિ વગર કરવામાં આવ્યો છે. તેણે વધુમાં જણાવ્યું કે હિન્દી વર્ઝન જોયા બાદ, ગીતના શબ્દોને કારણે વિવાદ ઉભો થશે તે સમજતા, તેણે દિગ્દર્શક સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. "મેં આ પ્રોજેક્ટથી મારી જાતને દૂર રાખવાનો નિર્ણય લીધો હતો અને ગીતનું પ્રમોશન ન કરવાનો નિર્ણય લીધો હતો."

# અભયુદયમાં પ્રસ્તુત થઈ 'કૃષ્ણમયી – ગીતાની સજીવ અભિવ્યક્તિ'

ગાંધીનગર ખાતે લાયન્સ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 3232-B3ની ત્રીજી વાર્ષિક ડિસ્ટ્રિક્ટ કોન્ફરન્સ અંતર્ગત એક અનોખી સાંસ્કૃતિક રજૂઆત યોજાઈ હતી. 'કૃષ્ણમયી – ગીતાની સજીવ અભિવ્યક્તિ' શીર્ષક હેઠળ આયોજિત આ પ્રસ્તુતિમાં જાણીતાં ક્લાસિકલ ડાન્સર બીના મહેતાએ પોતાનાં વિદ્યાર્થીઓ સાથે નૃત્યપ્રસ્તુતિ કરી હતી.

શ્રીમદ ભગવદ ગીતા પરથી પ્રેરિત આ નૃત્યપ્રસ્તુતિમાં ભગવાન કૃષ્ણની આધ્યાત્મિક યાત્રાને સુફી ક્લાસિકલ નૃત્ય દ્વારા અભિવ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત દર્શકોને કલાત્મક અભિવ્યક્તિ અને આધ્યાત્મિકતા વચ્ચેનો સુંદર સમન્વય અનુભવવા મળ્યો. નારાયણી હાઈટ્સ ખાતે લાયન્સ ડિસ્ટ્રિક્ટ ગવર્નર હિરેન મેવાડાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમને હાજર રહેલા મહેમાનો અને દર્શકો દ્વારા ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો.



# સલમાન ખાનની 'માતૃભૂમિ' માટે હવે ૪૦ દિવસનું રીશૂટ કરવું પડશે

સલમાન ખાને તાજેતરમાં તેની આવનારી વૉર ડ્રામા ફિલ્મ અંગે મહત્વની અપડેટ જાહેર કરી છે, જેમાં ફિલ્મનું નવું નામ 'માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ' જાહેર કરવામાં આવ્યું છે. આ ફિલ્મ અગાઉ 'બેટલ ઓફ ગલવાન' નામે ઓળખાતી હતી, હવે આ ફિલ્મનાં નવા વર્ઝનમાં નામ સાથે ફિલ્મની ઉગ્રતા અને સંદેશામાં નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યા છે.



અપૂર્વ લખિયા દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૨૦૨૦માં ગલવાન ખીણ વિસ્તારમાં થયેલી ભારત-ચીન સૈન્ય વચ્ચેની અથડામણ પરથી પ્રેરિત છે. આ ફિલ્મમાં સલમાન ખાન સ્વ. કર્નલ બિકુમલ્લા સંતોષ બાબુની ભૂમિકા નિભાવશે. ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બર ૨૦૨૫માં લદ્દાખમાં શરૂ થયું હતું અને ડિસેમ્બર સુધીમાં લગભગ પૂર્ણ થવા આવ્યું હતું.

હાલમાં, આ પ્રોજેક્ટમાં મોટા ફેરફારો થઈ રહ્યા છે. તેના અહેવાલો મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૬થી મુંબઈમાં ફિલ્મના કેટલાક ભાગોનું રીશૂટિંગ ચાલી રહ્યું છે, જેમાં લગભગ ૪૦ દિવસનું વધારાનું કામ કરવામાં આવશે છે. નવા શીડ્યુલમાં ફિલ્મની કહાનીને ફરીથી આકાર આપવા માટે નવા દૃશ્યો શૂટ કરવામાં આવી રહ્યા છે.

આ ફેરફારોમાં એક ખાસ ઉમેરો ચાઈનીઝ ભાષામાં એક ગીતનો છે, જેનું સંગીત હિમેશ રેશમિયાએ બનાવવાનું છે. આ ગીત તૈયાર અને રેકોર્ડ થયા પછી તેમાં સલમાન ખાનને દર્શાવીને ફિલ્માવવામાં આવશે તેવી શક્યતા છે.

અહેવાલો અનુસાર, આ ફેરફારો બદલાતી જિયોપોલિટિકલ પરિસ્થિતિઓથી પ્રભાવિત છે. ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં મહેનતથી આવી રહેલી નરમાઈને ધ્યાનમાં રાખીને નિર્માતાઓએ ફિલ્મની દૃષ્ટિમાં ફેરફાર કર્યો છે. ગલવાન સંઘર્ષ જેવી સંવેદનશીલ ઘટના હોવાને કારણે, ટીમ હવે ફિલ્મમાં યુદ્ધ કરતાં શાંતિ, સૌહાર્દ અને માનવીય મુલ્યો જેવા વિષયો પર વધુ ભાર મૂકી રહી છે. નવું નામ, વધારાના દૃશ્યો અને બદલાયેલા વિષયવસ્તુ સાથે, માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ હવે તેની મૂળ કલ્પના કરતાં અલગ રીતે તૈયાર થઈ રહી છે.

# 'નાગઝિલા'નું શૂટિંગ પૂરું, કાર્તિક આર્યનની ફેન્ટસી ફિલ્મની તૈયારીઓ અંતિમ તબક્કામાં

લાંબા સમયથી કાર્કિતક ફેન્ટસી ફિલ્મની ચર્ચા હતી. જ્યારથી તેનું પહેલું પોસ્ટર લોંચ થયું, ત્યારથી તેના વિશે ઘણી ઉત્સુકતા છે. કાર્તિકની આ ફેન્ટસી એન્ટરટેઈનર નાગઝિલાનું શૂટિંગ આખરે પૂર્ણ થઈ ગયું છે. આ અંગેના અહેવાલો મુજબ, ૧૬ માર્ચ ફિલ્મના શૂટનો છેલ્લો દિવસ હતો.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, "લીડ એક્ટર કાર્તિક આર્યન સેટ પર હાજર નહોતો કારણ કે તેણે થોડા દિવસ પહેલાં જ પોતાનો ભાગ પૂર્ણ કરી લીધો હતો. નિર્દેશક મૃગદીપ સિંહ લાંબાએ મુંબઈમાં બાકી કલાકારો સાથે શૂટિંગ પૂર્ણ કર્યું છે."

સુત્રે વધુમાં ઉમેર્યું, "હવે શૂટિંગ પૂર્ણ થઈ ગયું હોવાથી મૃગદીપ સિંહ લાંબા સંપૂર્ણ ધ્યાન પોસ્ટ-પ્રોડક્શન પર કેન્દ્રિત કરશે અને તેમની મહેનતનું પરિણામ દર્શકો માટે એક રોમાંચક અને મનોરંજક ફિલ્મ રૂપે રજૂ થાય તેની ખાતરી કરશે."

નાગઝિલાનું નિર્માણ કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ અને મહાવીર જૈનની મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું છે. આ ફેન્ટસી-કૉમેડી ફિલ્મમાં કાર્તિક આર્યન એક ઈચ્છાધારી નાગના પાત્રમાં જોવા મળશે, જ્યારે રવિ કિશન વિરોધી પાત્ર ભજવતા હોવાનું કહેવાય છે.

આ મહિનાની શરૂઆતમાં જ સમાચાર આવ્યા હતા કે દક્ષિણમાં પોતાની ઓળખ બનાવનાર પ્રતિભાશાળી અભિનેત્રી પ્રીતી મુકુન્દન આ ફિલ્મ દ્વારા બોલીવુડમાં ડેબ્યુ કરશે. નાગઝિલા ૨૦૨૬ના સ્વતંત્રતા દિવસ નિમિત્તે થિએટર્સમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મ કાર્તિક આર્યન અને મહાવીર જૈનની એક સાથે પહેલી ફિલ્મ છે. જ્યારે, તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી (૨૦૨૫) બાદ કાર્તિક અને કરણ જોહરની બીજી ફિલ્મ છે.

મૃગદીપ સિંહ લાંબાએ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન મુંબઈમાં કાર્તિક આર્યન સાથે એક મહિના લાંબું શેડ્યૂલ પૂર્ણ કર્યું હતું. ૩૧ જાન્યુઆરીએ મુંબઈ શીડ્યુલ પૂર્ણ થયું હતું અને ત્યારે ફિલ્મનું લગભગ ૭૦% શૂટિંગ પૂર્ણ થયું હતું. ત્યારબાદ ટીમ ફેબ્રુઆરીમાં દિલ્હીમાં ત્રણ અઠવાડિયાના શીડ્યુલ માટે ગઈ હતી.



# શર્વરી બનશે ઈમ્તિયાઝ અલીની 'મેં વાપિસ આઉંગા'ની યાદગાર નાયિકા



કેટલાક દિગ્દર્શકો માત્ર સ્ત્રી પાત્રો લખતા નથી — તેઓ તેમને અમર બનાવી દે છે. ઈમ્તિયાઝ અલી એવા ફિલ્મમેકર્સમાંના એક છે. વર્ષો દરમિયાન તેમણે એવી નાયિકાઓ સર્જી છે, જે માત્ર ફિલ્મના કેન્દ્રમાં જ નથી, પરંતુ દર્શકોની ભાવનાઓમાં પણ જીવંત રહી જાય છે.

જબ વી મેટમાં કરીના કપૂર ગીત તરીકે હોય, તમાશામાં દીપિકા પાદુકોણ તારા તરીકે હોય કે હાઈવેમાં આલિયા ભટ્ટની વીરા — ઈમ્તિયાઝ અલી હંમેશા સુંદરતા, જટિલતા, નાજુકતા અને શક્તિ ધરાવતાં સ્ત્રી પાત્રો સર્જતા આવ્યા છે.

હવે, જો 'મેં વાપિસ આઉંગા'ના ટીઝર પરથી અનુમાન લગાવીએ, તો શર્વરી પણ આ પ્રતિષ્ઠિત વારસામાં પોતાનું નામ જોડવા તૈયાર દેખાય છે. ઈમ્તિયાઝ અલીની નાયિકાઓને યાદગાર બનાવે છે તેમની ભાવનાત્મક સચ્ચાઈ. તેઓ ક્યારેય માત્ર શોભા માટે નથી હોતી — તેઓ ફિલ્મનું હૃદય હોય છે, તેમની વાર્તાની આત્મા હોય છે અને ફિલ્મ પુરી થયા પછી પણ લાંબા સમય સુધી મનમાં રહે છે.

કરીના કપૂર ખાનની ગીત ચંચળ, નિડર અને બિન્દાસ્ત — એક આખી પેઢી માટે લાગણી બની ગઈ હતી. તો દીપિકા પાદુકોણની તારા — ગૌરવ, ઊંડાણ અને મૌન પીડા સાથે — એક તૂટેલી પ્રેમકથાનો ભાવનાત્મક આધાર બની હતી. જ્યારે આલિયા ભટ્ટની વીરા — અણઘડ, ઘાયલ અને મુક્તિનો અહેસાસ કરાવતી — આધુનિક હિન્દી સિનેમાની શ્રેષ્ઠ અભિનયોમાંથી એક ગણાય છે. મેં વાપીસ આઉંગામાં શર્વરી સાથે, એવું લાગે છે કે ઈમ્તિયાઝ અલીને ફરી એક એવી નાયિકા મળી છે, જે લાંબા સમય સુધી યાદ રહી શકે.

ટીઝરમાં શર્વરી નિર્દોષતા, ભાવનાત્મક ઊંડાણ અને શાંત શક્તિનો અનોખો સમન્વય રજૂ કરે છે. તેની હાજરી સ્વાભાવિક રીતે ધ્યાન ખેંચે છે — તે આત્મમંથન કરતી લાગે છે, છતાં ભાવનાત્મક રીતે જીવંત છે; નાજુક પણ મજબૂત છે. આ બધી ઈમ્તિયાઝ અલીની ફિલ્મોની સ્ત્રી પાત્રોની ખાસિયત છે.હકીકતમાં, તેની સચ્ચાઈ, નરમાઈ અને અંદરથી ઉકળતી લાગણીઓ માટે ટીઝરમાં તેના દૃશ્યો સૌથી વધુ ચર્ચામાં રહ્યા છે. આ કાસ્ટિંગ એટલા માટે પણ ખાસ છે કારણ કે ઈમ્તિયાઝ અલી હંમેશા એવી અભિનેત્રીઓને પસંદ કરે છે, જે ભાવનાઓને અંદરથી અનુભવીને પ્રામાણિક રીતે રજૂ કરી શકે. જો મેં વાપિસ આઉંગામાં શર્વરી ખરેખર ફિલ્મનું હૃદય છે, તો એ તેનાં પર મોટો વિશ્વાસ દર્શાવે છે — માત્ર એક ભૂમિકા નહી, પણ સમગ્ર ફિલ્મની લાગણીનો આધાર સંભાળવાનો વિશ્વાસ મુકે છે અને ઈમ્તિયાઝ અલીની દુનિયામાં આ નાની વાત નથી. શર્વરી નવી પેઢીની એવી અભિનેત્રી છે, જે તાજગી, આકર્ષણ અને ભાવનાત્મક બુદ્ધિમત્તા ધરાવે છે. તે એક સાથે આધુનિક અને શાશ્વત લાગે છે — જે ઈમ્તિયાઝ અલીની રોમેન્ટિક અને આત્મમંથનકારી વાર્તાઓ માટે પરફેક્ટ ફિટ છે. જો ગીત આઈકોનિક બની, તારા શાશ્વત બની અને વીરા પરિવર્તન લાવનારી બની તો હવે શર્વરી પણ પોતાની અલગ ઓળખ સાથે દર્શકોને અસર કરવા તૈયાર લાગે છે.

# વરુણ ચક્રવર્તી અને નારાયણ કોલકાતા માટે મુખ્ય હથિયાર બની શકે છે

## સાઉથ આફ્રિકાના ફાફ ડુ પ્લેસિસના મતે ઇડન ગાર્ડન્સ ખાતે સ્પિનરને અનુકૂળ પિચ મળે તો બંને ઘાતક બનશે




ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં નિરાશાજનક પ્રદર્શન કરવા છતાં છતાં ભારતીય મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તી ૨૮મી માર્ચથી શરૂ થઈ રહેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કોલકાતા નાઈટ રાઈડર્સ માટે અત્યંત મહત્વનો બોલર પુરવાર થઈ શકે છે તેમ સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન ફાફ ડુ પ્લેસિસનું માનવું છે. ચેન્નાઈ સુપર કિંગ્સ, દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર તરફથી રમી ચૂકેલા ડુ પ્લેસિસે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ઈડન ગાર્ડન્સની પિચ સુનીલ નારાયણ અને વરુણ ચક્રવર્તીને અનુકૂળ હોય તેવી બનાવવી જોઈએ. સાઉથ આફ્રિકાના એક સમયના સ્ટાર બેટર અને સફળ કેપ્ટન ડુ પ્લેસિસે કહ્યું હતું કે "જો હું નાઈટ રાઈડર્સના મેનેજમેન્ટનો ભાગ હોત તો હું ઈડન ગાર્ડન્સના ગ્રાઉન્ડ્સમેનને સ્પિનર્સને અનુરૂપ પિચ બનવવાનું કહેત.

તેમની પાસે વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણના સ્વરૂપમાં બે શક્તિશાળી હથિયાર છે. તેઓ વર્તમાન ક્રિકેટના બે શ્રેષ્ઠ ટી૨૦ સ્પિનર પૈકીના એક છે. જો તેઓ એવી પિચ પર રમે જ્યાં સ્પિનરો માટે મદદ ન હોય તો તમે તમારી સૌથી મોટી તાકાત ગુમાવી રહ્યા છો.

ફાફ ડુ પ્લેસિસે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીન વિશે પણ વાત કરી હતી. તેણે ચેતવણી આપી હતી કે ૨૫.૨ કરોડ રૂપિયાના તોતિંગ કરારને કારણે ગ્રીન પર પ્રાઈસ ટેગનું ભારે દબાણ રહેશે. "ગ્રીન પ્રતિભાશાળી છે અને આન્દ્રે રસેલના વિકલ્પ તરીકે કોલકાતા નાઈટ રાઈડર્સ માટે તે એક મહત્વનો ખેલાડી છે.

દરમિયાન ભારતના ભૂતપૂર્વ ઝડપી બોલર લક્ષ્મીપતિ બાલાજીએ સૂચન કર્યું હતું કે કેપ્ટન અજિંક્ય રહાણેએ ટોપ ઓર્ડરમાં બેટિંગ કરવી જોઈએ. "રહાણેએ ત્રીજા ક્રમથી નીચે ન ઉતરવું જોઈએ. ચેન્નાઈ સુપર કિંગ્સ માટે તેણે ત્રીજા ક્રમે આવીને શાનદાર પ્રદર્શન કર્યું હતું.

# ધોનીએ છઠ્ઠા ક્રમથી નીચે બેટિંગ કરવી જોઈએ નહીઃ ડી વિલિયર્સ

## ભૂતપૂર્વ સાઉથ આફ્રિકન ક્રિકેટરનું માનવું છે કે નીચેના ક્રમે બેટિંગ કરવી તે ધોનીની પ્રતિષ્ઠા સાથે ન્યાય નથી




સાઉથ આફ્રિકાના મહાન ક્રિકેટર એબી ડી વિલિયર્સે મંગળવારે સ્પષ્ટ આકલન કરતા જણાવ્યું હતું કે, આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકે ટુર્નામેન્ટમાં ચેન્નાઈ સુપર કિંગ્સના મોખરાના બેટર અને ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ છઠ્ઠા ક્રમથી નીચે બેટિંગ કરવી જોઈએ નહીં કેમ કે આઠમા કે નવમા ક્રમે આવવું તે તેની હાજરી સાથે ન્યાય નથી.

૪૪ વર્ષીય ધોની ૨૮મી માર્ચથી શરૂ થઈ રહેલી આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમશે. ડી વિલિયર્સે આ દિગ્ગજ ખેલાડીને વિનંતી કરી છે કે તેણે છેલ્લા કેટલાક વર્ષના અંતિમ ક્રમે બેટિંગ કરવા આવવાના તેના ટ્રેન્ડને બદલવો જોઇએ. આ સિઝનમાં ધોનીની ભૂમિકા વિશે વાત કરતા ડી વિલિયર્સે જણાવ્યું હતું કે "આ પરિસ્થિતિ ખૂબ જ જટિલ છે. બ્રાન્ડ્સ વર્ષોમાં બને છે અને સીએસકેએ એમએસ ધોનીના વ્યક્તિત્વ સાથે આ સામ્રાજ્ય વર્ષોથી ઊભું કર્યું છે. જ્યારે તમે ચેન્નાઈ સુપર કિંગ્સનું નામ લો છો, ત્યારે તરત જ ધોનીનો વિચાર આવે છે." "મને લાગે છે કે છેલ્લા કેટલાક વર્ષમાં ધોનીની ભૂમિકા માત્ર આ બ્રાન્ડને મજબૂત રાખવા પૂરતી જ રહી છે. તેથી જ હું તેને આઠમા કે નવમા સ્થાને બેટિંગ કરતા જોવા નથી માંગતો કેમ કે ત્યાં તે ગયા વર્ષની જેમ પૂરતું યોગદાન આપી શકતો નથી. આપણે જાણીએ છીએ કે તે બેટથી પ્રભાવ પાડી શકે છે પરંતુ જો તે આટલા નીચા ક્રમે બેટિંગ કરે અને કેપ્ટન પણ ન હોય તો એમ લાગે છે કે તે ખોટા કારણોસર ટીમમાં જગ્યા રોકી રહ્યો છે. તેના માટે ટીમમાં ચોક્કસ સ્થાન છે પરંતુ તેણે ઉપરના ક્રમે એટલે કે કમસે કમ છઠ્ઠા અને ક્યારેક પાંચમા કે ચોથા ક્રમે બેટિંગ કરવાની જરૂર છે." તેમ ડી વિલિયર્સે ઉમેર્યું હતું.

ડી વિલિયર્સે ઉમેર્યું હતું કે "સંજુ સેમસન જવાબદારી સંભાળવા માટે યોગ્ય વ્યક્તિ છે અને ધોનીને શ્રેય આપવો જોઈએ કે તેણે યોગ્ય વ્યક્તિની રાહ જોઈ છે. જો ધોની રમે છે તો હું ઈચ્છું છું કે તે પોતાની જાત પર વધુ દબાણ લે અને મહત્વની મેચો કે કટોકટીની પરિસ્થિતિને સારી રીતે હેન્ડલ કરનારો ખેલાડી બને."

તેણે વધુમાં જણાવ્યું હતું કે નીચેના ક્રમે રમવા આવવાને કારણે ધોનીની ક્ષમતાનો પૂરો ઉપયોગ થતો નથી.

દરમિયાન ચેન્નાઈ સુપર કિંગ્સે આવનારી સિઝન માટે સંજુ સેમસનને ખરીદીને પોતાની ભવિષ્યની યોજનાઓ સ્પષ્ટ કરી દીધી છે. આ અંગે ભારતના મહાન લેગસ્પિનર અનીલ કુંબલેએ જણાવ્યું હતંક કે, "ભારતીય ક્રિકેટમાં સુનીલ ગાવસ્કરથી સચિન અને વિરાટ સુધી જે રીતે વારસો આગળ વધ્યો છે, તેવી જ રીતે સંજુનું ચેન્નાઈમાં આવવું એ એક મોટું પગલું છે. તે કેરળનો છે અને તમિળ બોલી શકે છે, જેનાથી ચેન્નાઈના ચાહકો સાથે તેનું સીધો જોડાણ રહેશે."

અનીલ કુંબલેએ ઉમેર્યું કે ઋતુરાજ ગાયકવાડ અત્યારે કેપ્ટન છે પરંતુ સંજુ સેમસનનો અનુભવ અને તેનું વર્તમાન ફોર્મ ટીમને મજબૂતી આપશે. જો ઋતુરાજ કોઈ કારણસર ઉપલબ્ધ ન હોય તો સંજુ નેતૃત્વ સંભાળવા માટે પ્રથમ પસંદગી બની શકે છે. ધોની કદાચ આ સિઝન દરમિયાન સંજુને વિકેટકીપિંગની જવાબદારી પણ સોંપી શકે છે.

# આઇપીએલમાં ટીમ સાથે મોડેથી જોડાવા માટે માર્કો યાનસેનને મંજૂરી

## વર્લ્ડ કપ બાદ રવાના થવામાં વિલંબને ધ્યાનમાં લઈ પંજાબના કોચ પોન્ટિંગે મંજૂરી આપી




ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફ્રેન્ચાઈઝી પંજાબ કિંગ્સના ચીફ કોચ રિકી પોન્ટિંગે બુધવારે સાઉથ આફ્રિકાના ઓલરાઉન્ડર માર્કો યાનસેનને આ લીગ માટે મોડા આવવાની મંજૂરી આપી હતી. તાજેતરમાં ભારતમાં યોજાયેલા આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ બાદ લોજિસ્ટિકલ સમસ્યાઓને કારણે ભારત છોડવામાં ઘણી ટીમને વિલંબ થયો હતો જેમાં સાઉથ આફ્રિકન ટીમ પણ સામેલ હતી અને આ વિલંબને કારણે પોન્ટિંગે આ નિર્ણય લીધો હતો. પશ્ચિમ એશિયામાં હાલમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે દુબઈ અને અબુધાબી જેવા મુખ્ય એરપોર્ટ્સ પર કામગીરી મર્યાદિત બની છે. આ કારણે સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ વર્લ્ડ કપ પૂરો થયા પછી એક સપ્તાહથી વધુ સમય સુધી ભારતમાં જ ફસાયેલા રહ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝના કોચ ડેરેન સેમ્મી અને સાઉથ આફ્રિકાના બેટર ડેવિડ મિલરે પણ સોશિયલ મીડિયા પર આ વિલંબ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. પંજાબ કિંગ્સ માટે મહત્વનો ખેલાડી માર્કો યાનસેન હવે ૨૬મી માર્ચે ટીમ સાથે જોડાશે. જ્યારે રિકી પોન્ટિંગ અને અન્ય વિદેશી ખેલાડીઓ ૨૧મી માર્ચે પહોંચશે. દરમિયાન અફઘાનિસ્તાનનો ઓલરાઉન્ડર અઝમતુલ્લા ઓમરઝાઈ કાબુલથી ૨૩મી માર્ચે ટીમ સાથે જોડાશે. ઉલ્લેખનીય છે કે હાલમાં અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ છે. પંજાબ કિંગ્સનો કેપ્ટન શ્રેયસ ઐયર ૧૯મીએ ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે. ગયા વર્ષે પોન્ટિંગ અને શ્રેયસ ઐયરની જોડીએ પંજાબ કિંગ્સને શાનદાર સફળતા અપાવી હતી અને ટીમ ૨૦૧૪ પછી પહેલીવાર ફાઈનલમાં પહોંચી હતી. માર્કો યાનસેને ગયા વર્ષે ૧૬ વિકેટ ઝડપી હતી અને તે આ વખતે પણ ટીમ માટે મુખ્ય બોલર પુરવાર થઈ શકે છે.

# બેંગલોરમાં આઇપીએલની મેચ યોજવા રાજ્ય સરકારની મંજૂરી

## ગયા વર્ષની ઉજવણી વખતની ઘટના બાદ ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર પ્રતિબંધ હતો



કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોસિયેશન અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર (આરસીબી)ને કર્ણાટક સરકારે સોમવારે ૨૦૨૬ની ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીલ) ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચો એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે યોજવા માટે સત્તાવાર મંજૂરી આપી દીધી છે. ગયા વર્ષે આરસીબીના પ્રથમ ટાઇટલ જીત્યા બાદ વિજય સરઘસ દરમિયાન થયેલી નાસભાગને કારણે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટના બાદ પેદા થયેલી અનિશ્ચિતતાનો આ નિર્ણય સાથે અંત આવ્યો હતો.

વિશ્વની સૌથી મોટી ટી૨૦ ક્રિકેટ લીગની ૧૯મી સિઝનનો ૨૮મી માર્ચથી પ્રારંભ થશે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ વર્તમાન ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે બેંગલોરમાં જ ટુર્નામેન્ટની પ્રથમ મેચ રમાનારી છે. આ ઉપરાંત ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં 'આરસીબી અનબોક્સિંગ' ઈવેન્ટ અને ટુર્નામેન્ટનો ઉદઘાટન સમારોહ પણ યોજાશે. કર્ણાટકના ગૃહપ્રધાન જી. પરમેશ્વરની અધ્યક્ષતામાં મળેલી બેઠક બાદ આ મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં સરકાર દ્વારા નીમવામાં આવેલી નિષ્ણાત સમિતિ એસોસિયેશન, આરસીબી અને ઈવેન્ટ મેનેજમેન્ટ ફર્મના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

એસોસિયેશનના પ્રવક્તા વિનય મૃત્યુંજયે જણાવ્યું હતું કે, "નિષ્ણાત સમિતિએ સ્ટેડિયમમાં કરવામાં આવેલી સુરક્ષા અને તૈયારીઓ અંગેનો રિપોર્ટ રજૂ કર્યો હતો. તેની વિગતવાર સમીક્ષા કર્યા બાદ સરકારે મંજૂરીની મહોર મારી છે."

આરસીબીએ અગાઉ જાહેરાત કરી હતી કે તેઓ તેમની સાત મેચમાંથી પાંચ મેચ બેંગલોરમાં રમશે, જ્યારે બાકીની બે મેચ રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે.

# ટેસ્ટમાં વધારે રમીશું એટલી વધુ પ્રતિભા ખીલવાની છેઃ પ્રતિકા રાવલ

## ભારતીય વિમેન્સ ટીમની ઓપનર પ્રતિકા રાવલ ટેસ્ટ ક્રિકેટના ફેલાવાની હિમાયત કરે છે




ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર બેટર પ્રતિકા રાવલે મહિલા ટેસ્ટ ક્રિકેટની હિમાયત કરે છે. તેનું માનવું છે ટેસ્ટમાં જેટલું વધારે રમીશું એટલી વધુ પ્રતિભા ખીલશે. દિલ્હી સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એસોસિયેશનના ઉપક્રમે યોજાયેલા એક સમારંભ દરમિયાન પ્રતિકાએ જણાવ્યું હતું કે આ પરંપરાગત ફોર્મેટ ક્રિકેટરની ખરી કસોટી કરે છે. આપણે જેટલી વધુ ટેસ્ટ મેચો રમીશું, તેટલું જ અમારા માટે સારું રહેશે."

તાજેતરમાં ભારતીય ટીમના ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન કારકિર્દીમાં પહેલી વાર ટેસ્ટ ક્રિકેટમાં રમીને લડાયક અડધી સદી ફટકારનારી ૨૫ વર્ષીય પ્રતિકાને દિલ્હી એન્ડ ડિસ્ટ્રિક્ટ એસોસિયેશન (ડીડીસીએ) દ્વારા ૫૧ લાખ રૂપિયાના રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે તેણે વિવિયન રિચાર્ડ્સ અને સચિન તેંડુલકર જેવા દિગ્ગજોના વીડિયો જોઈને ટેસ્ટ માટેની તૈયારી કરી હોવાનું પણ જણાવ્યું હતું. પ્રતિકા રાવલે વધુ મહિલા ટેસ્ટ મેચો યોજવાની પણ હિમાયત કરી હતી. તેણે જણાવ્યું હતું કે પરંપરાગત ફોર્મેટ "સૌથી સુંદર અને મજબૂત" છે અને ક્રિકેટરની ખરી કસોટી કરે છે. પ્રતિકાએ આ મહિનાની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન રમાયેલી એકમાત્ર ડે-નાઈટ ટેસ્ટમાં ભારતને ઈનિંગ્સની હારથી બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે બીજી ઈનિંગ્સમાં ૧૩૭ બોલમાં ૬૩ રનની અડિખમ બેટિંગ કરી હતી જ્યારે હકીકત એ છે કે લિમિટેડ ઓવરના ફોર્મેટમાં તે આક્રમક બેટિંગ કરવા માટે જાણીતી છે. છેલ્લા કેટલાક સમયી તે ભારતની નિયમિત ઓપનર રહી હતી પરંતુ વર્લ્ડ કપ દરમિયાન તે ઘાયલ થ હતી અને તેને સ્થાને શેફાલી વર્માને ટીમમાં લેવામાં આવી હતી. જોકે ઈજામાંથી પરત ફરીને પ્રતિકાએ શાનદાર પુનરાગમન કર્યું હતું.


# કોલકાતા નાઇટરાઇડર્સ પાસે હવે 'કીવી પાવર'




વર્ષ ૨૦૨૪માં ચેમ્પિયન બન્યા બાદનાં સિઝન એટલે કે IPL ૨૦૨૫માં કોલકાતા નાઈટરાઈડર્સની ટીમ આઠમાં સ્થાને ખસી ગઈ હતી, જે તેના માટે મોટો ઝટકો હતો. ત્યારબાદ ટીમે પોતાના ૧૨ ખેલાડીઓને રિટેઈન કર્યા અને ૧૦ને રિલીઝ કર્યા.

ત્રણ વખતની ચેમ્પિયન ટીમે તાજેતરના ઓક્શનમાં ૬૪.૩૦ કરોડના મોટા ખર્ચ સાથે કેટલાક મહત્વપૂર્ણ ખેલાડીઓને ખરીદ્યાં છે અને હવે ટીમ ફરી એકવાર પોતાનો જૂનો દબદબો સ્થાપિત કરવા તૈયાર છે. ફ્રેન્ચાઈઝીએ મિની ઓક્શનમાં ન્યુઝીલેન્ડના બે ઓપનર્સ ફિન એલેન અને ટિમ સીફર્ટને માત્ર ૨ અને ૧.૫૦ કરોડ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કર્યા છે. તાજેતરમાં પૂર્ણ થયેલાં ટી૨૦ વર્લ્ડ કપમાં આ કીવી જોડીએ જોરદાર પ્રદર્શન કર્યું હતું, ત્યારથી માનવામાં આવી રહ્યું છે કે KKRએ મિની ઓક્શનમાં સૌથી મોટી બાજી મારી છે. એલેન અને સીફર્ટ વિસ્ફોટક ઓપનર્સ છે. આ વર્લ્ડ કપમાં તેમણે અનેક રેકોર્ડ તોડીને તેનો પુરાવો આપ્યો હતો. આ જોડીએ ટી૨૦ વર્લ્ડ કપમાં પ્રથમ વિકેટ માટે ૧૭૫ રનની બીજી સૌથી મોટી ભાગીદારી નોંધાવી. એટલું જ નહી, બંનેએ મળીને કુલ ૪૬૩ રન બનાવ્યા, જે કોઈ બીજી જોડીએ કરી શક્યા નહોતા. હવે આ જોડીએ નાઈટરાઈડર્સ માટે પણ ધમાકેદાર પ્રદર્શન કરવાની અપેક્ષા છે. આ ઉપરાંત ટીમમાં બે નવા ઓલરાઉન્ડર્સનો સમાવેશ થયો છે, જે ટીમને સંતુલન આપશે. આન્દ્રે રસેલના નિવૃત્તિ બાદ ટીમને એક વિસ્ફોટક ઓલરાઉન્ડરની જરૂર હતી અને તેના માટે ઓક્શનમાં ઓસ્ટ્રેલિયાના કેમેરોન ગ્રીન પર દાવ લગાવ્યો. ગ્રીન માટે ટીમે ૨૫.૨૦ કરોડની મોટી બોલી લગાવી, જેના કારણે હવે તેમના પર સારું પ્રદર્શન કરવાનું દબાણ રહેશે. ટીમે ન્યુઝીલેન્ડના રચિન રવિન્દ્રને પણ આ વખતે પોતાની ટીમમાં સામેલ કર્યો છે. કોલકાતા નાઈટરાઈડર્સની મોટી તાકાત તેનું સ્પિન આક્રમણ પણ છે. વરૂણ ચક્રવર્તી અને સુનીલ નારાયણ જેવા બે મિસ્ટ્રી સ્પિનર્સ કોઈપણ પ્રતિસ્પર્ધી માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. હર્ષિત રાણાની ઈજાને કારણે પેસ આક્રમણ થોડું નબળું લાગતું હતું. શ્રીલંકાના ઝડપી બોલર મથીષા પથિરાનાને આ વખતે ૧૮ કરોડ રૂપિયામાં ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. બાંગ્લાદેશના પેસર મુસ્તાફિઝુર રહેમાન બાદ બીજા છેડે મજબૂત સાથીની જરૂર હતી. જોકે, ઝિમ્બાબ્વેના બ્લેસિંગ મુઝરાબાનીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યાં છે. ૬ ફૂટ ૮ ઈંચ ઊંચા બ્લેસિંગ માટે આ IPLનો પહેલો અનુભવ હશે. જો તે ઝડપથી માહોલમાં ઢળી જશે, તો નાઈટરાઈડર્સ માટે આ મોટો ફાયદો સાબિત થઈ શકે છે.

# T20 વર્લ્ડ કપમાં ધૂમ મચાવ્યા બાદ IPL માં પહેલીવાર રમતા જોવા મળશે આ સ્ફોટક વિદેશી ખેલાડીઓ




ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ની સીઝન ક્રિકેટ ચાહકો માટે ખાસ બનવાની તૈયારીમાં છે. ૨૮ માર્ચથી શરૂ થતી આ ટુર્નામેન્ટમાં ઘણા અનુભવી ખેલાડીઓ ભાગ લેશે, જ્યારે ઘણા નવા વિદેશી સ્ટાર્સ પણ IPLમાં પોતાનું ડેબ્યૂ કરશે.

દર વર્ષની જેમ, આ વખતે પણ ફ્રેન્ચાઈઝીઓએ મીની ઓક્શનમાં યુવા અને ઉભરતા ખેલાડીઓ પર પોતાનો દાવ લગાવ્યો છે. ચાલો IPL ૨૦૨૬ માં ડેબ્યૂ કરનારા ટોચના વિદેશી ખેલાડીઓ પર એક નજર કરીએ.

**પથુમ નિસાન્કા (દિલ્હી કેપિટલ્સ)**

શ્રીલંકાના વિશ્વસનીય બેટ્સમેન નિસાન્કા છેલ્લા કેટલાક વર્ષોથી ઉત્તમ ફોર્મમાં છે. દિલ્હી કેપિટલ્સે તેને રૂા.૪ કરોડમાં ખરીદ્યો હતો અને ટીમ તેની પાસેથી મજબૂત શરૂઆતની આશા રાખશે.

**ફિન એલન (કોલકાતા નાઈટ રાઈડર્સ)**

ન્યુઝીલેન્ડના વિસ્ફોટક બેટ્સમેન એલને ICC મેન્સ T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ૩૩ બોલમાં સદી ફટકારીને હંગામો મચાવ્યો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સે તેને રૂા.૨ કરોડમાં કરારબદ્ધ કર્યો છે.

**બેન ડકેટ (દિલ્હી કેપિટલ્સ)**

ઈંગ્લેન્ડનો આક્રમક ઓપનિંગ બેટ્સમેન ડકેટ પણ દિલ્હી ટીમનો ભાગ હશે. ૨૧૭ ૨૦ મેચોમાં તેના ૫,૦૦૦+ રન અને ૧૪૦+ નો સ્ટ્રાઇક રેટ તેને ખૂબ જ ખતરનાક બેટ્સમેન બનાવે છે.

**બ્લેસિંગ મુઝારાબાની (કોલકાતા નાઈટ રાઈડર્સ)**

૬.૫ ફૂટ ઊંચા આ ફાસ્ટ બોલરને KKR દ્વારા રિપ્લેસમેન્ટ તરીકે કરારબદ્ધ કરવામાં આવ્યો હતો. તેણે તાજેતરના વર્લ્ડ કપમાં ૧૩ વિકેટ લઈને પોતાની યોગ્યતા સાબિત કરી.

**અલ્લાહ ગઝનફર (મુંબઈ ઈન્ડિયન્સ)**

૧૯ વર્ષીય રહસ્યમય સ્પિનરને મુંબઈ ઈન્ડિયન્સે ૪.૮૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેણે ૬૩ ટી-૨૦ મેચોમાં ૭૭ વિકેટો લઈને પોતાનું નામ બનાવી લીધું છે.

**જેક એડવર્ડ્સ (સનરાઈઝર્સ હૈદરાબાદ)**

યુવા ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર એડવર્ડ્સને સનરાઈઝર્સ હૈદરાબાદ દ્વારા રૂા.૩ કરોડ (રૂા.૩૦ મિલિયન) માં કરારબદ્ધ કરવામાં આવ્યા હતા. તે બેટ અને બોલ બંનેથી યોગદાન આપવા સક્ષમ છે.

**જેકબ ડફી (RCB)**

ગયા વર્ષે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ફાસ્ટ બોલર ડફીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને તેને રોયલ ચેલેન્જર્સ બેંગલુએ રૂા.૨ કરોડમાં ખરીદ્યો હતો.

# ફ્લ્યાઈંગ કીડ્સ શાળામાં કે.જી.ના બાળકોનો પદવી દાન સમારંભ યોજાયો

## આરએમપીએસ શાળાના બાળકોને પ્રમાણપત્રોનું વિતરણ



અંકલેશ્વર, તા.૧૯

આ.૨.એ.મ.પી.એ.સ. ફ્લ્યાઈંગ કીડ્સ શાળાની ત્રણેય શાખાઓ (દીવા, અંડાડા તથા જી.આઇ.ડી.સી. ) માં સિનિયર કે.જી. નાં બાળકો નું પદવીદાન સમારોહ તથા પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું. શાળાના સિનિયર કે. જી. ના વિધાર્થીઓને ને તેમની પ્રિ સ્કૂલ યાત્રા માટે બિરદાવવામાં આવ્યા તથા આગળની તેમની યાત્રા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. શાળામાં આખા વર્ષ દરમ્યાન અનેક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં બાળકો દ્વારા સર્જનાત્મક રીતે ભાગ લેવામાં આવે છે. જેમાં નાનાં ભૂલકાંઓ એ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને મેડલ્સ , પ્રમાણપત્ર, ઈનામો પ્રાપ્ત કર્યા. શાળા માં ગ્લોબલ કિડ્સ ઓલિમ્પઆડ એક્ઝામ જેવી અનેક બાહ્ય સ્પર્ધાઓ નું આયોજન પણ કરવામાં આવે છે જેમાં પણ બાળકો દ્વારા સર્વ શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં આવ્યું. આ વર્ષે શાળાની સિનિયર કે.જી. ની વિધાર્થીની એ ઓલ ઈન્ડિયા ટોપર માં સ્થાન પ્રાપ્ત કર્યુ જેણે ટ્રોફી સહિત રાઈડિંગ કાર ઈનામ તરીકે હાંસલ કરી. આ ઉપરાંત શાળાની અન્ય બે વિધાર્થિનીઓ એ પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ ટ્રોફી તથા સાઈકલ ઈનામ માં મેળવી. આ સહિત અન્ય વિધાર્થીઓને પણ અલગ અલગ કોમ્પિટિશન માં વિનર બનવા બદલ પ્રમાણપત્ર તથા મેડલ્સ એનાયત કરવામાં આવ્યા. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી શ્રી મહાવીર જૈન, ટ્રસ્ટી શ્રી સચિન જૈન, આ.૨.એ.મ.પી.એ.સ. ઈન્ટરનેશનલ શાળા ના ડિરેક્ટર અને આચાર્ય શ્રી મેલરોય મેકડોનાલ્ડ, ફ્લ્યાઈંગ કીડ્સ શાળાનાં આચાર્યા શ્રીમતિ અર્ચના નેગી પટેલ તથા ઓપરેશન હેડ શ્રી દર્શન જૈન હાજર રહ્યાં હતાં, જેમણે બાળકો ને તેમના શ્રેષ્ઠ પ્રદર્શન માટે સન્માનિત કરી બિરદાવ્યા હતાં.




# અંકલેશ્વર સ્થિત શ્રી ગટ્ટુ વિદ્યાલયમાં ક્રિએટીવ વિષયે માર્ગદર્શન આપવામાં આવ્યું

## સર્જનાત્મકતા કેળવવા બે દિવસનો કાર્યક્રમ યોજાયો

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર સ્થિત શ્રી ગટ્ટુ વિદ્યાલયમાં તા. ૧૭ અને ૧૮ માર્ચ, ૨૦૨૬ દરમિયાન "Critical & Creative Thinking" વિષય પર બે દિવસીય Capacity Building Program સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમ CBSE Centre of Excellence Ajmer દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં મુખ્ય સંસાધન વ્યક્તિ તરીકે શ્રીમતી મિષેલ ગણેશાણી તથા શ્રીમાન ધર્મેશ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શિક્ષકોમાં તર્કશક્તિ (Critical Thinking) અને સર્જનાત્મકતા (Creative Thinking) વિકસાવવાનો હતો, જેથી વિદ્યાર્થીઓમાં પણ વિચારશક્તિનો વિકાસ કરી શકાય. કાર્યક્રમ દરમિયાન વિવિધ સત્રોમાં વિચારશક્તિ, તર્કવિચાર, અનુમાન તથા સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.તાલીમ દરમિયાન શિક્ષણમાં નવીનતા, લોજિકલ રીઝનિંગ, ઈન્ફરન્સ અને ક્રિએટિવ થિંકિંગ જેવા મુદ્દાઓ પર વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે શિક્ષકોને આધુનિક શિક્ષણ પદ્ધતિઓ, સમસ્યા ઉકેલવાની રીતો અને સર્જનાત્મક અભિગમ વિશે વિગતવાર સમજ આપી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિક્ષકોએ ભાગ લીધો અને લાભ મેળવ્યો. અંતમાં, કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી સાબિત થયો અને શિક્ષકોમાં નવી ઉર્જા તથા નવી દ્રષ્ટિ આવી.

# સુરત જિલ્લામાં વધુ બે 'ધન્વંતરી આરોગ્ય રથ' કાર્યરત કરાયા

## એક 'શ્રમ આરોગ્ય સંજીવની રથ' પણ કાર્યરત કરાયા

સુરત, તા.૧૯

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ ક્ષેત્રના શ્રમિકોને તેમના કાર્યસ્થળે જ પ્રાથમિક આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી સુરત જિલ્લામાં વધુ ૨-ધન્વંતરી આરોગ્ય રથ તથા ૧-શ્રમ આરોગ્ય સંજીવની રથને કાર્યરત કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવેલ આ આરોગ્ય રથોને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અનિલ પટેલ, ઇ.એમ.ઓ. ડૉ. મિતેશ પટેલ તથા આરોગ્ય વિભાગના વહીવટી અધિકારી એમ. બી. ચીખલકર અને એમ. કે. ગામીત દ્વારા જનસેવામાં કાર્યરત કરવામાં આવ્યા હતા અને આરોગ્ય રથની સુવિધાઓનું નિરીક્ષણ કરી તબીબી સ્ટાફને પ્રોત્સાહિત કર્યા હતા.

'તંદુરસ્ત શ્રમિક પરિવાર, તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્ર'ના સૂત્રને સાર્થક કરવાના હેતુથી કાર્યરત આ યોજના હેઠળ હવે બાંધકામ સાઈટ, કડિયાનાકા અને શ્રમિક વસાહતો પર જઈને શ્રમિકોને સ્થળ પર જ નિઃશુલ્ક પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સેવાથી શ્રમિકોને હોસ્પિટલ સુધી દૂર જવાને બદલે તેમના કાર્યસ્થળે તથા તેમના પરિવારજનોને ઘરઆંગણે જ પ્રાથમિક તબીબી સારવાર મળશે, જેથી ગંભીર રોગો થતા અટકે અને તેમનું આરોગ્ય જળવાઈ રહે.

આ આરોગ્ય રથ દ્વારા બાંધકામ શ્રમિકોને તાવ, ઝાડા-ઉલટી, ચામડીના રોગો જેવા સામાન્ય રોગો સહિત પ્રાથમિક ઈજાઓમાં સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત પેશાબ, લોહી, બ્લડ સુગર, મેલેરિયા જેવી લેબોરેટરી તપાસ તેમજ શ્રમિક પરિવારની મહિલાઓ અને બાળકોની પ્રાથમિક સારવાર સહિત સગર્ભા મહિલાઓની સગર્ભાવસ્થા દરમિયાન જરૂરી તપાસ અને નિદાન સ્થળ પર જ કરી નિઃશુલ્ક દવાઓ આપવામાં આવશે. વધુમાં, શ્રમિકો સરકારની શિક્ષણ સહાય, પ્રસૂતિ સહાય, આકસ્મિક મૃત્યુ સહાય, શ્રમિક અન્નપૂર્ણા યોજના અને ગો-ગ્રીન યોજના જેવી વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી અને માર્ગદર્શન મેળવી શકે તે માટે હેલ્પલાઈન નં.૧૫૫૩૭૨ પણ કાર્યરત છે, જેનો લાભ લેવા જિલ્લા આરોગ્ય શાખા દ્વારા શ્રમિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# સુરત આરટીઓ દ્વારા ટ્રાન્સપોર્ટ સિરીઝમાં પસંદગીના નંબરો મળશે

## તા.૨૩ થી ૨૫ માર્ચ સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે

સુરત, તા.૧૯

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા ટ્રાન્સપોર્ટ સિરીઝના HGVના ગોલ્ડન અને સિલ્વર નંબરની સિરીઝ GJ-05-DUનું ઓનલાઈન ઓક્શન શરૂ કરવામાં આવશે. જે માટે રજિસ્ટ્રેશન તા.૨૩ થી ૨૫ માર્ચ સુધી અને હરાજી તા.૨૫ થી ૨૭ માર્ચ દરમિયાન કરવામાં આવશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http:/parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઈ.ડી. અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહી મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો અરજી તારીખથી ગણતાં ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવાશે. અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણાં જમા કરાવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ (Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરાશે. અરજદારે RBI દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટ બેન્કિંગ, ક્રેડિટ-ડેબિટ કાર્ડથી ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં SBI E-PAY દ્વારા પરત કરવામાં આવશે એમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી,-પાલ,સુરતની યાદીમાં જણાવાયું છે.

# સ્કેટ કોલેજમાં ૨૪ કલાકની હેકાથોનનું સફળ આયોજન

## બે તબક્કામાં યોજાયેલી હેકાથોનમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સુરત, તા.૧૯

સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (SCET), સાર્વજનિક યુનિવર્સિટી, સુરત દ્વારા વિદ્યાર્થીઓમાં નવીનતા, ટેક્નોલોજી અને સમસ્યા ઉકેલવાની ક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે ૨૪ કલાકીય હેકાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ હેકાથોન બે તબક્કામાં યોજાઈ હતી. પ્રથમ તબક્કામાં આઈડિયા પ્રેઝન્ટેશન રાઉન્ડ યોજાયો હતો, જેમાં કુલ ૧૨૦ ટીમો અને ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તબક્કામાં વિદ્યાર્થીઓએ વર્ચ્યુઅલ માધ્યમથી પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા હતા અને પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ્સના ઉકેલ માટેના તેમના વિશિષ્ટ અભિગમ (approach) અને ટેકનિકલ શક્યતાઓ વિશે સમજૂતી આપી હતી. હેકાથોન માટે કુલ ૮ પડકારજનક વિષયો આપવામાં આવ્યા હતા, જેમાં સ્વચ્છ કેમ્પસ ૩૬૦, સ્માર્ટ કેમ્પસ પાર્કિંગ સિસ્ટમ, વર્ચ્યુઅલ કેમ્પસ એક્સપ્લોર, સ્માર્ટ એટેન્ડન્સ ટ્રેકિંગ, સસ્ટેનેબલ રિસોર્સ મેનેજમેન્ટ, પોર્ટેબલ પાવર મીટર, ઓટોમેટિક ક્લાસરૂમ પાવર મેનેજમેન્ટ અને વર્ટિકલ ટુ-વ્હીલર પાર્કિંગ સિસ્ટમ જેવા આધુનિક વિષયોનો સમાવેશ થતો હતો.

આ ઓનલાઈન આઈડિયા પ્રેઝન્ટેશન બાદ જજિંગ પ્રક્રિયા દ્વારા કુલ ૧૨૦ ટીમોમાંથી ૩૫ ટીમોને પસંદ કરવામાં આવી હતી. પસંદ થયેલી ટીમો માટે ઓફલાઈન ૨૪ કલાકીય હેકાથોન ૬ અને ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ SCET, સાર્વજનિક યુનિવર્સિટી કેમ્પસ, સુરત ખાતે યોજાઈ હતી. આયોજકો દ્વારા તમામ સહભાગી ટીમો માટે ભોજન, રહેવા તેમજ પ્રોટોટાઈપ નિર્માણ માટે જરૂરી તમામ સાધન-સામગ્રીની ઉત્તમ સુવિધા પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ટીમોને કેશ પ્રાઈઝ, પ્રમાણપત્રો (Certificates) તેમજ નિષ્ણાતો તરફથી મેન્ટરશિપ આપવામાં આવી હતી, જ્યારે બધા ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો (Certificates) આપવામાં આવ્યા હતા. આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓને વાસ્તવિક સમસ્યાઓના ટેક્નોલોજી આધારિત ઉકેલો શોધવા પ્રેરણા પૂરી પાડે છે અને તેમની સર્જનાત્મકતા તથા ટીમવર્કની ભાવનાને મજબૂત બનાવે છે.

# એક કોરોડની છેતરપિંડીના ગુનામાં પોલીસની બેદરકારીથી આરોપી જામીન મુક્ત કરાયો

## પોલીસ સમયસર ચાર્જશીટ કરવામાં નિષ્ફળ જતા આરોપીને લાભ મળ્યો

સુરત, તા.૧૯

કતારગામ પોલીસે સમયસર ચાર્જશીટ રજૂ નહી કરતા કોર્ટે આરોપીને જામીન પર મુક્ત કર્યો. કોર્ટમાં સમયસર ચાર્જશીટ ફાઈલ કરવામાં કતારગામ પોલીસ નિષ્ફળ જતાં અત્રેની અદાલતે એક કરોડ ની છેતરપિંડી જેવા ગંભીર ગુનાના આરોપીને જામીન ઉપર મુકત કરતો હુકમ કર્યો હતો. બનાવની હકીકત મુજબ આરોપી અજયકુમાર રામુભાઈ ગામીત નાઓએ ફરીયાદી નામે ગુણવંતભાઈ દામજીભાઈ સાંકડાસારીય નાઓની ઓફિસ કતારગામ લક્ષ્મી એન્કલવ-૨ ખાતે દુકાન. નં. ૫૩૧,૫૩૨,૫૩૩ ખાતેથી તારીખ.૨૪/૦૨/૨૦૨૩ થી તા.૧૩/૦૬/૨૦૨૩ સુધીમા શ્રી રૂદ્રાક્ષ પોલી ફેબમાથી અલગ અલગ પ્રકારનો યાર્નનો માલ કુલ્લે રૂ. ૧,૩૮,૯૪,૨૨૯/- નો ખરીદ કરેલ હતો જેની સામે રૂ.૫૬,૮૪,૫૬૮/- ની ચુકવણી કરી દીધેલ હતી અને રૂ.૮૨,૦૯,૬૬૧/- ની ચુકવણી બાકી હોય અને આરોપી અજયકુમાર ગામીતનાઓએ ફરિયાદીની બીજી ફર્મ શ્રી રૂદ્રાક્ષ પોલીયાર્ન ન્ન માથી પણ યાર્નનો માલ કુલ્લે રૂ.૬૪,૯૮,૬૬૫/- નો માલ ખરીદ કરેલ હતો જેની સામે રૂ.૪૬,૩૪,૨૪૦/- ની ચુકવણી કરી દીધેલ હતી અને રૂ. ૧૮,૬૪,૪૨૫/- ની ચુકવણી બાકી હોય અને બંને ફર્મનું બાકી રહેલ પેમેન્ટ રૂ.૧,૦૧,૦૪,૦૮૬/- ચુકવણી નહી કરી ફરિયાદી સાથે છેતરપિંડી ઠગાઈ કરેલ.જે બાબતે કતારગામ પોલીસમાં ગુ.ર.નંબર ૧૧૨૧૦૦૨૧૨૫૦૦૫૦/૨૦૨૫ થી ઈ.પી.કો. કલમ-૪૨૦,૫૦૬(૨), ૫૦૪,૧૧૪ મુજબની ફરિયાદ આપી હતી.

તેમની ફરિયાદને આધારે પોલીસે અજયકુમાર રામુભાઈ ગામીત નામના યુવાનની તા ૦૯/૦૧/૨૦૨૬ ના રોજ ધરપકડ કરી હતી. જે ગુનાના કામે પોલીસે સજાની જોગવાય ધ્યાને લઈને દિન ૬૦ માં ચાર્જશીટ રજૂ કરવાની હતી પણ આરોપી અજયકુમાર રામુભાઈ ગામીત વિરુદ્ધ છેતરપિંડીનો ગંભીર ગુનો હોવા છતાં પોલીસે તપાસ પૂર્ણ કરવામાં વિલંબ કર્યો હતો અને કોર્ટમાં નિયમ મુજબ ધરપકડ થયાના તારીખથી ૬૦ દિવસમાં આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કર્યું ન હતું અને પોલીસની બેદરકારીના કારણે આરોપી અજયકુમાર રામુભાઈ ગામીત એ એડવોકેટ કિશન પારેખ મારફતે કોર્ટમાં ડિફોલ્ટ બેઈલ એપ્લિકેશન ફાઈલ કરી હતી ત્યાર બાદ ત ક અમલદારને બોલાવીને પૂછતાં તેઓ પોતે અન્ય ગંભીર ગુનાની તપાસમાં રોકાયેલ હોય જેથી હાલના ગુનાનું ચાર્જશીટ કરી શકેલ નથી તેવુ કોર્ટ સમક્ષ જણાવેલ જેથી નામદાર કોર્ટ ધ્વારા આવા ગંભીર ગુનાના પોલીસની બેદરકારી છે તેવું ધ્યાને લીધેલ અને પોલીસ ધ્વારા કાયદાની જોગવાઈ અનુસાર ૬૦ દિવસમાં તપાસ પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ થવી જોઈએ. પોલીસ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં ભૂલ કરેલ છે તે નોંધીને આરોપી અજયકુમાર રામુભાઈ ગામીત ને શરતી જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

# સુરત આરટીઓ દ્વારા બાઈકનાં પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોનું ઓક્શન થશે

## તા.૨૩ થી ૨૫મી માર્ચ સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે

સુરત, તા.૧૯

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા મોટર સાયકલના GJ-05 UM સિરીઝના પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોનું ઓનલાઈન ઓક્શન શરૂ કરવામાં આવશે. જે માટે રજિસ્ટ્રેશન તા.૨૩ થી ૨૫ માર્ચ સુધી અને હરાજી તા.૨૫ થી ૨૭ માર્ચ દરમિયાન કરવામાં આવશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http:/parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઈ.ડી. અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહી મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો અરજી તારીખથી ગણતાં ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવાશે.

અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણાં જમા કરાવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ (Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરાશે. અરજદારે RBI દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટ બેન્કિંગ, ક્રેડિટ-ડેબિટ કાર્ડથી ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં SBI E-PAY દ્વારા પરત કરવામાં આવશે એમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી-પાલ, સુરતની યાદીમાં જણાવાયું છે.

### અયોધ્યા રામ મંદિરમાં

પહેલા પાનાનું ચાલુ

કોઈપણ આમંત્રિત વ્યક્તિને પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. શીખોને ફક્ત કાયદેસર રીતે માન્ય નાની કટાર લઈ જવાની મંજૂરી આપવામાં આવશે, અન્ય તમામ શસ્ત્રો પર પ્રતિબંધ રહેશે.રાષ્ટ્રપતિએ રામ મંદિરમાં શ્રી રામ યંત્ર સ્થાપિત કર્યું. તેમણે રામ દરબારમાં આરતી કરી. રામ મંદિરના નિર્માણ પ્રભારી ગોપાલે તેમને રામ દરબારમાં સ્થાપિત મૂર્તિઓ વિશે માહિતી આપી.રાષ્ટ્રપતિ રામ મંદિર પહોંચ્યા છે. તેમણે રામ મંદિર સંકુલની મુલાકાત લીધી. ત્યારબાદ તેમણે સંકુલની અંદર સ્થિત દુર્ગા માતા મંદિરમાં પ્રાર્થના કરી.

### યુદ્ધ વધુ ઘાતક બનતા

પહેલા પાનાનું ચાલુ

રીપોર્ટથી પણ ગભરાટ હતો. શેરબજારમાં આવતા દિવસોમાં યુધ્ધનો જ પ્રભાવ રહેવાની અને તેના આધારે ટ્રેન્ડ નક્કી થવાની સંભાવના છે.

શેરબજારમાં આજે મોટા ભાગના શેરો ગગડ્યા હતા. મંદી માર્કેટમાં પણ ઓએનજીસી, એમસીએક્સ, વેંદાતા જેવા શેરો મજબૂત હતા. જયારે હિન્દ પેટ્રોલીયમ, એચડીએફસી બેંક, પેટ્રોનેટ, એક્સીસ બેંક, રીલાયન્સ, વોડાફોન, યસ બેંક, એસબીઆઈ કાર્ડ, આઈડીબીઆઈ બેંક, ટાટા કેપીટલ, પતંજલી જેવા શેરોમાં કડાકા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સેક્સ ૧૭૩૩ પોઈન્ટના કડાકાથી ૭૪૯૭૦ સાંપડ્યો હતો જે ઉંચામાં ૭૫૩૫૪ તથા નીચામાં ૭૪૬૮૫ થયો હતો. નીફટી ૫૧૯ પોઈન્ટના ઘટાડાથી ૨૩૨૫૮ હતો. જે ઉંચામાં ૨૩૩૭૮ તથા નીચામાં ૨૩૧૮૦ હતો. બીજી તરફ ઈરાન યુધ્ધ સતત વકરતું હોવાના નિર્દેશો વચ્ચે ક્રુડતેલમાં પણ આગ લાગી હતી. ડબલ્યુપીઆઈ ક્રુડ ૯૬.૮૨ ડોલર તથા બેન્ટ ક્રુડ ૧૧૧.૭૧ ડોલર સાંપડ્યું હતું.

### ઈરાનમાં પોલીસની

પહેલા પાનાનું ચાલુ

બાદ લેવામાં આવ્યો છે. ઈરાને આ હુમલો તેના સૌથી મોટા પાર્સ ગેસ પ્લાન્ટ પર ઈઝરાયેલના હુમલા બાદ કર્યો હતો.

અમેરિકા-ઈઝરાયેલે બુધવારે દક્ષિણ ઈરાનમાં સાઉથ પાર્સ ગેસ ફીલ્ડ અને અસાલુયેહ શહેરની ઓઈલ-ગેસ સુવિધાઓ પર એરસ્ટ્રાઈક કરી. સાઉથ પાર્સ દુનિયાની સૌથી મોટી કુદરતી ગેસ ફીલ્ડ માનવામાં આવે છે. રિપોર્ટ્સ અનુસાર, આ હુમલામાં ગેસની સાથે સાથે પેટ્રોકેમિકલ અને તેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈઝરાયેલી મીડિયાએ પણ બુશેહર વિસ્તારમાં ગેસ ફેસિલિટી પર હુમલાની જાણકારી આપી છે. ઈરાનમાં જાન્યુઆરીમાં થયેલા સરકાર વિરોધી પ્રદર્શનો દરમિયાન પોલીસકર્મીઓની હત્યાના મામલે ૩ લોકોને આપવામાં આપવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, આ લોકોને બે પોલીસ અધિકારીઓની હત્યાના દોષી ઠેરવવામાં આવ્યા હતા. અલ જઝીરાએ આ માહિતી ઈરાની મીડિયાના હવાલેથી આપી છે. ઈરાનમાં આ વર્ષની શરૂઆતમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા, જેમાં હિંસા પણ થઈ હતી. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ પ્રદર્શનો દરમિયાન અંદાજે ૩,૧૧૭ લોકોના મોત થયા હતા. બીજી તરફ, હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સી (HRANA) નું કહેવું છે કે અસલી આંકડો તેનાથી ઘણો વધારે હોઈ શકે છે. તેમના મતે, અત્યાર સુધી ૬,૮૫૪ મોતોની પુષ્ટિ થઈ ચૂકી છે અને ૧૧,૨૮૦ થી વધુ કેસોની તપાસ હજુ પણ ચાલી રહી છે. લેબનનમાં છેલ્લા બે દિવસમાં ઈઝરાયલના હુમલાઓમાં ૪૫ લોકોના મોત થયા છે. આ જાણકારી ત્યાંના સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવી છે. રાજધાની બૈરુતમાં સૌથી વધુ નુકસાન થયું છે. અહી ૧૧ લોકોના મોત થયા છે અને ૪૫ લોકો ઘાયલ થયા છે, જેમાં ૧૪ બાળકો પણ સામેલ છે. આ ઉપરાંત દેશના અલગ-અલગ વિસ્તારોમાં પણ હુમલાઓ થયા હતા, જ્યાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે.

### ચેમ્બરની આર્ટ

પેજ-૨ પાનાનું ચાલુ

તેમની વિવિધ પ્રકારની કલાકૃતિઓ પ્રદર્શિત કરશે. ચિત્રકલા, સર્જનાત્મક અભિવ્યક્તિ અને કલાના વિવિધ પ્રકારો સાથે જોડાયેલી આ કૃતિઓ કલા રસિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. મુલાકાતીઓને અલગ–અલગ શૈલી અને વિષયવસ્તુ ધરાવતા આર્ટ વર્કર્સને નજીકથી નિહાળવાની તેમજ કલાકારોની સર્જનાત્મકતાને સમજવાની ઉત્તમ તક મળશે.

### વેડરોડ ગુરુકુળ

પેજ-૨ પાનાનું ચાલુ

બનાવવો. ઠરી ગયા પછી તેમાં મરી તથા યોગ્ય પ્રમાણમાં સિંધવ મીઠું નાંખવું. ગોળ પણ થોડાક નાંખી શકાય. ઘાટુ પાતળું જે પ્રમાણે પોતાને અનુકુળ આવે તેવું રાખીને પાન કરવું.; આજે ચૈત્ર મહિનાનો પ્રથમ દિવસ ગુડી પડવાને નામે ઓળખાય છે. ગુજરાત સિવાય મોટે ભાગે હિન્દુઓમાં આજથી નવા વર્ષની શરૂઆત ગણાય છે. વડિલો નીરોગી રહેવાના આશીર્વાદ આપે છે.; આજે ગુરુકુલના મહંત સ્વામી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામી તથા શ્રી પ્રભુ સ્વામી; શ્વેતવૈકુઠ સ્વામી વગેરે સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ નીલકંઠ પ્રભુને વહેલી સવારે કડવા લીમડાના રસથી અભિષેક કરી ગુડી પડવાનુ સ્વાગત કર્યું હતું . કડવા લીમડાના રસના પાન કરવાથી સુખાકારી મળે છે. સૌનું સ્વાસ્થ્ય સારું રહે એવી ભગવાનના ચરણોમાં સંતોએ પ્રાર્થના કરી હતી.; શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વેડરોડ સુરતમાં; આજે સંતોએ હરિભક્તો તથા વિદ્યાર્થીઓને કડવા રસનું પાન કરાવ્યું હતું. સૌએ તેનું હસતાં મુખે પાન કર્યું હતું.

### સુરત પટની

પેજ-૨ પાનાનું ચાલુ

શહેરના હિન્દુ મુસ્લિમ અગ્રણી ઓ અને શાંતી સમિતિ ના સભ્યો ખુબ મોટી સંખ્યામાં હાજર રહી કોમી એકતા નુ મહા ઉદાહરણ પુરુ પાડ્યું હતુ સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન શ્રી કમલેશ પારેખ એ કર્યું હતુ

### સ્વસ્થ બાળપણ

પેજ-૨ પાનાનું ચાલુ

આહારની આદતો વિષે જણાવ્યું હતું કે, સંતુલિત અને પૌષ્ટિક આહાર બાળકોના શારીરિક વિકાસ અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માતા–પિતાએ બાળકોના રોજિંદા આહારમાં ફળ, શાકભાજી, દૂધ તથા પ્રોટીનયુક્ત ખાદ્યપદાર્થોને સામેલ કરવા પર ખાસ ધ્યાન આપવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં બાળકોમાં જંક ફૂડ અને પેકેજડ ફૂડનો વધતો ઉપયોગ આરોગ્ય માટે નુકસાનકારક બની રહ્યો છે. માતા–પિતાએ બાળકોમાં બાળપણથી જ સ્વસ્થ આહારની આદતો વિકસાવવી જોઈએ, જેથી તેઓ ભવિષ્યમાં પણ તંદુરસ્ત અને સક્રિય જીવન જીવવા માટે સક્ષમ બની શકે. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને નાગરિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાણીએ કાર્યક્રમનું સંચાલન કરી ઉપસ્થિત તમામ મહેમાનો, વક્તાઓ તથા ભાગ લેનારાઓનો આભાર માન્યો હતો.

### અંકલેશ્વર ખાતેના

પેજ-૨ પાનાનું ચાલુ

જ પોતાના નેજા હેઠળની એજન્સીઓ દ્વારા અવરોધો ઉભા કરતી હોય, તો ઉદ્યોગો કેવી રીતે ટકી શકશે? આ 'આત્મનિર્ભરતા' પર પ્રહાર સમાન છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ ગંભીર બાબતે સફાળી જાગીને મંજૂરીની પ્રક્રિયા વેગવંતી બનાવે છે કે પછી ઉદ્યોગપતિઓને રસ્તા પર ઉતરીને આંદોલન કરવા માટે મજબૂર કરે છે. 'સારું દેખાવું' અને 'સારું બનવું' વચ્ચેની પાતળી ભેદરેખા જો સરકાર નહીં સમજે તો આગામી દિવસોમાં મોટા ઉદ્યોગગૃહોનો રોષ ફાટી નીકળશે તે નક્કી છે.

### એસેન્ટ સ્કૂલમાં

પેજ-૨ પાનાનું ચાલુ

વહિદા શેખ, કવિતા કાલગુડું, ખાસ ઉપસ્થિત રહ્યા આ પ્રસંગે શાળાની મેગેઝિન BEACON નું વિમોચન શાળા ટ્રસ્ટ પ્રમુખ વિનેશચંદ્ર કાગળવાળા અને ઉપસ્થિત મહેમાનો ના હસ્તે કરવામાં આવ્યું. ઉપસ્થિત મહેમાનો ના હસ્તે વિદ્યાર્થીઓને મેડલ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા. શાળાના આચાર્ય વિશાલ શાહ દ્વારા મેગેઝિન ના વિશે માહિતી આપવામાં આવી. કો ઓડિનેટર મહેશ પટેલ અને શાળા પરિવાર દ્વારા આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ખૂબ જહેમત ઉઠાવી. અંતમાં સૌ ને અભિનંદન પાઠવવામા આવ્યા હતા.

છેલ્લા પાનાનું ચાલુ

### સુરતના યાત્રીઓને

૨,૨૫,૦૦૦ ખર્ચ જણાવ્યો હતો. આરોપીઓની વાતોમાં આવી ફરીયાદીએ તબક્કાવાર તેમના ખાતામાં કુલ રૂ. ૨,૨૫,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. જોકે, યાત્રા દરમિયાન આરોપીઓ ફરીયાદીને ચીન બોર્ડર સુધી લઈ ગયા બાદ અચાનક વિઝા કેન્સલ થઈ ગયાનું કારણ બતાવી યાત્રા અધૂરી રાખી હતી. આ અંગે કોઈ સ્પષ્ટ કારણ આપવામાં આવ્યું નહોતું. ત્યારબાદ ફરીયાદીને ૧૫ દિવસમાં તમામ રકમ પરત આપવાની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ, સમય મર્યાદા પૂર્ણ થયા બાદ પણ ફરીયાદીને પૈસા પરત મળ્યા નહોતાં. વારંવાર સંપર્ક કરવા છતાં આરોપીઓ ઉડાવ જવાબ આપતા રહ્યા અને અંતે સંપર્ક તોડી દીધો હતો. જેના કારણે ફરીયાદીએ પોલીસમાં અરજી આપી છે. આ બનાવ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪થી શરૂ થઈ હાલ સુધી ચાલતો રહ્યો હોવાનું જાણવા મળે છે. પોલીસ દ્વારા ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોટર કાર માટે પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોનું રિઓક્શન

સુરત, તા.૧૯

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા ન્સ્ફ મોટર કારની GJ-05-RU, GJ-05-RV, GJ-05-RW, GJ-05-RX, GJ-05-RY, GJ-05-RZ, GJ-05-JT, GJ-05-JU, GJ-05-JV, GJ-05-JW અને ય્ત-૦૫-ત્નઠ સિરીઝના પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોનું ઓનલાઈન રિ-ઓક્શન શરૂ કરવામાં આવશે. આ માટે રજિસ્ટ્રેશન તા.૨૩ થી ૨૫ માર્ચ સુધીમાં થશે. જ્યારે હરાજી તા.૨૫ થી ૨૭ માર્ચ દરમિયાન કરવામાં આવશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http:/parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઈ.ડી. અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહી મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો અરજી તારીખથી ગણતાં ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવાશે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૧૯ માર્ચ ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કાપોદ્રાના કારખાનામાં પ્રચંડ ધડાકામાં બેના મોત, ૧૧ ઘાયલ

## ભરતનગરમાં એમ્બ્રોઈડરીના કારખાનામાં વહેલી સવારે એક પછી એક ગેસના સિલિન્ડર ફાટતા સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠ્યો






**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

કાપોદ્રા મારૂતી ચોકની નજીક ભરતનગરમાં આવેલા ગ્રાઉન્ડ પ્સ ત્રણ માળના એમ્બ્રોઈડરીના કારખાનામાં આજે વહેલી સવારે સાડા પાંચ વાગ્યે અચાનક પ્રચંડ ધડાકો થયો હતો. ગેસના બે સીલીન્ડરમાં થયેલા બ્લાસ્ટને પગલે ૧૧ લોકોને નાની મોટી ઈજા પહોંચી હતી. ગેસ સીલીન્ડરમાં એક બાદ એક ધડાકા થતા ૨ યુવાનોના કરૂણ મોત નિપજયાં હતા. ફાયર બ્રિગેડની ઘટનાની જાણ થતા કાપોદ્રા, સરથાણા, અશ્વિનીકુમાર, ડુંભાલ અને માનદરવાજા ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. આ બનાવમાં દાઝેલા તેમજ નાની મોટી ઈજા પામેલા ૧૧ જણાને સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હોવાનું વધુમાં જાણવા મળ્યું છે. આ મામલે વરાછા પોલીસ દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

સુરત ફાયર કંટ્રોલ પાસેથી મળતી વિગત અનુસાર આજે વહેલી સવારે સાડા પાંચ વાગ્યે કાપોદ્રા રચના સર્કલથી આગળ મારૂતી ચોકની બાજુમાં આવેલા ભરતનગર શેરી નં.૨, પ્લોટ નં.૪૬-૪૭ ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના ખાતામાં જ્યાં એમ્બ્રોઈડરી સહિતનું કામકાજ થાય છે ત્યાં અચાનક બે ગેસ સીલીન્ડરમાં બ્લાસ્ટ થતા આગ લાગી ગઈ હતી. આ બનાવમાં હનારામ ઉ.વ.૨૫ અને ઈબારામ ઉ.વ.૩૬નું મોત થયું છે. જ્યારે ૧૧ જણાને નાની મોટી ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને ફાયર બ્રિગેડના સ્ટાફે રેસ્ક્યુ કરી તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા.

### કારખાનામાં પડેલા ૭ પૈકીના ૨ ગેસ સિલિન્ડરો ફાટ્યા

'પ્રતાપ દર્પણ' દૈનિક સાથેની વાતચીતમાં ડિવીઝનલ ફાયર ઓફીસર રણજીત ગઢીયાએ જણાવ્યું હતુ કે વહેલી સવારે ઘટનાનો કોલ ફાયર કંટ્રોલને મળતા ફાયર ઓફીસર દિનેશ પટેલ, સબ ઓફીસર કિરણ પટેલ સહિત ફાયરનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. ઈજાગ્રસ્તોને રેસ્ક્યુ કરી તાત્કાલિક સારવાર માટે ખસેડાયા હતા. વધુમાં આ બનાવ કઈ રીતે બન્યો આગ કઈ રીતે લાગી તે તપાસનો વિષય છે. વરાછા પોલીસ દ્વારા આ અંગે તપાસ કરવામાં આવી રહી છે. વધુમાં ફાયર કંટ્રોલના જણાવ્યા અનુસાર જે સ્થળે બ્લાસ્ટ થયો ત્યાં કુલ ૭ ગેસ સીલીન્ડર હતા જે પૈકી ૨માં બ્લાસ્ટ થયો હતો.

# સુરતના યાત્રીઓને માન સરોવરની યાત્રાના બહાને કરાયેલી છેતરપિંડી

## સુરતના શ્રદ્ધાળુઓને ચીનની બોર્ડર સુધી લઈ જવાયા અને વિઝા કેન્સલ થઈ ગયા હોવાનું ટ્રાવેલ્સે બહાનું કાઢ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત શહેરમાં કૈલાસ માનસરોવર યાત્રાના નામે મોટી છેતરપિંડીનો બનાવ સામે આવતા ચકચાર મચી છે. સુરતના ઉધના વિસ્તારમાં રહેતા આશિષ સન્મુખલાલ સાદકવાલા (ઉંમર ૪૨) દ્વારા નોંધાવાયેલી ફરિયાદ મુજબ ટ્રાવેલ્સ સંચાલકોએ વિશ્વાસમાં લઈ લાખો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ છે.

ફરીયાદ મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન તેઓ પોતાના મિત્રો સાથે કૈલાસ માનસરોવર યાત્રા પર જવાનું આયોજન કરી રહ્યા હતા. આ દરમિયાન તેમના એક મિત્ર મારફતે "નેચર ટુર"ના માલિક સમીર દેશમુખ સાથે સંપર્ક કરાવવામાં આવ્યો હતો. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે ટોકન તરીકે રૂપિયા ૨૫,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. બાદમાં સમીર દેશમુખ અને ટૂર ઓપરેટર અશ્વિન નેગી સુરતમાં આવી ફરીયાદીને મળ્યા હતા અને યાત્રા તેમજ વિઝા પ્રક્રિયાની સંપૂર્ણ જવાબદારી પોતાની હોવાનું જણાવી પ્રતિ વ્યક્તિ રૂ.

**અનુસંધાન પાના ૭ પર**

### સુરત સહિત દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટા સાથે ઠંડક

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં હવામાનમાં અચાનક ફેરફાર નોંધાયો છે. સુરત, શહેરમાં આજે વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું, જેના કારણે ઉકળાટભરી ગરમીમાં ઘટાડો અનુભવાયો છે. છેલ્લા કેટલાક દિવસોથી વધતી ગરમી વચ્ચે આ બદલાવ લોકોને રાહત આપનાર સાબિત થયો છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ હવામાં ભેજનું પ્રમાણ આશરે ૮૨ ટકા નોંધાયું છે, જેના કારણે વાતાવરણ ભીનું અને થોડું ઠંડકભર્યું બની ગયું છે. આજે શહેરનું ન્યૂનતમ તાપમાન ૨૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતાં થોડું ઓછું ગણાય છે. દિવસ દરમિયાન પણ તાપમાનમાં મોટા વધારાની શક્યતા ઓછી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ આવું જ વાતાવરણ જોવા મળી રહ્યું છે, જ્યાં આકાશમાં વાદળો છવાયા છે અને ગરમીમાં રાહત અનુભવાઈ રહી છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ આવું જ બદલાયેલું હવામાન યથાવત રહેવાની શક્યતા છે. આ બદલાયેલા વાતાવરણને કારણે લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે, ખાસ કરીને બપોરના સમયે બહાર નીકળતા લોકોને હવે ગરમીથી થોડી રાહત મળી રહી છે. જોકે, ભેજનું પ્રમાણ વધુ હોવાથી ઉકળાટનો અનુભવ હજી પણ યથાવત રહી શકે છે.

# વરાછાની દુકાન પડાવી લેવા બોગસ દસ્તાવેજોનો ઉપયોગ

## મિલકત પચાવી પાડવાના ષડયંત્રમાં વકીલ નોટરી રાજેશ ભુવાની પણ સંડોવણી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

સુરત શહેરના વરાછા વિસ્તારમાં મિલકત મામલે મોટી ઠગાઈનો કેસ પ્રકાશમાં આવ્યો છે. સુરતના તાપીબાગ સોસાયટીમાં રહેતા ૪૩ વર્ષીય વેપારી રમેશભાઈ શાંતિલાલ જૈન દ્વારા નોંધાવાયેલી ફરીયાદ મુજબ, આરોપીઓએ પૂર્વ આયોજન કરીને બોગસ દસ્તાવેજો તૈયાર કરી મિલકત કબજે કરવાની કોશિશ કરી હતી. ફરીયાદ અનુસાર, આરોપી વિમલકુમાર જયસુખભાઈ ગજેરા અને જલ્પેશકુમાર ઝીણાભાઈ ભુવાએ મળીને ફરીયાદીના પિતાની માલિકીની વરાછા સ્થિત પવન એપાર્ટમેન્ટની દુકાન નંબર ૭ પોતાના નામે કરવા માટે કાવતરું રચ્યું હતું. આ સમગ્ર પ્રક્રિયામાં વકીલ-નોટરી તરીકે કામ કરતા રાજેશભાઈ કચરાભાઈ ભુવાનો પણ સંડોવણીનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આરોપ છે કે આરોપીઓએ તા. ૨૧ માર્ચ ૨૦૦૬ના રોજના રૂ. ૫૦ના સ્ટેમ્પ પેપર પર બોગસ વેચાણ કરાર તૈયાર કર્યો હતો, જેમાં ફરીયાદી અને તેના પિતાની નકલી સહી કરવામાં આવી હતી. ઉપરાંત, દુકાન ક્યારેય ભાડે ન આપ્યા હોવા છતાં, પ્રકાશભાઈ પરમારના નામે ખોટી રીતે દુકાન ખાલી કર્યાની કબ્જા રસીદ પણ બનાવવામાં આવી હતી. આ બન્ને બનાવટી દસ્તાવેજોને સાચા તરીકે દર્શાવી સુરત મહાનગર પાલિકાની કચેરીમાં ઉપયોગ કરાયો હોવાનો પણ ફરીયાદમાં ઉલ્લેખ છે. આ સમગ્ર ઘટના જાન્યુઆરી ૨૦૨૬થી ચાલુ રહી ૧૮ માર્ચ ૨૦૨૬ના રોજ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ દ્વારા મામલાની ગંભીરતા ધ્યાનમાં રાખીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને અન્ય સંડોવાયેલા લોકો સામે પણ કાર્યવાહી થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# માતા સાથે દુર્વ્યવહાર કરનાર પુત્રને તાકીદે ઘર ખાલી કરવા કોર્ટનો આદેશ

## વરિષ્ઠ નાગરિક અને મા-બાપના હકકો અંગે મહત્વનો ચુકાદો આપતી સુરતની કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૯**

વરિષ્ઠ નાગરિક અને મા-બાપના હકક્ક અને અધિકારની રક્ષા માટે એક મહત્વનો ચુકાદો સુરતની મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ઘ્વારા આપવામાં આવ્યો છે. એક વિધવા મા ના પક્ષમાં ઐતિહાસિક ચુકાદો આવેલ છે અને મા સાથે દુર્વ્યવ્હાર કરનાર પુત્રને તાકીદે ઘર ખાલી કરવાનો આદેશ આપવામાં આવેલ છે.

આ કેસની વિગત અનુસાર શહેરના એક વૃધ્ધ વિધવા માતાએ રાંદેર રોડ ઉપર આવેલ સોસાયટીમાં તેણીના માતા પિતા તથા ભાઈઓએ આપેલી આર્થિક સહાયથી એક મકાન ખરીદ

વેચાણ દસ્તાવેજ ફરીયાદણ બાઈના લાભમાં થયેલો અને સદર મકાન તેણીના નામે ચાલી આવેલ છે. આ મકાનમાં ભોંયતળીયે આવેલ ૪ રૂમો પૈકી ૨ રૂમમાં ફરીયાદણ બાઈ રહેતી હતી અને બાકીના ૨ રૂમ તેણીએ તેણીના પુત્રને મહેરબાની રાહે વાપરવા આપેલ પરંતુ ત્યારબાદ પુત્ર તથા તેના કુટુંબના શખ્સોએ વિધવા બાઈ સાથે દુર્વ્યવ્હાર કરવાનું શરૂ કરેલ અને મા ને બીભત્સ ગાળો આપી તેણીની ઉપર શારીરિક હુમલો કરી ઈજા પહોંચાડેલ જેથી વિધવા બાઈએ તેણીની દિકરીને ત્યાં રહેવા જવું પડયું. વિધવા બાઈએ પુત્રને ૨ રૂમ ખાલી કરવા નોટીસ આપેલી

પરંતુ પુત્રએ કબજો સોંપવા ઈન્કાર કર્યો અને વિધવા બાઈએ ૨૦૦૭ ના પ્રબંધ હેઠળ કબજો મેળવવા માટે અરજી કરેલી. મહેરબાન મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી સુરતનાઓએ તાત્કાલિક કબજો સુપ્રત કરવા અને માલ સામાન સાથે મકાન ખાલી કરવાનો આદેશ પુત્ર વિરૂધ્ધ ફરમાવ્યો હતો. વિધવા બાઈ તરફે સીનીયર એડવોકેટ જતિન જે. ગાંધી અને એડવોકેટ શૈલેષ વી. જાદવાણી હાજર રહી દલીલો કરી હતી.

